RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભક્તિનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 — SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક–૧૧૦, અંકઃ ૧૩૨, વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ (૧૧), શનિવાર તા.૨૫–૦૧–૨૦૨૫, પાના– ૮, કિંમત રૂા.૧–૫૦ પૈસા

### માર્શલ બોલાવવા પડ્યાઃ વિપક્ષના ૧૦ સાંસદ સસ્પેન્ડ

# વકફ સુધારા બિલ પર JPCની બેઠકમાં ભારે હોબાળો

## જેપીસી રિપોર્ટ ૨૭ કે ૨૮ જાન્યુઆરીએ સબમિટ કરવામાં આવી શકે છે, ચર્ચા દરમિયાન વિપક્ષના સાંસદો બેઠક છોડીને ચાલ્યા ગયા

નવી દિલ્હી, તા.૨૪

વકફને લઈને બનાવવામાં આવેલી સંસદની સંયુક્તિ સમિતિ (JPC)ની બેઠક દરમિયાન શુક્રવારે ફરી એકવાર હોબાળો થયો. ચેયરપર્સન જગદંબિકા પાલે હોબાળાને લઈને ૧૦ વિપક્ષી સાંસદોને એક દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા. વિપક્ષી સાંસદ સવાલ ઉઠાવી રહ્યા હતા કે શું આટલી ઉતાવળમાં કમિટીની બેઠક શા માટે બોલાવવામાં આવી રહી છે. આ દરમિયાન વિપક્ષી સાંસદો અને સત્તા પક્ષથી જોડાયેલા સાંસદો વચ્ચે બોલાચાલી પણ થઈ. એટલું જ નહીં જેપીસી અધ્યક્ષ જગદંબિકા પાલે કહ્યું કે, વિપક્ષી સાંસદોએ તેમના વિરૂદ્ધ અસંસદીય શબ્દનો ઉપયોગ કર્યો અને અપશબ્દો પણ કહ્યાં.

જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલે કહ્યું કે, અમે સંસદને બે વખત સ્થગિત કરી. કલ્યાણ બેનર્જીએ મારા વિરૂદ્ધ અસંસદીય શબ્દોનો ઉપયોગ કર્યો અને મને અપશબ્દો કહ્યાં, હું તેમને અપીલ કરતો રહ્યો કે તે લોકોને બોલવા દે, જેમણે અમને આમંત્રિત કર્યા હતા. અમે સદનને વારંવાર સ્થગિત કરી, પરંતુ તેઓ ઈચ્છતા ન હતા કે બેઠક ચાલે. જમ્મુ કાશ્મીરથી એક પ્રતિનિધિમંડળ આવ્યું હતું, પરંતુ તેઓ બૂમો પાડતા રહ્યા અને નારા લગાવતા રહ્યા એટલા માટે અંતે નિશિકાંત દુબેને પ્રસ્તાવ રજૂ કરવો પડ્યો અને તમામે આના પર સહમતિ દર્શાવી.






વકફને લઈને બોલાવવામાં આવેલી સંસદની સંયુક્ત સમિતિની બેઠક દરમિયાન સત્તા પક્ષથી જોડાયેલા સાંસદ અને વિપક્ષી સાંસદોમાં ઉગ્ર બોલાચાલી થઈ. વિપક્ષી સાંસદ સતત જગદંબિકા પાલ પર તૂટી પડ્યા હતા. વિપક્ષી સાંસદોનો આરોપ હતો કે ચેયરપર્સન જગદંબિકા પાલ વિપક્ષી સાંસદોની વાત સાંભળ્યા વગર પોતાની મરજીથી બેઠક બોલાવી રહ્યા છે.

વકફ પર જેપીસીમાં વિપક્ષી દળોના સભ્યોના હોબાળા પાછળનું મુખ્ય કારણ સમિતિના સભ્યોની માંગ હતી કે રિપોર્ટને અપનાવવાની તારીખ બદલીને ૩૧ જાન્યુઆરી કરવામાં આવે. અગાઉ આ અંગે ચર્ચા માટે ૨૪મી અને ૨૫મી જાન્યુઆરીની તારીખ નક્કી કરવામાં આવી હતી. પરંતુ ગુરુવારે મોડી રાત્રે તારીખ બદલીને ૨૭ જાન્યુઆરી કરવામાં આવી હતી. વિપક્ષી સાંસદોની માંગ એવી હતી કે મીટીંગ ૨૭ જાન્યુઆરીના બદલે ૩૧ જાન્યુઆરી સુધી મુલતવી રાખવામાં આવે. આ હોબાળો જોઈને માર્શલ બોલાવવામાં આવ્યું. ત્યારબાદ જેપીસી પ્રમુખ જગદંબિકા પાલ દ્વારા વિપક્ષના અસદુદ્દીન ઓવૈસી અને કલ્યાણ બેનર્જી સહિત ૧૦ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વિપક્ષના સાંસદોનો આક્ષેપ છે કે, અમારી વાત નથી સાંભળવામાં આવતી. જો કે આ પહેલા પણ આ બેઠકમાં વિવાદો થયા છે. વકફ પર જેપીસીની આ બેઠક બે દિવસ સુધી ચાલશે. સૂત્રોના જણાવ્યા અનુસાર જેપીસી રિપોર્ટ ૨૭ કે ૨૮ જાન્યુઆરીએ સબમિટ કરવામાં આવી શકે છે.

ચર્ચા દરમિયાન વિપક્ષના સાંસદો બેઠક છોડીને ચાલ્યા ગયા હતા. જે બાદ અધ્યક્ષ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ્સ્ઝ, ઙ્સ્દ્ધ, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના નેતાઓને ત્નઁઝમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બેઠકમાં હોબાળા બાદ તમામ ૧૦ વિપક્ષી સાંસદોને વકફ સુધારા બિલ ૨૦૨૪ પર સંયુક્ત સંસદીય સમિતિની બેઠકમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સસ્પેન્ડ કરાયેલા વિપક્ષી સાંસદોમાં કલ્યાણ બેનર્જી, મોહમ્મદ જાવેદ, એ રાજા, અસદુદ્દીન ઓવૈસી, નાસિર હુસૈન, મોહિબુલ્લાહ, એમ અબ્દુલ્લા, અરવિંદ સાવંત, નદીમુલ હક, ઈમરાન મસૂદનો સમાવેશ થાય છે.

વકફ સુધારા બિલ ૨૦૨૪ પર સંસદ સંકુલમાં યોજાયેલી જેપીસીની બેઠક પર કલ્યાણ બેનર્જીએ કહ્યું કે, બેઠકમાં અઘોષિત કટોકટી જેવું વાતાવરણ ચાલી રહ્યું છે. અધ્યક્ષ આ બેઠકને આગળ લઈ રહ્યા છે અને તેઓ કોઈનું સાંભળી રહ્યા નથી. અમને કહેવામાં આવ્યું હતું કે ૨૪ અને ૨૫ જાન્યુઆરીએ બેઠક યોજાશે. હવે આજની મીટીંગનો એજન્ડા બદલી નાખવામાં આવ્યો છે.

### રામ, લક્ષ્મણ અને જાનકીની બની છે આકૃતિ

## સંભલમાં પ્રાચીન વાવ બાદ હવે મળ્યા ૪૦૦ સિક્કા

સંભલ, તા.૨૪

ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં આવેલા અમરપતિ ખેડા વિસ્તારમાં ૩૦૦થી ૪૦૦ પ્રાચિન સિક્કા મળી આવ્યા છે. આ સિક્કા પર રામ સિતા અને લક્ષ્મણની આકૃતિ બનેલી છે, જે બ્રિટિશકાળથી પણ જૂની હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત પથ્થરની મુર્તિ અને માટીના વાસણ પણ મળી આવ્યા હતાં. જે જગ્યા પરથી આ વસ્તુઓ મળી આવી છે, તે જગ્યા પૃથ્વીરાજ ચૌહાણના સમયગાળામાં ગુરુ અમરની સમાધિ પાસેનો વિસ્તાર છે. જે ૧૯૨૦થી ASI સુરક્ષા હેઠળ છે. બહાદુર યોદ્ધાઓ અલ્હા અને ઉદાલ ગુરુ અમરના શિષ્યો હતા.

હકીકતમાં સંભલ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઐતિહાસિક તીર્થ સ્થળો શોધવા માટે સતત કોશિશ કરવામાં આવી રહી છે. જેમાં વહીવટીતંત્રે ગુરુ અમરની સમાધિ શોધી કાઢી છે, જેમને પૃથ્વીરાજ ચૌહાણના સમકાલીન માનવામાં આવે છે. સોત નદીના કિનારે આવેલા અલીપુર ખુર્દ ગામના અમરપતિ ખેડામાં સેંકડો વર્ષ જૂના સિક્કા અને માટીના વાસણો મળી આવ્યા છે. અમરપતિ ખેડાને લઈને એવું કહેવામાં આવે છે કે, આ સ્થળે અલ્હા ઉદલના ગુરુ અમર બાબાની સમાધિ છે.જ્યારે ગામલોકોએ સિક્કા અને વાસણો મળવાની વાત કરી,

(અનુ.બીજા પાને)

### લેકેન રિલે બિલ હેઠળ નવા ૧.૧૦ લાખ ડિટેન્શન બેડ ઊભા કરાશે

# USમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ બિલ મંજૂર લાખો ભારતીયોને પાછા ફરવું પડશે

### અમેરિકાના પ્રતિનિધિગૃહમાં બિલને ૨૬૩ વિરુદ્ધ ૧૫૬ મતોથી બહાલી મળી

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકામાં ચોરી અને હિંસક ગુનામાં સંડોવાયેલા અને ગેરકાયદે રહેતા લોકો સામે ટૂંકસમયમાં તવાઈ આવશે. સંસદે આવા લોકોની અટકાયત અને દેશનિકાલ કરવા માટેના એક કઠોર ઈમિગ્રેશન ડિટેન્શન બિલને મંજૂરી આપી છે. બીજી ટર્મમાં પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર થનારો તે પ્રથમ કાયદો બનશે. આ કાયદાને કારણે અમેરિકામાં ગેરકાયદેસરરીતે રહેતા લાખો ભારતીયોને અસર થશે. આ કાયદા હેઠળ ફેડરલ સત્તાવાળાએ સ્ટોરમાંથી ઉઠાંતરી



જેવા સામાન્ય ગુનાનો આરોપ ધરાવતા ઈમિગ્રેન્ટની પણ ધરપકડ કરીને અટકાયતમાં રાખવા પડશે.

આ ઉપરાંત પોલીસ ઓફિસર પર હુમલાના આરોપી કે ઘાયલ કરવા કે હત્યા કરવા જેવા ગુનામાં સંડોવાયેલા લોકોની ધરપકડ થશે અને દેશનિકાલ કરાશે. અમેરિકાના પ્રતિનિધિગૃહમાં આ બિલને ૨૬૩ વિરુદ્ધ ૧૫૬ મતોથી બહાલી મળી હતી. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી ઉપરાંત ૪૬ ડેમોક્રેટિક સાંસદોએ પણ તેને સમર્થન આપ્યું હતું. જ્યોર્જિયાના ૨૨ વર્ષીય નર્સિંગ વિદ્યાર્થી પરથી આ બિલને લેકેન રિલે એક્ટ નામ આપવાનું આવ્યું છે. આ વિદ્યાર્થીની ગયા વર્ષે વેનેઝુએલાના એક વ્યક્તિએ ઘાતકી હત્યા કરી હતી. આ સપ્તાહની શરૂઆતમાં સેનેટે તેને ૬૪-૩૫ મતથી મંજૂરી આપી હતી, જેમાં પણ ૧૨ ડેમોક્રેટે તેની તરફેણમાં મતદાન કર્યું હતું. સંસદના બંને ગૃહોમાં બહુમતી મળ્યા પછી ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ આ બિલને ટોચની પ્રાથમિકતા બનાવી હતી. લેકેન રિલે એક્ટને સંસદની મંજૂરી દર્શાવે છે કે ટ્રમ્પના વિજય પછી ઈમિગ્રેશન પરની રાજકીય ચર્ચા ઝડપથી જમણેરી વિચારધારા તરફ વળી રહી છે. અગાઉ સંસદમાં ઈમિગ્રેશન અંગેના મુદ્દે વિવાદ ઊભો થતો હતો, પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે.

(અનુ.બીજા પાને)

### RBIએ બહાર પાડ્યું મહત્વનું નોટિફિકેશન

## ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની કાઉન્ટરફીટ નોટો દેશમાં મોટા પાયે વધી રહી છે

નવી દિલ્હી, તા.૨૪

આજકાલ એવી ચર્ચાઓ થઈ રહી છે કે ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટ બાદ ૨૦૦ રૂપિયાની ચલણી નોટ પણ બંધ કરી દેવામાં આવશે.

રિપોર્ટ્સ અનુસાર, ૨૦૦ રૂપિયાની તમામ ચલણી નોટોને માર્કેટમાંથી પરત ખેંચી લેવામાં આવી શકે છે. ત્યારે શું તમે જાણો છો કે આ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા શું કહે છે?

શું તમે જાણો છો કે માર્કેટમાં સૌથી વધુ ૫૦૦ અને ૨૦૦ રૂપિયાની ચલણી નોટો સર્ક્યુલેટ થાય છે. આજે દરેક વ્યક્તિના ખિસ્સામાં ૨૦૦ રૂપિયાની નોટ જોવા મળે છે. ત્યારે સવાલ થાય કે શું મોદી સરકાર ૨૦૦ રૂપિયાની ચલણી નોટ બંધ કરવા જઈ રહી છે?

આ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ મોટી અપડેટ જાહેર કરી છે. આ અપડેટ ખાસ નોટિફિકેશન દ્વારા જાહેર કરવામાં આવી છે. ત્યારે આ અપડેટમાં આપવામાં આવેલી જાણકારીથી તમે આશ્ચર્યમાં મુકાઈ શકો છો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ જણાવ્યું કે, ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટો બંધ કર્યા બાદ ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની કાઉન્ટરફીટ નોટો દેશમાં મોટા પાયે વધી રહી છે. ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કોઈપણ પ્રકારની નાણાકીય લેવડ-દેવડ કરતી વખતે સાવધાની રાખવાની સલાહ આપી છે.

૨૦૦ રૂપિયાની ચલણી નોટ અસલી છે કે નકલી, તે અંગે જાણવા માટે નોટ પર નિશ્ચિત જગ્યાએ કેટલાક ચિહ્નો આપવામાં આવેલા છે.

### મોટા ઈસ્લામિક દેશને બ્રહ્મોસ મિસાઈલ વેચશે

# ભારતે ચીનની ઘેરાબંધી શરૂ કરી, પાકિસ્તાનને પણ ઝટકો

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ઈન્ડોનેશિયા સાથેના સંબંધોને ગાઢ બનાવી પાકિસ્તાનની સાથે સાથે ચીનને પણ ઝટકો આપ્યો છે. ભારતે ઈન્ડોનેશિયા સાથે રક્ષા સંબંધોને મજબૂત બનાવી હિન્દ મહાસાગરમાં ચીનને ઘેર્યું છે. બીજી તરફ વિશ્વના સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા દેશ ઈન્ડોનેશિયા સાથે મિત્રતા કેળવી પાકિસ્તાનને ઝટકો આપ્યો છે. નિષ્ણાતોએ જણાવ્યું છે કે, હિન્દ મહાસાગરમાં ચીનના પડકારને ઉકેલવા ભારત એશિયન દેશો સાથે ગાઢ સંબંધ સ્થાપી રહ્યું છે. ઈન્ડો-પેસિફિક દેશો સાથે રક્ષા અને વેપાર સંબંધો મજબૂત બનાવી ભારત ચીનની દખલગીરી ઘટાડવાના પ્રયાસ કરી રહ્યો છે. આ દિશામાં ઈન્ડોનેશિયા સાથે મજબૂત સંબંધ ચીનનો પ્રભાવ ઘટાડવા મહત્ત્વપૂર્ણ સાબિત થશે. બીજી તરફ પાકિસ્તાન ઈસ્લામિક દેશો સાથે મળી કાશ્મીર અને લઘુમતીના મુદ્દે નવા-નવા ષડયંત્રોને અંજામ આપે છે. પરંતુ ભારતની ઈન્ડોનેશિયા સાથેની મિત્રતા પાકિસ્તાનના આ ષડયંત્રોને નબળા કરશે. વડાપ્રધાન મોદીએ ૨૦૧૮માં ઈન્ડોનેશિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી. બંને દેશોએ દ્વિપક્ષીય સંબંધો સ્થાપિત કરવા ભાગીદારી કરી હતી. તદુપરાંત મોદીએ ગતવર્ષે રિયો-ડી-જેનેરિયોમાં રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સાથે મુલાકાત કરી હતી. ભારત અને ઈન્ડોનેશિયાએ ૨૦૧૮માં રક્ષા સંબંધોને મજબૂત બનાવવા એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. બાદમાં બંને દેશોની સેનાએ સંયુક્ત યુદ્ધાભ્યાસ શરૂ કર્યો હતો. ૧૯૯૭માં અંતરિક્ષ ક્ષેત્રમાં પણ જોડાણ કર્યું હતું. ભારત ઈન્ડોનેશિયાને દવાઓ અને ઉપચાર સાધનોની નિકાસ કરે છે. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. તે દરમિયાન રાજનીતિ, રક્ષા, સુરક્ષા સહયોગ, વેપાર વગેરે વિષયો પર ચર્ચા કરશે. અન્ય ઘણા વેપાર કરાર થવાની શક્યતા પણ છે.

ભારતે પોતાના ૭૬માં ગણતંત્ર દિવસની ઉજવણી માટે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપ્યું છે. રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાંતો ચોથી વખત અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. આ મુલાકાતમાં ભારત ઈન્ડોનેશિયાને બ્રહ્મોસ ક્રુઝ



મિસાઈલ વેચવાના નિર્ણયને અંતિમ સ્વરૂપ આપી શકે છે. જો કે રાષ્ટ્રપતિ બન્યા બાદ પ્રબોવોની આ પ્રથમ ભારત મુલાકાત છે. સુબિયાંતોની સાથે ૩૫૨ સભ્યોની માર્ચિંગ અને બેન્ડ ટુકડી પણ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેશે. પ્રથમ વખત ઈન્ડોનેશિયાની માર્ચિંગ અને બેન્ડ ટુકડી દેશની રાષ્ટ્રીય ઉજવણીમાં ભાગ લેશે.ભારતમાં નિર્મિત બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના ઘણા દેશોને ચીન સામે સ્વરક્ષણ પૂરુ પાડતાં સુરક્ષા કવચ પ્રદાન કરશે. ફિલિપાઈન્સ બાદ હવે ઈન્ડોનેશિયા પણ ભારત પાસેથી બ્રહ્મોસ મિસાઈલ ખરીદવા જઈ રહ્યું છે. મલેશિયા અને વિયેતનામ નામના અન્ય બે દેશોએ તેમાં રસ દાખવ્યો છે, થાઈલેન્ડ તરફથી પણ સકારાત્મક સંકેતો મળી રહ્યા છે.

# મહારાષ્ટ્રમાં ઓર્ડિનન્સ ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટઃ ૮ ના મોત

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રથી એક અકસ્માતના હ્રદયદ્રાવક સમાચાર આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ, ભંડારાના જવાહરનગરમાં આવેલી ઓર્ડનન્સ ફેક્ટરીમાં એક મોટો વિસ્ફોટ થયો છે. પ્રાથમિક માહિતી અનુસાર, વિસ્ફોટ ફેક્ટરીના આરકે શાખા વિભાગમાં થયો હતો. પ્રારંભિક માહિતીમાં જાણવા મળ્યું છે કે અકસ્માતમાં ૭ લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, અત્યાર સુધીમાં ૮ લોકોના મોતના સમાચાર પણ સામે આવ્યા છે.જિલ્લા નિયંત્રણ ખંડમાં મળેલી માહિતી અનુસાર, આજે સવારે લગભગ ૧૦ વાગ્યે ઓર્ડનન્સ ફેક્ટરી જવાહર નગરમાં વિસ્ફોટ થયો હતો. તેમાં કામ કરતા કેટલાક કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હોવાની પ્રાથમિક માહિતી મળી છે. મળતી માહિતી મુજબ, ફાયર બ્રિગેડ વિભાગ, પોલીસ વિભાગ, તહસીલદાર અને અન્ય જરૂરી વહીવટી અધિકારીઓ બચી ગયેલા લોકોને બચાવવા માટે ઘટનાસ્થળે હાજર છે. સ્થળ પર જ એસડીઆરએફને વધારાની સહાય પૂરી પાડવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ભંડારા ઓર્ડનન્સ ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટને કારણે યુનિટની છત ધરાશાયી થઈ ગઈ છે. ઘટનાસ્થળેથી ૧૩ થી ૧૪ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. પોલીસ અને અધિકારીઓએ જણાવ્યું છે કે ફેક્ટરીમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. આ સમગ્ર મામલે તપાસ ચાલુ છે. આ વિસ્ફોટને લગતો એક ડરામણો વીડિયો પણ સામે આવ્યો છે. આ ઘટના પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, "એવા અહેવાલો છે કે ભંડારા જિલ્લામાં એક ઓર્ડનન્સ ફેક્ટરીમાં વિસ્ફોટને કારણે છત તૂટી પડતાં ૧૩ થી ૧૪ કામદારો ફસાયા હતા. તેમાંથી પાંચને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક ઘટનાસ્થળે છે અને શક્ય તેટલી બધી મદદ પૂરી પાડવામાં આવી છે." રાહત પૂરી પાડવામાં આવી રહી છે. બચાવ કામગીરી માટે એસડીઆરએફ અને નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમોને પણ બોલાવવામાં આવી છે અને



તેઓ ટૂંક સમયમાં પહોંચી જશે. જિલ્લા વહીવટીતંત્ર સંરક્ષણ દળો સાથે સંકલનમાં રાહત કાર્યમાં ભાગ લઈ રહ્યું છે. તબીબી સહાય માટે સહાય ટીમોને પણ તૈયાર રાખવામાં આવી છે. અત્યાર સુધી મળેલી પ્રાથમિક માહિતી મુજબ, કમનસીબે આ ઘટનામાં એક કામદારનું મોત નીપજ્યું છે. હું તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. અમે તેમના પરિવારના દુઃખમાં સહભાગી છીએ. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ ઝડપથી સ્વસ્થ થાય. ઘાયલો. હું તમારા સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું."

### ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા મસ્જિદોનાં સ્પીકરો સામેની અરજી પર આદેશ

## લાઉડસ્પીકરનો ઉપયોગ કોઈપણ ધર્મનો આવશ્યક હિસ્સો નથીઃ બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ, તા.૨૪

લાઉડસ્પીકરનો ઉપયોગ કોઈપણ ધર્મનો આવશ્યક હિસ્સો ન હોવાનું અવલોકન કરી બોમ્બે હાઈકોર્ટે ધ્વની પ્રદૂષણના ધોરણો અને નિયમોનું ઉલ્લંઘન કરતા લાઉડસ્પીકર્સ સામે તાત્કાલિક પગલાં લેવા માટે સત્તાવાળાને ગુરુવારે આદેશ આપ્યો હતો. અવાજના સ્તરને નિયંત્રિત કરવા માટે ઓટો-ડેસિબલ લિમિટ જેવા સાધનોનો ઉપયોગ કરવા માટે ધાર્મિક સંસ્થાઓને આદેશ આપવા માટે હાઈકોર્ટે રાજ્ય સરકારને તાકીદ પણ કરી હતી. જસ્ટિસ એ એસ ગડકરી અને એસ સી ચાંડકની બનેલી ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે અવાજનું પ્રદૂષણ આરોગ્ય માટે મોટું જોખમ છે અને કોઈ એવો દાવો કરી શકે નહીં કે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી ન આપવાથી તેમના અધિકારનો ભંગ થાય છે. મુંબઈના કુર્લાની બે હાઉસિંગ એસોસિએશનોએ દાખલ કરેલી અરજી પર હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો. જાગો નેહરુ નગર રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોસિએશન અને શિવસૃષ્ટિ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઝ એસોસિએશનને મસ્જિદો પર લગાવેલા લાઉડ સ્પીકરો દ્વારા થતા ધ્વનિ પ્રદૂષણ સામે પોલીસની નિષ્ક્રિયતાનો આરોપ મૂક્યો હતો.અરજદારોએ દલીલ કરી હતી કે 'અઝાન' જેવા ધાર્મિક હેતુઓ માટે લાઉડસ્પીકરના ઉપયોગથી શાંતિને ખલેલ પહોંચે છે અને ધ્વનિ પ્રદૂષણ (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) નિયમો, ૨૦૦૦, તેમજ પર્યાવરણ સુરક્ષા ધારા હેઠળની જોગવાઈઓનું ઉલ્લંઘન થાય છે.ખંડપીઠે તેના આદેશમાં જણાવ્યું હતું કે મુંબઈ એક કોસ્મોપોલિટન શહેર છે અને દેખીતી રીતે શહેરના દરેક વિસ્તારોમાં વિવિધ ધર્મના લોકો રહે છે.તે જાહેર હિતમાં છે કે આવી પરવાનગીઓ ન આપવી જોઈએ. આવી પરવાનગીઓને નકારવાથી ભારતના બંધારણની કલમ ૧૯ અથવા ૨૫ હેઠળના અધિકારોનું બિલકુલ ઉલ્લંઘન થતું નથી. લાઉડસ્પીકરનો ઉપયોગ એ કોઈપણ ધર્મનો આવશ્યક હિસ્સો નથી. કાયદાની જોગવાઈઓ દ્વારા નિર્ધારિત તમામ જરૂરી પગલાં અપનાવીને કાયદાનો અમલ કરવો તે રાજ્ય સરકાર અને અન્ય સત્તાવાળાની બંધનકર્તા ફરજ છે.

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

# વધુ એક ઓપરેશન 'સર્પ વિનાશ'ની જરૂર

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અને ઘૂસણખોરી વિરોધી અભિયાનોના હાલના ઈતિહાસથી ખબર પડે છે કે પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ છતાં આતંકવાદી નેટવર્ક ફેલાઈ રહ્યું છે. આ નેટવર્ક ત્યારે સતત પીરપંજાલના દિક્ષણમાં 'આસાન સ્થળો'ની શોધ કરે છે, જ્યારે ઉત્તર કાશ્મીરમાં તેમના અભિયાન પર દબાણ અનુભવાતું લાગે. એટલે કે ઉત્તરમાં દબાણ વધે તો આતંકીઓનું નેટવર્ક દિક્ષણમાં જમીન શોધવા લાગે છે. ડોડા ક્ષેત્રમાં આતંકી અથડામણોની હાલની ઘટનાઓ ૨૦૦૩ની યાદ દેવડાવે છે, જ્યારે જનરલ એનસી વિજ સેના પ્રમુખ હતા અને લે.જનરલ રુસ્તમ નાણાવટીના નેતૃત્વમાં ઉત્તર કમાનના પુંછ ક્ષેત્રના સુરનકોટ શહેરની આસપાસ હિલકાકાના આતંકવાદ પ્રભાવિત પહાડી વિસ્તારોને ખાલી કરવા માટે ઓપરેશન 'સર્પ વિનાશ' શરૂ કરવામાં આવ્યું હતું.

પીરપંજાલના દિક્ષણી અને દિક્ષણ-પૂર્વ ઢાળ પર ગાઢ જંગલોથી ઘેરાયેલ વિસ્તાર. પશ્ચિમમાં રિજલાઈન. દિક્ષણમાં સુરન નદીથી ઘેરાયેલો વિસ્તાર. આ વિસ્તાર અસંખ્ય ચોટીઓ અને નાળાંથી ઉબડખાબડ છે. ગરમીમાં તે આસપાસના ગામડાં અને તેનાથી આગળવા વિસ્તારોના બકરવાલો અને ગુર્જ્જરોની પ્રવાસી આબાદીનું ઘર બની જાયછે, જેઓ આ ક્ષેત્રમાં પોતાનાં પશુઓ ચરાવવા આવે છે. શિયાળામાં આ વિસ્તાર સ્થાનિક લોકોથી સંપૂર્ણ ખાલી રહેતો હતો. આ વિસ્તાર જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી સમૂહો માટે એક આશ્રય સ્થળ બની ગયો હતો. લશ્કર, જૈશ અને અલ-બદ્રના આતંકીઓ આ વિસ્તારમાં ખુદને એટલા બેખોફ અનુભવતા હતા કે સ્થાનિક લોકો સાથે તેઓ ક્રિકેટ પણ રમી લેતા! લગભગ ૩ વર્ષ સુધી, સુરનકોટ ક્ષેત્ર પીરપંજાલના દિક્ષણમાં આતંકવાદીઓ માટે એક આશ્રય સ્થળ બની રહ્યું. ત્યારે જ રાષ્ટ્રીય રાઈફલ્સની રોમિયો ટીમે ૨૦૦૩ની શરૂઆતમાં સુરનકોટના ઉત્તરમાં હિલકાકા ક્ષેત્રને 'સાફ, સુરિક્ષત અને નિયંત્રિત' કરવા માટે અંતિમ પ્રયાસ આદર્યો.

ઓક્ટોબર ૨૦૦૨માં ઓપરેશન પરાક્રમની સમાપ્તિ પર, નાણાવટીએ નિર્ણય કર્યો કે સુનરકોટ અને હિલકાકાને સુરિક્ષત કરવા માટે એક ઓપરેશન જરૂરી છે. તેને ૨૦૦૨-૦૩ના શિયાળા બાદ જ કરી શકાય તેમ હતું. એક સંદર્ભ એ હતો કે ગરમીમાં એ વિસ્તારમાં પોતાનાં પશુઓ સાથે આખી સિઝન માટે પ્રવાસ કરનારા નાગરિકોને રોકવાના હતા. તત્કાલીન મુખ્યમંત્રીએ આ પ્રસ્તાવને ગાંડપણ ગણાવ્યું, પરંતુ તેમણે સામે એ ઓફર મૂકી કે જ્યાં સુધી સહમતિ નહીં હોય, ત્યાં સુધી કોઈ ઓપરેશન નહીં થાય.

ઓપરેશન સર્પ વિનાશનું કામ ૧૬મી કોરને સોંપવામાં આવ્યું, જેમણે તેને મેજરલ જનરલ એચ.એસ. લિદ્દરની કમાન અંતર્ગત કાઉન્ટર ઈનસર્જન્સી ફોર્સ (રોમિયો)ને સોંપી દીધું. લિદ્દરે શ્રીલંકામાં ઓપરેશન પવનમાં સીઓ ૯ પેરા (સીડીઓ) રૂપે કામ કર્યું હતું. તે ઉપરાંત તે રાજોરી-મેંઢર-પુંછ સેક્ટરમાં વિસ્તારો અને આતંકવાદી ગતિવિધિ વિશે સારી રીતે જાણતા હતા. ઓપરેશનના શરૂઆતી બ્રીફિંગમાં એ નાણાવટી માટે સ્પષ્ટ થઈ ગયું કે આ કામ સામાન્ય રૂપે આરઆર એકમો અને વિશેષ રૂપે આરઆર સેક્ટરની

ક્ષમતાઓથી પર હતું, કારણ કે તેનું હાલનું પરિચાલન પ્રતિબદ્ઘતાઓ અને કામની પ્રકૃતિ બંને અલગ હતી. તેથી, નાણાવટીએ નિર્દેશ આપ્યા કે ૧૬ કોરની ૧૬૩ ઈન્ફન્ટ્રી બ્રિગેડને ક્ષેત્રને 'સાફ અને સુરિક્ષત' કરવા માટે સીઆઈએફ(આર)ને ફાળવવામાં આવે. તારીખ નક્કી કરવામાં આવી ૧ મે, ૨૦૦૩. લિદ્દરે પોતાના કામને વ્યવસ્થિત રીતે શરૂ કર્યું. ભારતીય વાયુસેનાની મદદથી હેલિપેડ બનાવવામાં આવ્યું. સપ્લાય પોઈન્ટ્સ માટે પરિચાલન ટ્રેક બનાવવામાં આવ્યા. ફાળવવામાં આવેલ પાયદળ સેનાની રચના માટે કાર્ય-પ્રશિક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું. ૯ પેરા (સીડીઓ)ની એક ટીમ દ્વારા ગુપ્ત બાતમી એકઠી કરવામાં આવી, જે ક્ષેત્રમાં કામ કરી રહી હતી અને કેટલીય સફળતાઓ મેળવી હતી. યોજના સરળ હતી. પેરા (સીડીઓ) ગાઈડનો ઉપયોગ કરનારી પગપાળા સેનાની ટુકડીઓ ત્રણ અલગ-અલગ દિશાઓથી અંધારાની આડમાં પોતાના નિર્ધારિત ક્ષેત્રોમાં ઘૂસણખોરી કરશે, ઠેકાણાંને સુરિક્ષત કરશે અને તેમના પર કબ્જો કરશે અને પછી પોતાના નિર્ધારિત જવાબદારી વાળા ક્ષેત્રોમાં તલાશી અને વિનાશ અભિયાન શરૂ કરશે. લિદ્દરે કાશ્મીર ઘાટી ક્ષેત્રમાં પીરપંજાલની પાર ભાગવાની કોશિશ કરનારા આતંકવાદીઓનો ખાતમો કરવાની વ્યવસ્થા પણ કરી. તેના માટે મુખ્યાલય ૧૫ કોરને પણ સતત સંપર્કમાં રાખવામાં આવી.

### સત્તામાં આવતા જ ટ્રમ્પની કડક કાર્યવાહી

# અમેરિકામાં ખોટી રીતે ઘૂસવાનો પ્રયત્ન કરનારા ૫૩૮ લોકો પકડાયા

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવી ગયા છે, અને તેઓ ચૂંટણી જીત્યા તે પહેલાથી જ અમેરિકા ફર્સ્ટ અને ગ્રેટ અમેરિકા અગેઈનની વાત કરી હતી, આવામાં હવે એક બહુ જ મોટી ખબર આવી રહી છે, જે વ્હાઈટ હાઉસથી શેર કરવામાં આવી છે. અમેરિકામાં ઘૂસણખોરી રોકવા માટે અમેરિકાએ તેના પાડોશી કેનેડાને પણ ઘચકાવ્યું હતું, હવે ટ્રમ્પે તેના અધિકારીઓને આ પ્રકારની ગતિવિધિ રોકવા માટે કડક સૂચના આપી છે અને તેની અસર જોવા મળી રહી છે. અમેરિકા એવો દેશ છે કે જ્યાં દુનિયાભરના લોકો એનકેન પ્રકારે જવા માગે છે પરંતુ હવે ટ્રમ્પની સત્તામાં ગેરકાયદેસર ઘૂસણખોરી રોકવા માટેના તમામ પ્રયાસો આરંભી દેવામાં આવ્યા છે.

અમેરિકામાં જે જગ્યાઓ પરથી ગેરકાયદેસર ઘૂસણખોરી થતી હોય તેવી તમામ જગ્યાઓ પર સતર્કતા વધારી દેવામાં આવી છે. વ્હાઈટ હાઉસ સેક્રેટરી કેરોલિન લેવિટ જણાવે છે કે, અમેરિકાની ઓથોરિટીએ ૫૩૮ એવા લોકોની ધરપકડ કરીને મિલિટરી એરક્રાફ્ટ દ્વારા ડિપોર્ટ કરવામાં આવ્યા છે.

એનડીટીવીના રિપોર્ટ્સ મુજબ, લેવિટે જણાવ્યું છે કે, આ અંગે વધુમાં જણાવ્યું છે કે, "ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા ૫૩૮ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ આરોપીઓને અને શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ૪ સભ્યો ટ્રેન ડે આરાગુના ગેંગના પણ છે અને તેમની સામે ગંભીર ગુના છે."

અમેરિકાના રાષ્ટ્રપતિ બનતા પહેલા અને બન્યા પછી પણ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે, ઘૂસણખોરોને અટકાવવા માટેના તમામ પ્રયાસ કરવામાં આવશે, જેમાં અમેરિકાની બોર્ડર સાથે જોડાયેલા દેશો જેવા કે મેક્સોકો, કેનેડા અને કેરેબિયન ટાપુ પરથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં આવનારા તમામ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

નોંધનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લીધા તે પહેલાથી જ પોતાના દેશમાં ખોટી રીતે આવવા માગે છે તેમની સામે કડક પગલાં ભરવાની વાત કરી હતી. જેની શરુઆત થઈ ગઈ હોય તેવું વ્હાઈટ હાઉસ દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી પ્રતીત થઈ રહ્યું છે.

### ભારતીય દંપતીને નેવાર્ક એરપોર્ટથી જ પાછું મોકલાયું

# ઈમિગ્રેશન નિયમોમાં થયેલા ફેરફારો વચ્ચે ભારતીય સમુદાય પણ ચિંતિત

નવી દિલ્હી, તા.૨૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના મુદ્દે ખૂબ જ કડક છે અને તેના કારણે ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં હલચલ વધી છે. ઈમિગ્રેશન નિયમોમાં થયેલા ફેરફારો વચ્ચે અમેરિકામાં રહેતો ભારતીય સમુદાય પણ ચિંતિત છે. એવામાં હવે અમેરિકાના એક એરપોર્ટ પરથી ભારતીયોને પ્રવેશ નકારવામાં આવ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, અમેરિકામાં રહેતા એક વ્યક્તિના ભારતીય માતા-પિતા પાસે રિટર્ન ટિકિટ ન હોવાથી પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

એક મીડિયા રિપોર્ટ અનુસાર અમેરિકામાં પોતાના બાળકોને મળવા ગયેલા ભારતીય માતા-પિતાને નેવાર્ક એરપોર્ટ પર એન્ટ્રી આપવામાં આવી ન હતી. આ કપલ પાસે B-1/B-2 વિઝિટર હતુ અને તેના આધારે તેઓએ પાંચ મહિના અમેરિકામાં રહેવાની યોજના બનાવી હતી. જો કે, એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને કહ્યું કે નવા નિયમો હેઠળ હવે અહીં રહેવા માટે તેમની રિટર્ન ટિકિટ બતાવવી ફરજિયાત છે. એરપોર્ટના અધિકારીઓએ તમામ અરજીઓ અને ખુલાસાઓને નકારી કાઢ્યા હતા અને માતાપિતાને એરપોર્ટથી સીધા ભારત પાછા મોકલી દીધા હતા. આવા નિયમોની સત્તાવાર જાહેરાતના અભાવે લોકોમાં મૂંઝવણ જોવા મળી રહી છે. અમેરિકી અધિકારીઓએ ભારતીયોને પરત મોકલવા માટે ૨૦૨૫ના નવા નિયમોને ટાંક્યા છે. જો કે, આ ફેરફારો વિશે અગાઉ કોઈ માહિતી આપવામાં આવી ન હતી. આવી ઘટના અમેરિકામાં રહેતા ભારતીયોની ચિંતામાં વધારો કરી શકે છે. એવા પણ સવાલો ઉઠી રહ્યા છે કે ટ્રમ્પની નીતિઓને લાગુ કરવા માટે આવનાર દિવસોમાં અમેરિકા આવા અનેક અણધાર્યા પગલા લઈ શકે છે.

# કમલમ ખાતે ચૂંટણી સંદર્ભે બેઠક યોજાઈ

રાજકોટ, તા.૨૪

રાજ્યમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય તેમજ કેટલીક ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજાનાર હોવાથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સત્તાના સુત્રો પ્રાપ્ત કરવા રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી મામલે પ્રદેશ કક્ષાએથી સ્થાનિક સ્તર સુધી બેઠકોનો ધમધમાટ શરૂ થયેલ છે.

પ્રદેશ ભાજપના કાર્યાલય કમલમ ખાતે ઉમેદવારોની પસંદગી માટે સ્થાનિક નેતાઓના મંતવ્યો જાણવા નિરીક્ષકો મોકલવામાં આવનાર હોવાથી નિરીક્ષકોની પસંદગી મામલે જુદાજુદા શહેરો-ગ્રામ્ય વિસ્તારના આગેવાનોની બેઠક યોજવામાં આવી રહી છે. આગામી સપ્તાહના પ્રારંભથી નિરીક્ષકો સ્થાનિક કક્ષાએ મુલાકાત લઈ આગેવાનો તેમજ ચૂંટણી લડવા ઈચ્છુકોના મંતવ્યો-અભિપ્રાય મેળવી પ્રદેશ નેતાગીરીને અહેવાલ આપશે ત્યાર બાદ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા આગળ ધપશે.

# સેન્સેક્સ ૩૩૦ અને નિફ્ટી ૧૧૩ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ,તા.૨૪

ભારતીય શેરબજારો આજે ભારે વધઘટ પછી મોટા ઘટાડા સાથે બંધ થયા. શુક્રવારે બજારમાં થોડો ઘટાડો થયો ત્યારથી જ બજારમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો. અંતે, આજે બીએસઈ સેન્સેક્સ ૩૨૯.૯૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૧૯૦.૪૬ પોઈન્ટ પર બંધ થયો. આજે નિફ્ટી ૫૦ પણ ૧૧૩.૧૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩,૦૯૨.૨૦ પોઈન્ટ પર બંધ થયો હતો. જણાવી દઈએ કે ગુરુવારે સેન્સેક્સ ૧૧૫.૩૯ પોઈન્ટના વધારા સાથે ૭૬,૫૨૦.૩૮ પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી ૫૦.૦૦ પોઈન્ટના વધારા સાથે ૨૩,૨૦૫.૩૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

શુક્રવારે, સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી, ફક્ત ૧૧ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની ૧૯ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા. એ જ રીતે, નિફ્ટી ૫૦ માં પણ, ૫૦ કંપનીઓમાંથી, ફક્ત ૧૯ કંપનીઓના શેર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયા હતા જ્યારે બાકીની ૩૧ કંપનીઓના શેર રેડ ઝોનમાં નુકસાન સાથે બંધ થયા હતા. આજે, સેન્સેક્સ કંપનીઓમાં, હિન્દુસ્તાન યુનિલિવરના શેર સૌથી વધુ ૧.૯૮ ટકાના વધારા સાથે બંધ થયા જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેર સૌથી વધુ ૨.૯૪ ટકાના ઘટાડા સાથે બંધ થયા.

આજે ટેક મહિન્દ્રાના શેર ૦.૭૫ ટકા, નેસ્લે ઈન્ડિયા ૦.૭૦ ટકા, પાવર ગ્રીડ ૦.૬૩ ટકા, ભારતી એરટેલ ૦.૬૧ ટકા,આઈસીઆઈસીઆઈ બેંક ૦.૫૮ ટકા, ઈન્ફોસિસ ૦.૫૬ ટકા,આઈટીસી ૦.૩૬ ટકા,ટીસીએસ ૦.૨૯ ટકા, ઝૂંઝ ૦.૨૯ ટકા વધ્યા હતા. ૦.૧૧ ટકા અને ટાટા સ્ટીલના શેર ૦.૦૪ ટકા વધ્યા. વધારા સાથે બંધ થયા. આજે, ઝોમેટોના શેરમાં ૨.૭૫%, ટાટા મોટર્સ ૨.૪૮%, ઈન્ડસઈન્ડ બેંક ૨.૧૧%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧.૪૨%, લાર્સન એન્ડ ટુબ્રો ૧.૩૧%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૨૧%,એચડીએફસી બેંક ૧.૧૩%, બજાજ ફિનસર્વ ૦.૯૮%, અદાણી પોર્ટ્સ ૦.૯૦%નો ઉછાળો જોવા મળ્યો છે. સન ફાર્મા ૦.૭૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૬૪ ટકા, મારુતિ સુઝુકી ૦.૬૧ ટકા,એચસીએલ ટેક ૦.૫૮ ટકા, કોટક મહિન્દ્રા બેંક ૦.૩૮ ટકા, એક્સિસ બેંક ૦.૩૫ ટકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૦.૨૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૦૭ ટકા અને ટાઈટનના શેર ૦.૦૧ ટકા ઘટ્યા હતા. .

# થાનગઢ : નશબંધીની શસ્ત્રક્રિયા બાદ મહિલા દર્દીનું મોત નિપજ્યું

રાજકોટ, તા.૨૪:સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢ ખાતે આવેલ સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ મહિલા કંચનબેન બાબુભાઈ પરમારની નશબંધીની શસ્ત્રક્રિયા દરમ્યાન મોત નિપજતા મૃતકના પરિવારજનો તેમજ આગેવાનો દ્વારા હોસ્પિટલના તંત્ર અને તબીબોની બેદરકારીથી કંચનબેનનું મૃત્યુ નિપજ્યાનો આક્ષેપ લગાવી હોબાળો મચાવી ન્યાયની માંગણી કરવામાં આવેલ. આ પ્રકરણ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતા થાનગઢ પોલીસ મથકના સબ ઈન્સ્પેકટર દ્વારા વિશેષ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ માર્કેટીંગ યાર્ડના ધરતી ટ્રેડર્સ નામની પેઢીમાંથી લેવાયેલ તેલનો નમુનો ફેઈલ

રાજકોટ, તા.૨૪:રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા આરટીઓ પાસે આવેલા જુના માર્કેટીંગ યાર્ડમાં રહેલી ધરતી ટ્રેડર્સ નામની પેઢીમાંથી આસોપાલવ પ્રીમિયમ કવોલિટી રિફાઈન્ડ કોટનસીડ ઓઈલ (પેકડ બોટલ)નો નમુનો લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં બી.આર.ટેસ્ટ રીડિંગ અને આયોડિન વેલ્યૂ ધારાધોરણ કરતા વધુ ત્થા તેલમાં મિકસ કરવાની વસ્તુના પ્રમાણ સેપોનીફિકેશન વેલ્યૂ ધારાધોરણ કરતા ઓછી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ (ફેઈલ) જાહેર થયેલ છે. આ રીપોર્ટના આધારે દંડનીય કાર્યવાહી માટે એડી.કલેકટર સમક્ષ કેસ મુકવામાં આવશે તેમ ફૂડ વિભાગે જણાવ્યું હતુ. ફૂડ વિભાગની ટીમે સેફ્ટી વાન સાથે શહેરના કે.ડી.ચોકથી રણછોડદાસબાપુ આશ્રમ સુધી આશ્રમ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતા કુલ ૧૪ ધંધાર્થીઓને ત્યાં ૧૪ નમુનાની ચકાસણી કરી હતી.

# વિજયનગરનો તલાટી લાંચ લેતા ઝડપાયો

રાજકોટ, તા.૨૪

ઉત્તર ગુજરાતના સરહદી જીલ્લા સાબરકાંઠાના વિજયનગર તાબાના તલાટી ત્થા અન્ય એક વ્યક્તિ રૂા.૧૫૦૦ ની લાંચ લેતા મામલતદાર કચેરી નજીક લાંચ રૂશ્વત વિરોધી શાખાના અમલદારોએ ગોઠવેલ છટકામાં સપડાતા એ.સી.બી.ની ટીમે મહાવીર અન્સારી ત્થા ધર્મેન્દ્ર સોલંકીની ધરપકડ કરેલ છે.

# અમરેલીના પત્રકાંડમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે ઝુંકાવ્યું

## રાજ્યના પોલીસ મહાનિર્દેશકને હકિકતો રજૂ કરવા પંચે ૨ સપ્તાહનો સમય આપ્યો

રાજકોટ, તા.૨૪

અમરેલીમાં સર્જાયેલ વિવાદી પત્રકાંડમાં પાયલ ગોટીની અયોગ્ય સમયે કરવામાં આવેલ ધરપકડ તેમજ તેણીનું જાહેરમાં કાઢવામાં આવેલ સરઘસ બાદ પોલીસ કાર્યપધ્ધતિ વિવાદમાં આવેલ આ મામલે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા રાજ્યના પોલીસ મહાનિર્દેશક પાસે પાયલની કરાયેલ ધરપકડ ત્થા સરઘસ મામલે સંપૂર્ણ હકિકતો બે સપ્તાહમાં પંચ સમક્ષ લેખિતમાં રજૂ કરવા તાકિદ કરવામાં આવેલ છે.

અમરેલી પત્રકાંડમાં વિવાદ સર્જાતા સ્થાનિક પોલીસ પાસેથી તપાસ આંચકી પોલીસ મહાનિર્દેશકે-ડી.આઈ.જી.નિર્લિપ્ત રાયને સોંપેલ છે. તેઓ દ્વારા તપાસ હાથ ધરી આગામી દિવસોમાં તપાસનો અહેવાલ પોલીસ મહાનિર્દેશકને સુપ્રત કરવામાં આવનાર છે.

# એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડે મલ્ટી એસેટ એલોકેશન ફંડ લોન્ચ કર્યું



રાજકોટ તા.૨૪: મુંબઈ, ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ - ભારતમાં પ્રતિષ્ઠિત ફંડ હાઉસીસ પૈકીના એક એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડે ઈક્વિટી, ડેટ અને ગલ્ડમાં રોકાણ કરતી ઓપન એન્ડેડ સ્કીમ એલઆઈસી એમએફ મલ્ટી એસેટ એલોકેશન ફંડ લોન્ચ કર્યું છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ખૂલશે અને ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બંધ થશે. આ સ્કીમનો રોકાણ હેતુ ઈક્વિટી તથા ઈક્વિટી સંબંધિત ઈન્સ્ટ્રુમેન્ટ્સ, ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ તેમજ ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)ના યુનિટ્સના ડાયવર્સિફાઈડ પોર્ટફોલિયોમાં રોકાણ કરીને લાંબા ગાળે મૂડીમાં વધારો કરવાનું છે.

આ સ્કીમનું બેન્ચમાર્ક ૬૫ ટકા નિફ્ટી ૫૦૦ ટીઆરઆઈ, ૨૫ ટકા નિફ્ટી કમ્પોઝિટ ડેટ ઈન્ડેક્સ અને ૧૦ ટકા સ્થાનિક સોનાની કિંમતનું મિશ્રણ છે. શ્રી નિખિલ રુંગટા, શ્રી સુમિત ભટનાગર અને શ્રી પ્રતિક શ્રોફ આ સ્કીમના ફંડ મેનેજર રહેશે. આ સ્કીમ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સતત વેચાણ અને પુન:ખરીદી માટે ફરીથી ખૂલશે.

### યુએસમાં ગેરકાયદેસર(પહેલા પાનાનું ચાલુ)

રિપબ્લિકન સેનેટર કેટી બ્રિટે જણાવ્યું હતું કે છેલ્લાં ત્રણ દાયકામાં સંસદે ઈમિગ્રેશન અંગે મંજૂરી આપેલું આ એક સૌથી મહત્ત્વનું બિલ છે. જોકે આ બિલનો અમલ કરવા માટે યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટની ક્ષમતાઓમાં મોટા પાયે વધારો કરવો પડશે. બીજી તરફ બિલમાં નવા ફંડિંગની કોઈ જોગવાઈ નથી.બીજી તરફ નવા પ્રમુખે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ માટે મેક્સિકોની સરહદને સીલ કરવા અને અમેરિકામાં કાયમી કાનૂની દરજ્જા વિના રહેતા લાખો ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ ઘણા એક્ઝિક્યુટિવ ઓર્ડર્સનો અમલ ચાલુ કર્યો હતો. બુધવારે ટ્રમ્પે શરણાર્થીઓ પુનર્વસન પ્રોગ્રામ રદ કર્યો હતો. ટ્રમ્પે તેમની નવી ઈમિગ્રેશન નીતિઓનો અમલ ન કરનારા સ્થાનિક અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો પણ સંકેત આપ્યો હતો. આ બિલનો અમલ કરવા માટે ઈમિગ્રેશન ન્યાયાધીશો, ફરિયાદી અને અન્ય સ્ટાફમાં જંગી વધારો કરવો પડશે. જોકે ટ્રમ્પે સામૂહિક દેશનિકાલ હાથ ધરવા માટે સૈનિકો, તેમના બેઝ અને અન્ય સંસાધનોનો ઉપયોગ કરવાની યોજના બનાવીને તેનો પણ માર્ગ મોકળો કર્યો છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના અંદાજ મુજબ લેકેન રિલે એક્ટના અમલીકરણ માટે પ્રથમ વર્ષમાં ૨૬.૯ બિલિયન ડોલરનો ખર્ચ થશે. આ ઉપરાંત ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ ઈન્ફોર્સમેન્ટ એ ઓછામાં ઓછા નવા ૧.૧૦ લાખ ડિટેન્શન બેડ ઊભા કરવા પડશે.

### સંભલમાં પ્રાચીન વાવ બાદ

ત્યારે એસડીએમ વંદના મિશ્રા એએસઆઈ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. આ સ્થળ ૧૯૨૦ માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યું હતું. જ્યારે છજૈં ટીમના અધિકારીઓ અને જીહ્રસ઼ઘટનાસ્થળે પહોંચ્યા અને સ્થાનિક ગ્રામજનો સાથે વાત કરી અને માહિતી એકઠી કરી, ત્યારે જાણવા મળ્યું કે સમયાંતરે અહીં માટી ખોદવાથી પ્રાચીનકાળના સિક્કા અને કાળી માટીના વાસણો મળી આવે છે, જેને ગામલોકો લઈ જઈને તેનો ઉપયોગ કરે છે. ત્યારે એસડીએમએ ગામ લોકો પાસેથી આ તમામ સિક્કાઓ મંગાવીને જોયા હતા. ત્યારે સિક્કાની એક બાજુ રામ સીતાની છબી અને બીજી બાજુ લક્ષ્મણની છબી હતી. આ દરમિયાન ૧૮૫૯ ના બ્રિટિશકાળના વધુ સિક્કા પણ મળી આવ્યા. જે બાદ વહીવટી ટીમે માટીના વાસણો અને સિક્કા જપ્ત કર્યા હતા, જેની સંખ્યા ૩૦૦ થી ૪૦૦ હોવાનું કહેવામાં આવે છે.પ્રાચિનકાળના સિક્કાઓ અને માટીના વાસણો મળ્યા બાદ એસડીએમ વંદના મિશ્રાએ ડીએમ ડૉ. રાજેન્દ્ર પેન્સિયાને માહિતી આપી હતી. ત્યારબાદ ડીએમના આદેશ પર વહીવટીતંત્રે આ તેને સુરક્ષિત કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. એવું માનવામાં આવે છે કે ૧૯૨૦થી સચવાયેલા અલ્હા ઉદલના ગુરુ સંત આમની સમાધિ પાસે સનાતનના મોટા પુરાવા મળ્યા બાદ વહીવટીતંત્ર આગામી દિવસોમાં અહીં ખોદકામ કરાવી શકે છે. જેમાં કેટલીક વધુ મોટી અને મહત્ત્વપૂર્ણ વસ્તુઓ બહાર આવી શકે છે.

## સુડોકુ નં. ૧૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 8 | | | | | |
| 9 | | | 7 | 1 | | | 3 | |
| | | | | | | 9 | 2 | 7 |
| | 8 | | | | | 1 | | |
| | 5 | 4 | 9 | | 2 | 3 | 6 | |
| | | 3 | | | | | 4 | |
| 5 | 1 | 9 | | | | | | |
| | 7 | | | 5 | 6 | | | 1 |
| | | | | | 8 | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૪૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 7 | 1 | 3 | 8 | 6 | 4 | 2 |
| 8 | 1 | 4 | 2 | 7 | 6 | 3 | 9 | 5 |
| 2 | 6 | 3 | 4 | 5 | 9 | 7 | 8 | 1 |
| 1 | 4 | 8 | 9 | 6 | 5 | 2 | 7 | 3 |
| 7 | 3 | 9 | 8 | 2 | 1 | 4 | 5 | 6 |
| 5 | 2 | 6 | 3 | 4 | 7 | 8 | 1 | 9 |
| 4 | 7 | 1 | 6 | 9 | 3 | 5 | 2 | 8 |
| 3 | 8 | 5 | 7 | 1 | 2 | 9 | 6 | 4 |
| 6 | 9 | 2 | 5 | 8 | 4 | 1 | 3 | 7 |

## આપની આજ...

મેષ: આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો. આજે એવું થઈ શકે છે કે તમે બેંકમાં તમારી કોઈપણ મિલકત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુનો ઉપયોગ કરી શકો છો.

વૃષભ: દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો. એવું પણ થઈ શકે છે કે પત્ની અથવા ગર્લફ્રેન્ડ પણ તમને આ પ્રકારના વર્તનથી હેરાન કરે છે, પરંતુ તેમ છતાં તમારે ધીરજથી કામ કરવું જોઈએ.

મિથુન: તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં. તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે. લોકો પ્રત્યેના મનમાં તમારી તરફ સદ્ભાવના પણ જાગૃત થશે.

સિંહ: આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે.

કન્યા: આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે. તમે ફરીથી નવી ઊર્જાથી તમારા અધૂરા કાર્યોનો સામનો કરશો.

તુલા: તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે. કોઈ નિરર્થક વસ્તુનો ભય અથવા ડર તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે અને મોટા અધિકારીની મદદથી તમારું કામ જે લાંબા સમયથી અટવાયું છે તે પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે. બાકીનો મિશ્રિત ફળદાયી દિવસ છે. સાંજનો સમય સારો રહેશે. વર્તમાન વાતાવરણને ધ્યાનમાં રાખીને મનમાં નકારાત્મકતા વધી શકે છે.

મકર: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઈચ્છે છે તે તમારી આસપાસ દેખાશે. આજે તમને તારા ગ્રહોનો લાભ મળી રહ્યો છે અને આજે તમારા કાર્ય પૂરા થવામાં મદદ રૂપ થશે.

કુંભ: આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેમનામાં મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવાનું યોગ્ય રહેશે.

મીન: આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે. જો તમે તમારા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર અથવા લેખન કરવા માંગતા હોવ તે આજે ટાળો.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ આવ્યા

પર્યટન એ પ્રકૃતિના સૌંદર્યનો આનંદ માણવાની સાથે સાથે દેશની સંસ્કૃતિ, ઈતિહાસ અને પરંપરાઓને સમજવાનો અને જાણવાનો શ્રેષ્ઠ માર્ગ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમને પ્રવાસન ક્ષેત્રને વેગવાન બનાવવા અથાગ પ્રયત્ન કર્યા હતા.

ગુજરાતમાં વાયબ્રન્ટ નવરાત્રી, ધોરડો રણોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેત્તર મેળો, માધવપુર મેળો, કાંકરિયા કાર્નિવલ જેવા અનેક ઉત્સવો તેમજ સોમનાથ, દ્વારકા, અંબાજી, સૂર્યમંદિર મોઢેરા, રાણીની વાવ, હેરીટેજ સિટી અમદાવાદ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિત વિવિધ પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૧૭.૨૬ કરોડથી વધુ તેમજ વર્ષ ૨૦૨૪માં ૧૮.૬૨ કરોડ એમ છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસની સાથે ઉત્સવોને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે સૌથી વધુ વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં ૨૩.૧૨ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.જ્યારે કચ્છમાં યોજાતા ધોરડો રણોત્સવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૭.૫૨ લાખ એમ કુલ મળીને ૧૪.૯૪ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.

આ ઉપરાંત, છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટીવલમાં ૦૫ લાખ જેટલા તેમજ તરણેત્તર મેળામાં ૦૪ લાખથી વધુ પ્રવાસીઓ- નાગરિકોએ મુલાકાત લીધી છે.

**કચ્છ રણોત્સવ ગુજરાતની ગ્લોબલ ઇવેન્ટ**

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં ફક્ત ત્રણ દિવસના આયોજન સાથે કચ્છના રણમાં ધોરડો ખાતે રણોત્સવની શરૂઆત કરાવી હતી જે આજે ગ્લોબલ ઇવેન્ટ બની ગઈ છે. એક સમયે જે રણની ઓળખ ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે રણોત્સવ ઉજવાય છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી આજે કચ્છનું રણ 'રણોત્સવ'થી વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યું છે. યુનાઇટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને ''બેસ્ટ ટુરિઝમ વિલેજ''નો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

કચ્છ રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને તો વેગ મળ્યો જ છે, સાથે અનેક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું માધ્યમ પણ બન્યો છે. રણોત્સવની મુલાકાતે આવતા લાખો સહેલાણીઓના પરિણામે સ્થાનિક લોકો, ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રના લોકો માટે આવકનો નોંધપાત્ર સ્ત્રોત ઊભો થયો છે અને પરંપરાગત કલાકૃતિઓને વૈશ્વિક બજાર મળ્યું છે.

**આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ**

ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના આયોજન થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો પ્રમોટ થાય છે, જેના થકી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે.

આ વર્ષે આયોજિત પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજ્યોમાંથી ૪૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો. જ્યારે ગુજરાતના ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો એમ કુલ ૬૦૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો.

**વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ**

રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા દર વર્ષે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ તરીકે ઓળખાતા વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવ એ ૧૦ દિવસનો ઉત્સવ છે જ્યાં હજારો ભક્તો દેવી માં અંબાની ભક્તિના પ્રતીક તરીકે પરંપરાગત દાંડિયા અને ગરબા રમે છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજે ૨૩.૧૨ લાખથી વધુ ખેલૈયાઓ સહભાગી થયા હતા.

માં નર્મદા ગુજરાતમાં જ્યાંથી પ્રવેશે છે તે છોટા ઉદેપુરના હાફેશ્વર ગામને કેન્દ્રના પર્યટન મંત્રાલય દ્વારા હેરીટેજ કેટેગરીમાં શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન-૨૦૨૪નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. એક અંદાજ મુજબ વાર્ષિક એક લાખથી વધુ પ્રવાસીઓ હાફેશ્વરની મુલાકાતે આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં દર વર્ષે ૨૫મી જાન્યુઆરીને 'રાષ્ટ્રીય પર્યટન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, જે ભારતના વૈવિધ્યસભર પર્યટન સ્થળો અને તેની ધરોહરના જતન માટે નાગરિકોને જાગૃત કરવાનો એક અનોખો પ્રયાસ છે. દેશભરમાં વર્ષ ૨૦૨૫માં રાષ્ટ્રીય પર્યટન દિવસ ''ટુરિઝમ ફોર ઇન્કલુસિવ ગ્રોથ''ની થીમ ઉપર ઉજવાશે તેમ, પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયું છે.

# ૨૫ જાન્યુઆરી રાષ્ટ્રિય મતદાતા દિવસ

## ''મતદાનથી વિશેષ કંઈ નથી, હું અવશ્ય મતદાન કરીશ'' થીમ સાથે સમગ્ર ભારતમાં ઉજવાશે ૧૫મો ''રાષ્ટ્રીય મતદાતા દિવસ''

**પ્રાસંગિક- ભાવિકા લીંબાસીયા**

ભારતની લોકશાહીએ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. લોકશાહીના અમૂલ્યાધિકાર તરીકે પ્રાપ્ત થતા મતાધિકાર અંગે જાગૃતિ કેળવાય અને દેશના તમામ પાત્ર નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય તેવા ઉદ્દેશ સાથે સમગ્ર ભારતમાં ૨૫ જાન્યુઆરીના રોજ ''રાષ્ટ્રીય મતદાતા દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે.




ભારતીય ચૂંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપના વર્ષ ૧૯૫૦ માં ૨૫ જાન્યુઆરીના રોજ કરવામાં આવી હતી. ચૂંટણી પંચના સ્થાપના દિવસ નિમિત્તે ૨૫ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ દ્વારા ''રાષ્ટ્રીય મતદાતા દિવસ''ની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. ભારતના ચૂંટણી પંચ દ્વારા સતત ૧૫મા વર્ષે થનાર ''રાષ્ટ્રીય મતદાતા દિવસ''ની ઉજવણી '' , - મતદાનથી વિશેષ કંઈ નથી, હું અવશ્ય મતદાન કરીશ'' ની થીમ પર કરવામાં આવશે. ગુજરાતમાં પણ રાજ્યકક્ષાએ અને જિલ્લા કક્ષાએ દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે.

આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને મતદાન અંગે જાગૃત કરવાનો છે. આ ઉજવણી થકી નવા મતદારોને પ્રોત્સાહિત કરવાની સાથે જરૂરી સુવિધાઓ આપી મહત્તમ નોંધણી કરાવવામાં આવશે. કોઈ પણ લોકશાહી દેશમાં સરકાર રચવામાં મતદારો સૌથી મોટી અને સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતાં હોય છે. મતદારો અનન્ય લોકશાહીનો પાયો છે. પોતાના અમૂલ્ય મતથી કોઈ પણ પક્ષને પાંચ વર્ષ માટે સત્તા પર લાવતા મતદારો ભારતીય બંધારણ મુજબ દેશ અને રાજ્યના વિકાસ માટે જાગૃત નાગરિક તરીકેની ફરજ નિભાવે છે.

મતદાર યાદીમાં નોંધણી એ એક સ્વૈચ્છિક પ્રક્રિયા છે. વિશ્વના સૌથી મોટા લોકતંત્ર દેશ એવા ભારતમાં મતદાન કરવા પરત્વે લોકો જાગૃત થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. ચૂંટણી પંચ દ્વારા ''વોટર હેલ્પલાઈન'' એપ સહિતની વિવિધ એપ્લીકેશન, મતદાર હેલ્પ લાઇન ૧૯૫૦ની સેવાઓ પણ શરૂ કરવામાં આવી છે. જેમાં નાગરિકો ઘર બેઠા ચૂંટણી કાર્ડમાં સુધારા વધારા સહીત જરૂરી તમામ બાબતોથી વાકેફ થઈ શકે છે. મતદારયાદીને સ્વચ્છ અને પારદર્શી બનાવવા માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા મતદારોના ચૂંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. ચૂંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરાવે તે જરૂરી છે. મતદાન બુથ, મોબાઈલ ફોન, એસ.એમ.એસ. ચૂંટણી પંચના પોર્ટલ દ્વારા પણ આધારકાર્ડ લિંક કરી શકાય છે.

મતદાતાઓ કોઈપણ જાતના ધર્મ, જાતિ, ભાષાના ભેદભાવથી દૂર રહીને અને કોઈપણ રીતે પ્રલોભિત થયા વિના, અચૂક મતદાન કરે તે માટે ચૂંટણીપંચ દ્વારા નાગરિકોને મતદાર ઈ-પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે. ગુજરાતમાં સ્વીપ (સિસ્ટમેટિક વોટર એજ્યુકેશનલ એન્ડ ઇલેક્ટોરલ પાર્ટીસિપેશન) પ્રોગ્રામ અન્વયે મતદાન વધારવા માટે અવસર રથ દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવે છે. વિધાનસભા લોકસભાની ચૂંટણીઓમાં દિવ્યાંગ, વયોવૃદ્ધ મતદારો ઘરે બેસીને મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થા પણ ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે. મતદારોને આકર્ષવા માટે યુવા, સખી, મોડેલ, દિવ્યાંગ, ઈકો ફ્રેન્ડલી જેવા જુદા જુદા મતદાન મથક બનાવી મતદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કે. સી. સંપટના માર્ગદર્શન હેઠળ ''સ્વીપ'' દ્વારા મતદારો માટે મતદાન જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમો થકી જાગૃતતા લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં હાલ ૭,૬૦,૬૬૦ જેટલા પુરુષ મતદારો, ૭,૦૮,૧૩૨ જેટલા મહિલા મતદારો તેમજ ૨૪ જેટલા ટ્રાન્સજેન્ડર મતદારો સહીત કુલ ૧૪,૬૮,૮૧૬ મતદારો નોંધાયેલા છે.તાજેતરમાં જ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા નગરપાલિકાઓ/ જિલ્લા/ તાલુકા પંચાયતોની સામાન્ય/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર કરાયો છે. જેમાં તા.૧૬/૦૨/૨૦૨૫ (રવિવાર)ના રોજ મતદાન અને તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ મતગણતરી થવાની છે. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ નગરપાલિકામાં સામાન્ય ચૂંટણી અને ધ્રાંગધ્રા નગરપાલિકાના વોર્ડ નં.૧ની બેઠક નં.૪ પર અને લીંબડી નગરપાલિકાના વોર્ડ નં.૧ની બેઠક નં.૪ પર પેટા ચૂંટણી યોજાશે. આ ઉપરાંત તાલુકા પંચાયતોની પેટા ચૂંટણીમાં લીંબડી તાલુકા પંચાયતની ૧૮-ઉટડી, અનુસૂચિત જાતિ બેઠક પર અને સાયલા તાલુકા પંચાયતની ૫-ધારાડુંગરી, બિન અનામત સામાન્ય બેઠક પર ચૂંટણી યોજાશે. મતદાન કરવું એ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે, ત્યારે આગામી ચૂંટણીમાં દરેક નાગરિકોએ મહતમ મતદાન થાય તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

### ગુજરાતના મહાકુંભના શ્રદ્ધાળુઓ માટે મુખ્યમંત્રીનો સકારાત્મક નિર્ણય

# ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા ઉપડશેઃ મંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગર તા.૨૪:

હિન્દુ સનાતન ધર્મમાં મહાકુંભનું વિશેષ મહત્વ છે, જે ૧૪૪ વર્ષમાં માત્ર એકવાર આવે છે. આ અવસર પર શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ ગુજરાતથી પ્રયાગરાજ એસી વોલ્વો બસનું સંચાલન કરવા અનોખી પહેલ કરી છે, જે ગુજરાતવાસીઓ માટે રાજ્ય સરકારની શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે.

પ્રયાગરાજ ખાતે જઇને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સંયુક્ત રીતે એક સકારાત્મક નિર્ણય લીધો છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપાડવાનો નિર્ણય લઇ શ્રધ્ધાળુને રાત્રિ રોકાણ અને બસ મુસાફરી સાથેનું ઇકોનોમી પેકેજ તૈયાર કરવામાં આવ્યુ છે.

આગામી ૨૭મી જાન્યુઆરી - ૨૦૨૫થી સોમવારથી આ સેવા શરુ કરવામાં આવશે. પ્રથમ દિવસે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કીટ ખાતેથી યાત્રાને પ્રસ્થાન કરાવશે.ત્યારબાદ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે.

આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે.પ્રયાગરાજ પેકેજનું ઓનલાઇન બુકિંગ તા ૨૫/૦૧/૨૦૨૫ થી એસ.ટી નિગમની વેબસાઇટ ૂ.લતર્ભિં.શક્ષ મારફતે કરી શકાશે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની જનતાને પવિત્ર મહાકુંભનો લાભ લેવા નમ્ર પ્રયાસ કર્યો છે આમ છતાં પ્રયાગરાજ મુકામે યાત્રિકો મોટી માત્રામાં પધારતા હોઈ સમય અને સુવિધામાં પરિસ્થિતિ અનુસાર ફેરફાર થવાની શકયતા છે.

**૩ રાત્રિ/૪ દિવસનું પ્રતિ વ્યક્તિ પેકેજ માત્ર રૂ. ૮૧૦૦, મુખ્યમંત્રી ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતેથી તા.૨૭મી જાન્યુઆરીએ વહેલી સવારે યાત્રાનો પ્રારંભ કરાવશે**

ISO 9001:2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# નિફ્ટી ફ્યુચર ૨૩૦૦૮ પોઈન્ટ ઉપર તેજી યથાવત રહેશે..!!

બીએસઇ સેન્સેક્સ - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૭૬૫૨૦ સામે ૭૬૪૫૫ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૬૦૯૧ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...દિવસ દરમ્યાન સરેરાશ ૮૯૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૩૨૯ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬૧૯૦ પોઈન્ટ બંધ થયેલ..!!!

નિફ્ટી ફ્યુચર - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૩૨૬૩ સામે ૨૩૨૭૫ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૩૦૭૧ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...સરેરાશ ૩૦૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૧૪૯ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૧૧૩ પોઈન્ટ બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...

વૈશ્વિક મોરચે અમેરિકામાં ટ્રમ્પના ટેરિફ યુદ્ધનો વંટોળ શાંત થવા લાગતાં અને કોર્પોરેટ ઈન્ડિયાના ડિસેમ્બર અંતના ત્રિમાસિક પરિણામો આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી કંપનીઓમાં કોફોર્જ સહિતના એકંદર સારા આવતાં અને અમેરિકામાં ટ્રમ્પ શાસનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સુપર પાવર બનાવવાના લક્ષ્યને જોતાં ભારતીય આઈટી ઉદ્યોગને ફાયદો થવાની અપેક્ષાએ આજે સપ્તાહના અંતે ભારતીય શેરબજારમાં તેજી રહી હતી. આઈટી શેરો સાથે એફએમસીજી ફ્રન્ટલાઈન શેરોમાં આકર્ષણે સેન્સેક્સ, નિફ્ટી બેઝડ સુધારો આગળ વધ્યો હતો.

આ સાથે ભારતીય શેરબજારમાં એક તરફ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો શેરોમાં સતત મોટાપાયે વેચવાલ બન્યા છે, ત્યારે બીજી તરફ લોકલ ફંડો-સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં ઘટાડે સતત ખરીદી થઈ રહી છે, છતાં શેરોના ભાવો સતત તૂટતા જોવાઈ રહ્યા છે. આ સામે લાર્જ કેપ શેરોમાં પણ પસંદગીની ખરીદી થવા છતાં ભાવો ઘટી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્મોલ, મિડ કેપ શેરોમાં મોટી ઐતિહાસિક તેજી જોવાયા બાદ છેલ્લા કેટલાક મહિનાઓથી મોટો ઘટાડો થતો જોવાઈ રહ્યો છે. બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૬૦% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૨૩% ઘટીને બંધ રહ્યા હતા.

વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર ફોકસ્ડ આઇટી, એફએમસીજી અને ટેક શેરોમાં ભારે લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૦૫૯ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૯૦૨ અને વધનારની સંખ્યા ૧૦૩૮ રહી હતી, ૧૧૯ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૪ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં હિન્દુસ્તાન યૂનિલિવર ૧.૯૮%, ટેક મહિન્દ્ર ૦.૭૫%, નેસલે ઈન્ડિયા ૦.૭૦%, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૫૮%, ઈન્ફોસિસ લી. ૦.૫૬%, પાવર ગ્રીડ કોર્પોરેશન ૦.૪૯%, ભારતી એરટેલ ૦.૪૭%, આઈટીસી લી. ૦.૩૦%, ટીસીએસ લી. ૦.૧૪ અને એનટીપીસી લી. ૦.૦૨% વધ્યા હતા, જયારે મહિન્દ્રા મહિન્દ્રા ૨.૯૨%, ઝોમેટો લિ. ૨.૭૫%, ટાટા મોટર્સ ૨.૪૮%, ઈન્ડસઇન્ડ બેન્ક ૨.૧૧%, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૧.૪૨%, લાર્સેન લી. ૧.૩૧%, અલ્ટ્રાટેક સિમેન્ટ લિ. ૧.૧૮%, બજાજ ફિનસર્વ ૦.૯૮%, એચડીએફસી બેન્ક ૦.૯૨%, અદાણી પોર્ટ ૦.૯૦%, સન ફાર્મા ૦.૬૬% અને એશિયન પેઈન્ટ ૦.૬૪% ઘટ્યા હતા.

બજારની ભાવિ દિશા.... મિત્રો, નવા કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં દેશના ખાનગી સેક્ટરની શરુઆત મંદ રહી છે. ખાનગી સેક્ટર માટેનો ફ્લેસ કમ્પોઝિટ પીએમઆઈ જાન્યુઆરી માસમાં ૫૭.૯ સાથે ૧૪ માસના તળિયે પહોંચ્યો છે. જે ડિસેમ્બરમાં ચાર માસની ટોચે ૫૯.૨ હતો. એચએસબીસી ઈન્ડિયા કોમ્પોઝિટ પીએમઆઇ ફ્લેશ રીડિંગ અનુસાર, જાન્યુઆરી માસ દરમિયાન એકંદરે ખાનગી સેક્ટરની ગતિવિધિઓ નબળી રહી છે. જો કે, મેન્યુફેક્ચરિંગ ગ્રોથ જાન્યુઆરીમાં છ માસની ટોચે ૫૮ પહોંચ્યો છે. જે ગતમહિને ૫૬.૪ હતો. મેન્યુફેક્ચરીંગ સેક્ટરે નવા વર્ષ ૨૦૨૫ની મજબૂત શરુઆત કરી છે. નવા નિકાસ ઓર્ડરના કારણે ઉત્પાદનો વધ્યા છે.

વૈશ્વિક પડકારો અને અનિશ્ચિતતાઓના તેમજ સ્થાનિક સ્તરે નવા ઓર્ડરમાં સુસ્તી નોંધાતા સર્વિસ સેક્ટરનો ગ્રોથ નબળો પડ્યો છે. બીજી તરફ આરબીઆઇએ ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૬.૪%ના દરે વધવાનો અંદાજ આપ્યો છે. આ દરે જીડીપી ગ્રોથ જાળવી રાખવા માટે બીજા છ માસમાં ૬.૮%ના દરે ગ્રોથ નોંધાવો જરૂરી છે. પ્રથમ છ માસમાં જીડીપી ગ્રોથ ૬%ના દરે વધ્યો હતો. પરંતુ ખાનગી સેક્ટરની કંપનીઓની મંદ શરુઆત જીડીપી ગ્રોથને નબળો પાડે તેવી ભીતિ સર્જાઈ છે.

તા.૨૭.૦૧.૨૦૨૫ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

- તા.૨૪.૦૧.૨૦૨૫ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૨૩૧૧૩ પોઈન્ટ - આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૩૦૦૮ પોઈન્ટના પ્રથમ અને ૨૨૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૩૨૩૨ પોઈન્ટ થી ૨૩૩૦૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૨૩૦૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
- તા.૨૪.૦૧.૨૦૨૫ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૪૮૩૭૫ પોઈન્ટ - આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૪૮૬૭૬ પોઈન્ટ પ્રથમ અને ૪૮૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૪૮૧૮૦ પોઈન્ટ થી ૪૮૦૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફ્ટી ફ્યુચરમાં ૪૮૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

- ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ ( ૨૪૯૨ ) - આદિત્ય બિરલા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૪૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૪૩૦ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૫૦૮ થી રૂ.૨૫૧૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૨૫૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!
- ઈન્ફોસિસ લિ. ( ૧૮૭૭ ) - ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૫૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૮૩૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૯૦૩ થી રૂ.૧૯૨૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!
- ઓબેરોય રિયલ્ટી ( ૧૭૪૧ ) - રૂ.૧૭૦૭ નો પ્રથમ તેમજ રૂ.૧૬૮૬ બીજા સપોર્ટથી રેસિડેન્શિયલ, કોમર્શિયલ પ્રોજેક્ટ્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૭૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!
- એચડીએફસી બેન્ક ( ૧૬૪૩ ) - પ્રાઇવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૫૭ થી રૂ.૧૬૭૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૬૦૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- વોલ્ટાસ લિ. ( ૧૪૬૧ ) - રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૪૧૭ સ્ટોપલોસ આસપાસ હાઉસહોલ્ડ એપ્લાયેન્સીસ સેક્ટરનો આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૭૭૪ થી રૂ.૧૭૮૦ આસપાસ ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!!!
- કોટક મહિન્દ્ર બેન્ક ( ૧૮૮૬ ) - ટેકનીકલ ચાર્ટ મુજબ પ્રાઇવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૯૦૩ આસપાસ વેચવાલી થકી રૂ.૧૮૭૦ થી રૂ.૧૮૪૪ ના નીચા મથાળે ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૧૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો..!!
- એચસીએલ ટેકનોલોજી ( ૧૭૯૬ ) - રૂ.૧૮૧૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૨૩ ના સ્ટોપલોસે તબક્કાવાર રૂ.૧૭૭૮ થી રૂ.૧૭૬૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૮૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!
- ટેક મહિન્દ્ર ( ૧૭૧૫ ) - કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૭૬૦ ના સ્ટોપલોસથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૬૯૬ થી રૂ.૧૬૮૦ ના ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!
- ભારતી એરટેલ ( ૧૬૪૫ ) - ટેકનીકલ ચાર્ટ મુજબ ટેલિકોમ - સેલ્યુલર એન્ડ ફિક્સડ્ લાઇન સર્વિસ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૨૬ થી રૂ.૧૬૦૬ ના ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- ટાટા કોમ્યુનિકેશન્સ ( ૧૬૨૯ ) - રૂ.૧૬૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૬૫૩ ના સ્ટોપલોસે આ સ્ટોક રૂ.૧૬૦૬ થી રૂ.૧૫૮૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૬૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

**લેખક સેબી રજીસ્ટર્ડ રીસર્ચ એનાલીસ્ટ અને ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ ના પ્રોપરાઇટર છે**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

# એમસીએક્સ પર સોનાનો વાયદો ઉપરમાં ઓલ ટાઈમ હાઈના સ્તરને સ્પર્શ્યોઃ ચાંદીમાં રૂ.૮૩૮નો ઉછાળો

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૪ નરમઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૭૫૭.૩૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૪૭૮૪.૫૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૩૦૫.૯૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૧૯૩૭૧ પોઈન્ટના સ્તરે




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૫૫૪૭.૦૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૭૫૭.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૪૭૮૪.૫૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૯૩૭૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૫૧.૯૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૩૦૫.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯૭૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૦૦૭૩ અને નીચામાં રૂ.૭૯૭૦૦ના ઊંચા સ્તરને સ્પર્શી, રૂ.૭૯૬૨૬ના આગલા બંધ સામે રૂ.૪૦૯ના ઉછાળા સાથે રૂ.૮૦૦૩૫ના ભાવ થયા હતા. આ સામે સોનાનો એપ્રિલ વાયદો ઉપરમાં રૂ.૮૦,૭૪૯ અને જૂન વાયદો રૂ.૮૧,૬૯૦ના ઓલ ટાઈમ હાઈના સ્તરને સ્પર્શ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૭ વધી રૂ.૬૩૭૧૩ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૭૮૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૯ વધી રૂ.૭૯૯૪૩ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૧૬૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૦૯૭ અને નીચામાં રૂ.૯૧૬૦૦ના મથાળે અથડાઈ, રૂ.૯૧૧૪૯ના આગલા બંધ સામે રૂ.૮૩૮ના ઉછાળા સાથે રૂ.૯૧૯૮૭ના ભાવ થયા હતા. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૦૮ વધી રૂ.૯૧૯૪૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૭૮૮ વધી રૂ.૯૧૯૧૩ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૬૦૯.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ જાન્યુઆરી વાયદો રૂ.૮.૫ વધી રૂ.૮૪૧.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત જાન્યુઆરી વાયદો ૭૦ પૈસા વધી રૂ.૨૭૧.૪૫ના ભાવ થયા હતા. આ સામે એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૨૫૪.૧ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું જાન્યુઆરી વાયદો ૧૫ પૈસા વધી રૂ.૧૭૭.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૮૫૩.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૬૪૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૪૯૨ અને નીચામાં રૂ.૬૪૩૧ના મથાળે અથડાઈ, રૂ.૬૪૮૪ના આગલા બંધ સામે રૂ.૧૪ ઘટી રૂ.૬૪૭૦ના ભાવ થયા હતા. જ્યારે ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૬ ઘટી રૂ.૬૪૭૧ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૭ ઘટી રૂ.૩૩૦.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૭.૧ ઘટી રૂ.૩૩૦.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૧૮.૨ના ભાવે ખૂલી, ૩૦ પૈસા ઘટી રૂ.૯૨૦.૧ના ભાવે બોલાયો હતો. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો ખાંડીદીઠ રૂ.૯૦ વધી રૂ.૫૩૪૨૦ના ભાવ થયા હતા.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૬૮૦.૨૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૬૨૫.૭૨ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ. ૮૭૪.૩૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭૭.૩૨ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૨.૯૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૫.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૧.૮૫ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૧૧.૨૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ. ૩.૭૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ. ૫.૫૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૧૦૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૬૬૪૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૫૪૭૯ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૫૯૮૩૪ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૪૫૩૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૫૭૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૫૪૭૬ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૮૫૪૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૬૭૩૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૯૩૧૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૧૯૩૭૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૧૯૩૧૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૮૩ પોઈન્ટ વધી ૧૯૩૭૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૫ ઘટી રૂ.૧૭૩.૪ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૮ ઘટી રૂ.૦.૮૫ના ભાવ થયા હતા.

સોનું જાન્યુઆરી રૂ.૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૫ વધી રૂ.૨૮૭.૫ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૫૭.૫ વધી રૂ.૨૭૦૦ના ભાવ થયા હતા. તાંબુ જાન્યુઆરી રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૧ વધી રૂ.૨.૩૯ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨ પૈસા ઘટી રૂ.૦.૧ના ભાવ થયા હતા.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૪૫ ઘટી રૂ.૧૭૬.૫૫ના ભાવે બોલાયો હતો. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૮ ઘટી રૂ.૦.૮૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬ વધી રૂ.૨૭૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૪ વધી રૂ.૨૫૫૦.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫.૩ વધી રૂ.૨૦૨.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ વધી રૂ.૩.૫૫ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૭૯૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯.૫ ઘટી રૂ.૧૦૬ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫૮ ઘટી રૂ.૨૬૯૩ના ભાવે બોલાયો હતો. તાંબુ જાન્યુઆરી રૂ.૮૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૦.૪૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૮ પૈસા ઘટી રૂ.૨.૬ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૫ વધી રૂ.૨૦૩.૪૫ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ વધી રૂ.૩.૫૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૭૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯.૫ ઘટી રૂ.૭ના ભાવ થયા હતા. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૮ ઘટી રૂ.૨૫૮૦ના ભાવ થયા હતા.

# મોરબી-વાંકાનેર હાઈવે પર રીક્ષા ઓવરટેક કરી ધોકા વડે માર માર્યો

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૪:

મોરબીના લાલપર ગામ નજીકથી રીક્ષા લઈને યુવાન જતો હતો ત્યારે અન્ય રીક્ષાચાલકે ઓવરટેક કરી રીક્ષા ઉભી રાખી યુવાનને ફડાકો ઝીંકી તેમજ મારવાનું કારણ પૂછતા ધોકા વડે ત્રણ ઘા મારી મોબાઈલ તોડી નુકશાન કર્યાની ફરિયાદ નોંધાવી છે મોરબીના સામાકાઠે વિપુલનગર સોસાયટીમાં રહેતા કૃણાલ મુકેશ પરમાર (ઉ.વ.૧૯) નામના યુવાને આરોપી રીક્ષા જીજે ૩૬ યુ ૯૨૪૪ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છેકે ફરિયાદી કૃણાલ પોતાની રીક્ષા લઈને મોરબી વાંકાનેર હાઈવે પર લાલપર ગામ ઓમકાર પેટ્રોલપંપ પાસેથી જતો હતો ત્યારે આરોપી રીક્ષા ચાલકે પોતાની રીક્ષા અચાનક ઓવરટેક કરી નીકળતા તેને તરત ઉભી રાખી યુવાન પાસે આવી ફડાકો માર્યો હતો જેથી કૃણાલે મારવાનું કારણ પૂછ્યું હતું અને માર ના મારવાનું કહેતા રીક્ષામાંથી ધોકો કાઢી ફરિયાદી પાછળ દોડી ત્રણેક વાર ધોકાનો માર માર્યો હતો જે મારામારીમાં ફરિયાદી કૃણાલનો મોબાઈલ તૂટી જતા નુકશાન થયું હતું અને આરોપીએ જતી વેળાએ ફરિયાદીને મારી નાખવાની ધમકી આપી હતી મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે

**જુગાર રમતા ત્રણ ઝડપાયા**

મોરબી તાલુકા પોલીસે ભડિયાદ અને લાલપર ગામે બે સ્થળે રેડ કરી જુગાર રમતા ત્રણ ઇસમોને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકા પોલીસ ટીમે ભડિયાદ ગામની સીમમાં રેડ કરી હતી જ્યાં જાહેરમાં જુગાર રમતા સુનીલ કેશુભાઈ ઓગણીયા અને રણછોડ કેશુભાઈ ઓગણીયા એમ બેને ઝડપી લઈને રોકડ રૂ ૪૭૦ જપ્ત કરી છે બીજી રેડ લાલપર ગામની સીમમાં કરી હતી જ્યાં જાહેરમાં વરલી ફીચર જુગાર રમતા કલ્પેશ દિનેશભાઈ મજેઠીયાને ઝડપી લઈને રોકડ રૂ ૪૭૦ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

**ગોડાઉનમાંથી ૨૧૪૭ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો**

ટંકારા પંથકમાં ખુબ ગાજેલા જુગાર કાંડ બાદથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમના રડારમાં ટંકારા આવી ગયું હોય તેમ ફરી એક વખત ટીમે રેડ કરી હતી જયાં લજાઈ જીઆઈડીસીમાં આવેલ બંધ ગોડાઉનમાં રેડ કરી ઈંગ્લીશ દારૂની ૨૧૪૭ બોટલનો જથ્થો કબજે લઈને વધુ તપાસ ચલાવી છે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે લજાઈ જીઆઈડીસીમાં આવેલ શ્રી સંકલ્પ ગોડાઉન સામે આવેલ બંધ ગોડાઉનમાં બાતમીને આધારે રેડ કરી હતી જ્યાં સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ ૨૧૪૭ કીમત રૂ ૧૧,૮૧,૪૧૪ નો જથ્થો મળી આવ્યો હતો જેથી ટીમે દારૂનો જથ્થો કબજે લઈને ગોડાઉન પોતાના નામે ભાડે રાખનાર આરોપી કમલેશકુમાર હનુમાનરામ ઉમર (ઉ.વ.૩૧) રહે અડાસર બિકાનેર રાજસ્થાન અને દારૂનો જથ્થો મોકલનાર અને લેનાર તેમજ તપાસમાં ખુલે તે આરોપીઓ વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# વાંકાનેર: બંધ ટ્રક સાથે બાઈક અથડાતા પિતા-પુત્રીના મોત, પત્નીને ઈજા

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૪:

હસનપર ઓવરબ્રિજ પાસેથી બાઈકમાં દંપતી તેની દીકરી સાથે જતું હતું ત્યારે બંધ ટ્રક સાથે બાઈક અથડાયું હતું જે અકસ્માતમાં ૫ વર્ષની માસૂમ દીકરીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જયારે માતા અને પિતાને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં સારવારમાં પિતાનું પણ મોત થયું હતું અકસ્માતના બનાવ મામલે પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે. વાંકાનેર તાલુકાના નવી રાતીદેવરી ગામના રહેવાસી રમેશભાઈ ગાંડુભાઈ પરબતાણી (ઉ.વ.૫૨) વાળાએ ટ્રક જીજે ૩૬ વી ૨૨૩૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ટ્રક ચાલકે તેનો ટ્રક નેશનલ હાઈવે પર કોઈ આગળ પાછળ આડશ કે લાઈટ સિગ્નલ વિના રાખ્યો હતો અને ફરિયાદીના દીકરા મયુરભાઈ રમેશભાઈ પરબતાણી (ઉ.વ.૨૪) વાળા તેનું બાઈક લઈને જતા હતા ત્યારે હસનપર ઓવરબ્રિજ પર બાઈક બંધ ટ્રક સાથે અથડાયું હતું જે અકસ્માતમાં ફરિયાદીના દીકરા મયુરભાઈ અને તેની દીકરી પ્રીતિ (ઉ.વ.૦૫) વાળીને ગંભીર ઈજા પહોંચતા મોત થયા હતા અને મયુરભાઈની પત્ની ભાવનાબેનને માથામાં નાની મોટી ઈજા પહોંચી હતી વાંકાનેર સીટી પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# જામજોધપુર: ઓવરટેક કરવાના પ્રશ્ને બે જૂથ વચ્ચે તકરાર, સામસામે હુમલાની પોલીસ ફરિયાદ

(નયના દવે દ્વારા)
જામનગર તા.૨૪:

જામનગર જિલ્લાના જામજોધપુરમાં મીની બસ સ્ટેન્ડ પાસે ખાનગી લક્ઝરી બસને ઓવરટેક કરવાના પ્રશ્ને બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી, અને લોખંડના પાઇપ ધોકા વડે સામસામા હુમલા કરાયા હતા. જે મામલે બંને પક્ષે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે. આ બનાવની વિગત એવી છે કે જામજોધપુર માં ખાનગી લક્ઝરી બસ ને ઓવરટેક કરવાના પ્રશ્ને બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી. જેનો ખાર રાખીને ગઈકાલે જામજોધપુરના મીની બસ સ્ટેન્ડ પાસે બંને જૂથ એકત્ર થઈ ગયા હતા, અને ફરીથી ઝઘડો થયા બાદ સામ સામે લોખંડના ધોકા-પાઇપ જેવા હથિયારો વડે હુમલા કરાયા હતા તેમજ એક ઇકો કારમાં તોડફોડ કરી દેવામાં આવી હતી.

આ બનાવ અંગે સૌ પ્રથમ જામજોધપુરમાં સ્વામિનારાયણ મંદિર પાસે રહેતા માણસીભાઈ રાયદેભાઈ સંધીયા નામના ૫૫ વર્ષના પ્રૌઢે પોતાના ઉપર લોખંડના પાઇપ અને ધોકા વડે હુમલો કરી પગ ભાંગી નાખવા અંગે અને પોતાની ઇકો કાર નો કાચ તોડી નાખવા અંગે હમીર લખુ મૂંગાણિયા, નાગા લખુ મૂંગાણીયા અને ધવલ નાગા મૂંગાણિયા સામે ફરિયાદ નોંધાવી છે. જયારે ફરિયાદી માણશીભાઈ ને સારવાર માટે જામનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જયાં તેઓના પગનું ઓપરેશન કરવામાં આવ્યું છે. જયારે સામા પક્ષે કિશોરભાઈ લખુભાઈ મુંગાણીયા (૩૪) એ પોતાના ઉપર તેમજ પોતાના ભાઈ ઉપર લોખંડના પાઇપ અને લાકડી વડે હુમલો કરી ફેક્ચર સહિતની ઈજા પહોંચાડવા અંગે રાજાભાઈ માણસીભાઈ સંધીયા, વિશાલ હમીરભાઈ સંધીયા, કરસનભાઈ માણસીભાઈ સંધીયા તેમજ માણસીભાઈ રાયદેભાઈ સંધીયા સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જે મામલે જામજોધપુર પોલીસે બંને પક્ષની સામ સામી ફરિયાદ નોંધ વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી: બોલેરોમાં કતલખાને ધકેલાતા અબોલ જીવને બચાવી લેવાયા

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૪:

શનાળા બાયપાસ વાવડી ચોકડી પાસે બોલેરોમાં કતલખાને લઇ જવાતા બે અબોલ જીવને બચાવી લઈને ગૌરક્ષકોની ટીમે મુદામાલ પોલીસ મથકમાં સોપતા પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે

વહેલી સવારે મોરબી શનાળા બાયપાસ પાસેથી બોલેરો પીકઅપમાં બે અબોલ જીવોને કતલખાને લઇ જવાતા હોવાની બાતમી મળતા ગૌરક્ષકોની ટીમે વોચ ગોઠવી હતી અને વાવડી ચોકડી પાસેથી બોલેરો પીકઅપ ગાડીને રોકાવીને ચેક કરતા બે ભેંસ મળી આવી હતી જેથી



બોલેરો અને અબોલ જીવ સહિતનો મુદામાલ એ ડીવીઝન પોલીસ મથકને સોપી દીધો હતો અને પોલીસે ધોરણસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે

# ગીરસોમનાથ જિલ્લામાં ઉના-અંજાર રોડ પર આધેડની હત્યા

**ગીરસોમનાથ,તા.૨૪**

**ગીરસોમનાથ જિલ્લામાં ઉના-અંજાર રોડ પર આધેડની હત્યા કરવામાં આવી છે. ઉના-અંજાર રોડ પર ગત સાંજે આધેડની હત્યા કરવામાં આવી છે. આધેડનો મૃતદેહ મછુન્દ્રી નદીના ચેકડેમ પાસેથી મળ્યો છે. જીતુ કાનજી સોલંકી નામના આધેડની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. જીતુ કાનજી સોલંકી નામનો આધેડ ચાની લારી ચલાવતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આધેડના મૃતદેહ પાસેથી એક સ્પરે મળી આવ્યું હતું. આધેડ અંજાર ગામે પરત ફરતા હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી છે. પોલીસે આને લઈને અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધરી છે.**

**પોલીસ માટે હવે અહીં સૌથી મોટો સવાલ એ ઉઠે છે કે ચાની લારી ચલાવતા આધેડની વળી કોણ હત્યા કરે. આ માટે પોલીસ જૂની અદાવત, કૌટુંબિક અદાવત, લૂંટ, કોઈની સાથે થયેલી માથાકૂટ સહિતના વિવિધ એન્ગલથી તપાસ કરી રહી છે. આ ઉપરાંત તેના મોબાઈલ ફોનના કોન્ટેક્ટના આધારે પણ પોલીસે તપાસ આદરી છે. પોલીસે આ ઉપરાંત આ કિસ્સામાં વ્યાજખોરના એન્ગલને ધ્યાનમાં રાખીને ધંધાકીય બાબતને લઈને પણ પૂછપરછ કરવાનું શરૂ કર્યુ છે. કોઈ વ્યાજખોરે પણ જીવ લીધો હોય તેવી સંભાવના પણ પોલીસ ચકાસી રહી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને સઘન ચકાસણી શરૂ કરી છે.**

# વાંકાનેર: વિવિધ હોટેલ કમ્પાઉન્ડમાં ડુપ્લીકેટ ઓઈલ વેચતા ત્રણ ઈસમો ઝડપાયા

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૪:

વાંકાનેર શહેરની વિવિધ હોટેલના કમ્પાઉન્ડમાં નકલી ઓઈલ વેચતા ત્રણ ઇસમોને ઝડપી લઈને પોલીસે ૨૭ હજારથી વધુનો મુદામાલ કબજે લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે મહારાષ્ટ્રના રહેવાસી પરશુરામ સુખદેવ કારંડેએ આરોપીઓ દીપકકુમાર રામબહાદુર કશ્યપ, ફુઆરામ મુલારામ જાટ અને રાજુ ભીમાભાઇ ઓળકીયા એમ ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં



જણાવ્યું છેકે આરોપીઓ (યુરીયા) કંપનીના ટ્રેડમાર્ક સ્ટીકરોનો ઉપયોગ કરી ડુપ્લીકેટ (નકલી) ઓઈલ (યુરીયા) વેચાણ કરતા અલગ અલગ હોટેલ કમ્પાઉન્ડમાંથી આરોપીઓ ઝડપાયા હતા જેમાં આરોપી દીપકકુમાર કશ્યપ પાસેથી ભરેલ ડોલ નંગ ૧૦ કીમત રૂ ૧૦ હજાર, આરોપી ફુઆરામ જાટ પાસેથી ભરેલ ડોલ નંગ ૦૪ કીમત રૂ ૪૦૦૦ અને આરોપી રાજુ ઓળકીયા પાસેથી પાઈપ ઝોનલ સાથેનો નંગ ૦૧ કીમત રૂ ૧૦૦૦ તથા ૨૦૦ લીટર યુરીયા અને ટાંકી સહીત કુલ રૂ ૨૭ હજારનો મુદામાલ ઝડપી લેવામાં આવ્યો છે વાંકાનેર સીટી પોલીસે આરોપીઓને ઝડપી લઈને કોપી રાઈટ એક્ટ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

# ભાણવડના બરડા ડુંગરમાંથી બે માનવ કંકાલ મળી આવ્યા

## કંકાલ પ્રેમી પંખીડાના છે કે બીજાના? તપાસના ચક્રો ગતિમાન

(વિજય ધ્રુણા દ્વારા)
મીઠાપુર, તા.૨૪

દેવભૂમી દ્વારકા જીલ્લાના ભાણવડ તાલુકામાં બે માનવ કંકાલ મળતા ભારે રહસ્ય સર્જાયુ છે. આ બન્ને માનવકંકાલ કોઈ પ્રેમીપંખીડાના હોવાનુ અનુમાન થઈ રહયુ છે ત્યારે આ બન્ને દ્વારા આપઘાત કરાયો છે કે પછી કોઈ દ્વારા આ કૃત્ય કરવામાં આવેલ છે તે અંગે પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ શરૂ કરવામાં આવેલ છે. આગામી સમયમાં આ ઘુંટાતા રહસ્ય પરથી પરદો ઉંચકાવવાની સંભાવના છે.

દેવભૂમી દ્વારકા જીલ્લાના ભાણવડ પંથક સ્થિત બરડા ડુંગરમાંથી બે માનવ કંકાલ મળેલ છે. આ માનવ કંકાલ કોઈ પ્રેમીપંખીડાના છેકે કોઈ બીજાના? તે દિશામાં તપાસ ચાલી રહી છે. ભાણવડ પોલીસ દ્વારા બન્નેની ઓળખ માટે ચક્રો ગતિમાન કરાયા છે. આંબલીના વૃક્ષ સાથે સુતરની દોરીથી ગળાફાંસો ખાધેલ હાલતમાં યુવતિ અને એક યુવાનના કંકાલમાં પરીવર્તીત થયેલ બે મૃતદેહ મળેલ છે.

# સુરત પોલીસે સિહોરના રીઢા તસ્કરને ઝડપ્યો

## રાજકોટ, જુનાગઢ, ભાવનગર, ધંધુકા, સુરેન્દ્રનગર અને આણંદ પોલીસના ચોપડે ચડેલ

રાજકોટ, તા.૨૪

સુરત શહેરમાં છેલ્લા ત્રણેક માસ દરમ્યાન શહેરના જુદાજુદા વિસ્તારોમાં આવેલ દુકાનો ત્થા કિલનિક સહિત ૧૮ સ્થળોએ ત્રાટકી હાથફેરો કરનાર મૂળ અમરેલી જીલ્લાના દામનગરના અને હાલ ભાવનગર જીલ્લાના શિહોર ખાતે રહેતા વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણા ઉ.વ.૩૪ ની સુરત શહેર ગુન્હા શોધક શાખાના સ્ટાફ દ્વારા રૂા.૧.૫ લાખ રોકડા ત્થા સોનાના બ્રેસલેટ-મોબાઈલ ફોન તેમજ ઘરફોડ ચોરીમાં વપરાતા સાધનોના કુલ રૂા.૨.૩૭.૯૫૦ ના મુદામાલ સાથે ઝડપી પાડી પુછપરછ હાથ ધરતા આ રીઢા તસ્કરે ચોરીના ગુન્હામાં ફીફટી ફટકાર્યાનુ કબુલેલ છે.

સુરત પોલીસની તપાસ દરમ્યાન શિહોરનો રીઢા તસ્કરે અગાઉ સુરત ખાતે ૪ ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલ હોવા ઉપરાંત રાજકોટ શહેરના એ-



ડીવીઝન પોલીસ સ્ટેશનના ૫ ગુન્હા, ભાવનગર શહેર-જીલ્લાના ૧૧, અમરેલીના ૪, આણંદના ૩, ધંધુકા ૨, જૂનાગઢ, ગીર સોમનાથ (વેરાવળ), જેતપુર (રાજકોટ ગ્રામ્ય) અને સુરેન્દ્રનગર જીલ્લા પોલીસમાં ૧-૧ સ્થળોએ હાથ અજમાવી ચુકેલ હોવાનુ પોલીસ તપાસમાં ખુલ્યું છે.

આ રીઢો તસ્કર કોઈ જ ટોળકી બનાવતો નથી કે કોઈ સાગ્રીત રાખતો નથી એકલા હાથે જ તસ્કરીનુ નિશાન પાર પાડે છે. આરોપી હાલ ભાવનગર જીલ્લાના શિહોર ખાતે આવેલ હનુમાન મંદિર નજીક આવેલ રામનગરમાં રહે છે તે મૂળ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના દામનગરનો રહેવાસી છે. આરોપી એક જીલ્લામાં હાથફેરો કરી તે જીલ્લો-શહેર છોડી અન્ય શહેરમાં જતો રહેતો હતો.

# કેશોદની હોટેલમાં કુદરતી હાજતે ગયેલા યુવકે દુષ્કર્મની ફરિયાદ કરનાર પ્રેમિકાના ત્રાસથી કંટાળી પોલીસ કસ્ટડીમાં કર્યો આપઘાત

## પોલીસે પ્રેમિકા વિરુદ્ધ મરવા મજબુરની કલમ હેઠળ ગુનો નોંધ્યો

રાજકોટ તા.૨૪

ગીર સોમનાથ જિલ્લામાં નોંધાયેલી દુષ્કર્મની ફરિયાદના આરોપીએ કેશોદની હોટેલમાં પોલીસ કસ્ટડી દરમિયાન ટાઇલ્સ ક્લિનર ગટગટાવી લેતા સારવાર દરમિયાન યુવકનું મોત નીપજ્યું છે. પરિણીત યુવક વિરુદ્ધ પ્રેમિકાએ દુષ્કર્મનો ગુનો દાખલ કરાવતા ગીર સોમનાથ પોલીસ આરોપીની ધરપકડ કરવા અમદાવાદ દોડી ગઈ હતી અને ત્યાંથી દુષ્કર્મના આરોપીને લઇ ગીર સોમનાથ પરત ફરી રહી હતી. દરમિયાન કેશોદ નજીક હોટેલમાં કુદરતી હાજતે જવાનું બહાનું કરી અમર જીકાણીએ બાથરૂમમાં રહેલ ટાઇલ્સ ક્લિનર પી લેતા યુવકને બચાવવા પડેલા પોલીસકર્મી પણ એસિડના કારણે દાઝી ગયાં હતા. યુવકને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ કેશોદ અને ત્યારબાદ જૂનાગઢ અને બાદમાં રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. બીજી બાજુ પોલીસે પ્રેમિકા વિરુદ્ધ આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

ગીર સોમનાથ જિલ્લાના એક દુષ્કર્મ કેસના આરોપીએ એસિડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગીર સોમનાથ પોલીસે બાતમીના આધારે આરોપીને અમદાવાદથી પકડ્યો હતો. પરત ફરતી વખતે કેશોદ હાઈવે નજીક એક હોટલના બાથરૂમમાં લઘુશંકા માટે લઈ જવાયો ત્યારે આરોપીએ ત્યાં રાખેલા એસિડથી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.પોલીસે તેના હાથમાંથી એસિડની બોટલ છીનવવાનો પ્રયાસ કર્યો હતો દરમિયાન એક પોલીસકર્મી પણ ચહેરાના ભાગે દાઝ્યો હતો. આરોપીને ગંભીર હાલતમાં જૂનાગઢથી રાજકોટ ખસેડાયો છે.

બનાવના પગલે અમર હાજીભાઈ જીકાણી(ઉ.વ.૨૮)ને તાત્કાલિક કેશોદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. તેની તબિયત વધુ લથડતાં હાલ રાજકોટની હોસ્પિટલમાં સારવાર હેઠળ લાવવામાં આવ્યો હતો પણ યુવકે દમ તોડી દીધો હતો.

મામલામાં પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ડારી ગામના ૨૯ વર્ષીય અમાર ઉર્ફે અમર હાજીબાઈ જીકાણી વિરુદ્ધ બળાત્કાર અને એટ્રોસિટીનો ગુનો નોંધાયો હતો. આરોપી સામેની ફરિયાદ મુજબ, તેણે યુવતીને ફોન પર હેરાન કરી, આત્મહત્યાની ધમકી આપી હતી. ૪ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ વેરાવળની એક હોટલમાં અને ત્યાર બાદ અમદાવાદની વિવિધ હોટલોમાં લગ્નનું આશ્વાસન આપી યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. જે બાદ પોલીસે અમદાવાદથી ધરપકડ કરી ગીર સોમનાથ લઇ જતાં કેશોદ નજીક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ મામલે ગીર સોમનાથ પોલીસે પ્રેમિકા વિરુદ્ધ આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો નોંધ્યો છે.

# રાજકોટ ટપાલ આપવા ગયેલા પોસ્ટમેન પર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકનો હુમલો

## ટપાલની રિસીવ કોપીમાં સહી-સિક્કા કરવાનું કહેતા મયંક ખજુરિયાએ માર માર્યો, ગાંધીગ્રામ પોલીસમાં નોંધાતો ગુનો

રાજકોટ :શહેરમાં તદ્દન નજીવી બાબતે હુમલાની વધુ એક ઘટના સામે આવી છે. ટપાલની ડિલિવરી આપવા ગયેલા પોસ્ટમેને રિસીવ કોપીમાં સહી-સિક્કા કરવાનું કહેતા ધર્મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના મયંક ખજુરિયાએ ગાળો આપી માર માર્યાની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઈ છે. મામલામાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં કિરણદાસ જાનકીદાસ દુધરેજીયા એ નોંધાવેલી ફરિયાદમાં ધર્મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના મયંક ખજુરિયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, હુંરૈયા રોડ પોસ્ટ ઓફીસમા પોસ્ટમેન તરીકે છેલ્લા ચારેક મહીનાથી ફરજ બજાવું છુ. ગઈકાલે સવારના પોણા અગિયાર વાગ્યાં આસપાસ હુ સ્પીડ પોસ્ટનું એક કવર ડીલેવરી કરવા માટે ધર્મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, અલ્કેશ્વર મહાદેવ મંદીર પાસે, અલ્કાપૂરી કોર્નર, રૈયા રોડ ખાતે ગયેલ હતો.

જયાં હાજર મંયકભાઈ ખજુરીયાએ પોતાના નામની ઓળખ આપી આ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ મારું જ છે તેમ જણાવ્યું હતું. જેથી મે તેમને કહેલ કે આ કવર ધર્મન ટુર્સ એન્ડ ટાવેલ્સના નામે છે, તમારા નામે નથી જેથી રીસીવ કોપી (ડીલેવરી સ્લીપ)માં તમારા ટુર્સ એન્ડ ટાવેલ્સનો સિક્કો મારી તમારી સહી કરી આપો. જે બાદ મંયકભાઈ ખજુરીયા ઉશ્કેરાઈ ગયેલ હતા. સિક્કા વાળીનો થઈશ નહિ, તારા બાપની પેઢી છે તેમ કહી કાયદેસરની ફરજમા રુકાવટ કરી અમારી ડીલેવરી સ્લીપમાં સહી ન કરી આપી મને ગાળો આપી હતી. બાદમાં મને ઢીકાપાટુનો માર માર્યો હતો. માર માર્યા બાદ મયંક તેના ઘરની અંદર જતો રહેતા પોસ્ટમેને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફોન કરી સિવિલ હોસ્પિટલ ખાતે સાર સારવાર અર્થે દાખલ થયાં હતા. બાદમાં મામલામાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં મયંક ખજુરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પી જી રોહડિયાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# બેટ દ્વારકામાં દબાણ દૂર કરવાના મામલે હાઈકોર્ટમાં કાનૂની જંગ

(વિજય ધ્રુણા દ્વારા)
મીઠાપુર, તા.૨૪

દેવભૂમી દ્વારકા જીલ્લાના બેટ દ્વારકામાં જમીન દબાણ દૂર કરવાના મામલે હાઈકોર્ટમાં કાનૂની જંગના મંડાણ થયા છે. બેટ સ્થિત કબ્રસ્તાનની જમીન સબબ વકફ બોર્ડ દ્વારા હાઈકોર્ટમાંથી સ્ટેસ્કો મેળવેલ હતો જે અંગે સરકારવતી વકીલ દ્વારા ધારદાર દલીલ કરવામાં આવી હતી. આ અંગે આગામી ૪ ફેબ્રુઆરીના રોજ વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.

# રાજકોટ નજીક ક્રાઈમ બ્રાન્ચે કારનો પીછો કરી ૨૪૬ બોટલ દારૂ ઝડપ્યો

## વાહન અને શરાબ મળી રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે, ચાલક ફરાર

રાજકોટ

રાજકોટ ક્રાઇમ બ્રાન્ચએ ઠેબચડા નજીકથી ફોર વ્હીલ કારનો ફિલ્મી ઢબે પીછો કરી મહીકા જવાનાં રસ્તેથી રેઢી મળી આવેલી બલેનો કારમાથી ૨૪૬ બોટલ દારૂ કબ્જે કરવામાં આવ્યો હતો. ક્રાઇમ બ્રાન્ચે શરાબ અને કાર મળી રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ ઝડપી નાસી ગયેલા ચાલકની શોધખોળ હાથ ધરી છે.

મામલાની પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગર-રાજકોતે હાઇવે પર ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ જળું, યુવરાજસિંહ ઝાલા, કોન્સ્ટેબલ અશોકભાઇ ડાંગર, પ્રદીપસિંહ જાડેજા સહીતની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એક શંકાસ્પદ બલેનો કાર નંબર જીજે-૧૩-સીએ-૧૯૦૬ રોકવા જતા

ચાલક પોલીસને જોઈને ઠેબચડા ગામ તરફ

નાસી ગયો હતો. પોલીસે કારનો પીછો કર્યો હતો પણ ધૂળની ડમરીઓ ઉઠતા ચાલક નાસી જવામાં આંશિક સફળ રહ્યો હતો. જે બાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમે આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગ મારફત ચેકીંગ શરૂ કરતા મહીકા જવાનાં રસ્તેથી કાર રેઢી મળી આવી હતી.

પોલીસે કારની તલાસી લેતા તેમાંથી શરાબની ૨૪૬ બોટલ મળી આવી હતી ક્રાઇમ બ્રાન્ચના રાજેશભાઈ જડુ, અશોકભાઈ ડાંગર , પ્રદિપસિંહ જાડેજા સહિતના સ્ટાફે કાર અને વિદેશી દારૂ મળે રૂ ૪.૫૨ લખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે કારના નંબરના આધારે ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટ બહેનની ખોટી સહીઓ કરી પિતરાઈ ભાઈએ રૂ.૪૦ લાખની લોન મેળવી લીધી

## ભાગીદારી પેઢીમાંથી છૂટા થવાની નોટીસ આપ્યા બાદ અમિત બોરડે લોન મેળવી, કોલકાતાની કોર્ટમાંથી નોટીસ આવતા ભાંડો ફૂટ્યો

રાજકોટ:શહેરમાં વધુ એક છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. પિતરાઈ ભાઈએ જ બહેનની ખોટી સહીઓ કરી ખાનગી ફાયનાન્સ પેઢીમાંથી રૂ. ૪૦ લાખની લોન મેળવી લીધાના બનાવમાં યુનિવર્સીટી પોલીસ મથકમાં અમિત બોરડ વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

મામલામા બ્રિન્દાબેન નીરજભાઈ પટેલ (ઉ.વ. ૪૩ રહે. ટપુ ભુવન પ્લોટ, સ્વામીનારાયણ ચોક)એ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હુ ઘરેથી જ સર્વીસ પ્રોવાઇડર નુ કામ કરૂ છું. મારા પતિ આફ્રિકા ખાતે નોકરી કરે છે. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં મે અને મારા પિતરાઈ ભાઈ અમીતભાઈ મનહરભાઈ બોરડ કે જે મારા ઘરની ઉપર બીજા માળે ભાડે રહેતા હતા. અમે બંનેએ સાથે મળી ભાગીદારીમા શ્રી પાવડર કોટિંગ નામની પેઢી ગોંડલ રોડ જગ્યા ભાડે રાખી ચાલુ કરેલ હતી. જેમા લોખંડના પાર્ટને કલર કરવાનુ જોબ વર્ક કરતા હતા અને શ્રી પાવડર કોટીંગ નામની ભાગીદારી પેઢીના ડીડમાં મારૂ માત્ર નામ રાખેલ હતુ પરંતુ બધો વહીવટ મારા વતી મારા પતિ નિરજભાઈ ભરતભાઇ પટેલ અને પિતરાઈ ભાઈ અમીતભાઈ ભોરડ કરતા હતા.બાદમાં આહીર ચોકમા અટીકા વિસ્તારમાં જગ્યા ભાડે રાખેલ હતી અને છેલ્લે વિરાણી અઘાટ પ્લોટ ૧૦૭ મોની એસ્ટેટની બાજુમા શ્રી પાઉડર કોટીંગ પેઢી ચાલતી હતી. મારા પતિ આશરે ચારેક વર્ષથી આફ્રીકા જતા રહેલ છે અને મારો દિકરો ધોરણ - ૧૨ મા અભ્યાસ કરતો હોય જેથી હુ આ અમારી ભાગીદારી પેઢીમા ધ્યાન આપી શકતી ન હોય જેથી મેં પેઢી માથી છુટુ થવાનુ નક્કી કરેલ હતું. ગર તા.૪/૪/૨૦૨૪ ના રોજ મે અમીતભાઈને ભાગીદારી પેઢીમાથી છુટા થવાની નોટીશ આપેલ અને બાદ બીજા દિવસે તા.૫/૪/૨૦૨૪ ના સી.એ.સર્ટીફીકેટ સાથે હિસાબ આપેલ હતો. જે હિસાબ પ્રમાણે મારે રૂ. ૭,૧૮, ૨૧૯ લેવાના બાકી નિકળતા હતા અને તા ૦૭/૦૫/૨૦૨૪ ના રોજ ભાગીદારી પેઢીમાથી અમો છુટા થઇ ગયેલ હતા.ત્યારબાદ ડીસેમ્બર, ૨૦૨૪ મા પોસ્ટ મારફતે મારા ઘરના સરનામે કલકતા જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ તરફથી બે નોટીસ આવેલ હતી. જેમા તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ મને કોર્ટમા હાજર રહેવા જણાવેલ હતું. જેથી આ બાબતે અમીતભાઈ મનહરભાઇ બોરડને પુછતા તેણે સરખો કઈ જવાબ આપેલ નહી. જેથી ઉડાણપૂર્વક પુછતા અમીતભાઈએ કહેલ કે, મે મારી દુકાન ઉપર મોર્ગેજ લોન લીધેલ છે. મીન્ટી ફિનસર્વ પ્રા. લિ. નામની ફાઈનાન્સ કંપનીમાથી લોન લીધેલ હોય તેવુ જણાવેલ જેથી આ મીન્ટી ફિનસર્વ પ્રા. લિ. નામની ફાઇનાન્સ કંપની ૧૫૦ ફૂટ રીંગ રોડ ધ સ્પાયર - ૨ મા તેરમા માળે આવેલી હોય ત્યાં જઈને મેનેજરને પુછપરછ કરતા તેને લોનના ડોક્યુમેન્ટ મને બતાવેલ જેમા મારી સહીઓ હતી જેથી મે ત્યા મેનેજરને કહેલ કે આ સહી મે કરેલ નથી. ત્યારે મેનેજરએ કહેલ કે અમીતભાઇ બોરડ સહી કરીને ડોક્યુમેટ આપી ગયેલ છે અને ૪૦ લાખની મોર્ગેજ લોન તા. ૦૧/૦૭/૨૦૨૪ ના રોજ લીધેલ છે.જે બાદ ખોટી સહીઓ કરી મોર્ગેજ લોન લઇ લેનાર પિતરાઈ ભાઈ વિરુદ્ધ પરિણીતાએ ફરિયાદ નોંધાવતા પીએસઆઈ આર કે પટેલે તપાસ શરૂ કરી છે.

# કોડીનારમાં જગતગુરુ શ્રીરામાનંદ મહારાજની ૭૨૫મી જન્મ જયંતિની ધામધૂમ પૂર્વક ઉજવણી



(દિનેશ જોશી દ્વારા)
કોડીનાર તા ૨૪:

જગદગુરુ રામાનંદાચાર્ય જીની જન્મ જયંતી ભારત વર્ષમાં પરિભ્રમણ કરી સનાતન ધર્મને સંગઠિત કરનાર ગામો ગામ રામજી મંદિરોની સ્થાપના અને સંકલ્પ કરનાર રામભક્તિનો પ્રચાર કરનાર એવા હિન્દુ ધર્મના ઉધ્ધારક વૈષ્ણવ આચાર્યશ્રી જગદગુરુ રામાનંદાચાર્ય જીની ૭૨૫ મી જન્મ જયંતી ની કોડીનાર તાલુકાના રામાનંદી સમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતીગાયત્રી મંદિર હોલ ખાતે આ કાર્યક્રમની સૌપ્રથમ ગુરુપૂજન પ્રાર્થના આરતી ત્યારબાદ મહંત સરજુદાસ બાપુ તથા મહંત પ્રાણજીવનદાસ બાપુ પ્રમુખ બકુલભાઈ અગ્રાવત તેમજ ચંદુભાઈ નિમાવત અને પત્રકાર પરેશભાઈ લશ્કરી આ તો કે પ્રવેશન માં વિશેષ માહિતી આપવામાં આવી હતી જ્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ બકુલભાઈ અગ્રાવત ઉપપ્રમુખ જગદીશભાઈ દેવમોરારી તેમજ જીતુભાઈ નિમાવત હર્ષદભાઈ અગ્રાવત સહિત યુવક મંડળ દ્વારા જે મત ઉઠાવવામાં આવી હતી

# ચોટીલા ખાતે મોડી રાત્રે ચાલતા લાઉડ સ્પીકર સામે કાર્યવાહી

(મહેશ રાવલ દ્વારા)
સુરેન્દ્રનગર તા.૨૪:

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા સબ ડિવિઝન વિસ્તારમાં અવારનવાર પ્રસંગો દરમ્યાન ડી.જે., લાઉડ સ્પીકરો વાપરવામાં આવે છે. ઘણા બધા લાઉડ સ્પીકરો મોડી રાત્રે સુધી ચાલતા હોય છે.

જે ધ્યાને આવતા ચોટીલા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી કલ્પેશ શર્મા દ્વારા રાત્રી દરમિયાન તપાસ હાથ ધરવામાં આવી હતી.જેમાં ચોટીલા ખાતે થાન રોડ ભગવતી સોસાયટીની સામે મોડી રાત સુધી ચાલતા લાઉડ સ્પીકરને બંદ કરાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. ડી. જે. સાઉન્ડ વાળાને મોડી રાત્રે લાઉડ સ્પીકરથી મ્યુઝિક નહિ વગાડવા તાકીદ કરવામાં આવી હતી.

મોડી રાત્રે સુધી ડી.જે., લાઉડ સ્પીકરો ચાલતા હોવાથી ધ્વનિ પ્રદુષણ થાય છે. લોકોની ઊંઘ પર નકારાત્મક અસર કરે છે અને જાહેર હિત તેમજ સ્વાસ્થ્યને પણ જોખમમાં મૂકે છે. નાના બાળકો, સગર્ભા બહેનો તેમજ વરિષ્ઠ નાગરિકોને પણ મુશ્કેલી થાય છે. જેથી વહીવટી તંત્ર દ્વારા રાત્રે ૧૦ વાગ્યા પછી ડી.જે., લાઉડ સ્પીકર નહીં વગાડવા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે. આ બાબતે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ચોટીલા દ્વારા ચોટીલા, થાનગઢ અને મુળી તાલુકાના તમામ પોલીસ સ્ટેશનની ટીમોને રાત્રી પેટ્રોલિંગ દરમ્યાન આ અંગે તકેદારી રાખવા અને રાત્રે ૧૦ વાગ્યા પછી ડી.જે., લાઉડ સ્પીકર વાગતા હોય તો તે અંગે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

# જલગાંવ રેલ્વે દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓને મોરારિબાપુની શ્રદ્ધાંજલિ અને સહાય



(હરેશ જોશી દ્વારા)
કુઢેલી તા.૨૪:

થોડા દિવસ પહેલાં મહારાષ્ટ્રમાં જલગાંવ નજીક રેલ્વે ટ્રેક પર એક દુર્ઘટના સર્જાઈ હતી અને તેમાં પ્રાપ્ત વિગતો અનુસાર ૧૧ લોકોનાં કરુણ મોત નિપજયા છે. વિવિધ અખબારોમાં પ્રસિદ્ધ વિગતો અનુસાર પુષ્પક એક્સપ્રેસ ટ્રેન માં આગ લાગી છે તેવી અફવા ફેલાઈ હતી અને તેને કારણે ચાલુ ટ્રેનમાંથી જીવ બચાવવા માટે લોકો કુદી પડ્યા હતા. બરાબર એ જ વખતે બીજા પાટા પર કર્ણાટક એક્સપ્રેસ ટ્રેન પસાર થઈ રહી હતી અને તેની નીચે કચડાઇ જતાં ૧૧ લોકોનાં કરુણ મોત નિપજયા હતા.

પૂજ્ય મોરારીબાપુએ આ દુઃખદ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૬૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા શ્રી પ્રવીણભાઈ તન્ના અને તેમના સહાયકો દ્વારા રેલ્વે પાસેથી વિગતો મેળવી સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે. તેમ મહુવાથી જયદેવ માંકડની એક યાદીમાં જણાવાયું છે.

# જામનગરના દરબારગઢ- બર્ધન ચોક વિસ્તારમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ આખરે રંગ લાવી

## શહેરના દરબારગઢથી માંડવી ટાવર સુધીનો વિસ્તાર તેમજ દરબારગઢથી શાક માર્કેટ સુધીનો સમગ્ર વિસ્તાર દબાણ મુક્ત

(નયના દવે દ્વારા)
જામનગર તા.૨૪:

જામનગર મહાનગરપાલિકાના વહીવટી તંત્ર તેમજ પોલીસ વિભાગ દ્વારા છેલ્લા ચાર દિવસથી દરબારગઢ- શાક માર્કેટ- બર્ધન ચોક સહિતના વિસ્તારમાં ગેરકાયદેસરના દબાણો દૂર કરવા માટેની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, અને રેકડી- પથારા સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા, જયારે કેટલાક વેપારીઓ દ્વારા પોતાની દુકાન ની બહાર ઓટલા વગેરે ખડકી દેવાયા હતા, તે તમામ પણ દૂર કરી નાખવામાં આવ્યા હતા, અને સમગ્ર વિસ્તારને ખુલ્લો કરાવ્યો હતો.

છેલ્લા ત્રણ દિવસથી જામનગર મહાનગરપાલિકાને એસ્ટેટ શાખાની ટીમ ઉપરોક્ત વિસ્તારમાં ફરતી રહી હતી, અને દબાણ કરનારાઓ સામે કડક હાથે કામ લીધું હતું. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન 30 થી વધુ રેકડી- કેબીનો વગેરે કબજે કરીને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવી છે, તેમજ પથારા વાળાઓને પણ સ્પષ્ટ સૂચના આપી દેવાઇ છે. જેના કારણે ઉપરોક્ત વિસ્તાર દબાણ મુક્ત બન્યો છે.

છેલ્લા ચાર દિવસની વહીવટી તંત્રની કવાયત આખરે રંગ લાવી છે અને દરબારગઢ થી બર્ધન ચોક અને ત્યાંથી છેક માંડવી ટાવર સુધીનો સમગ્ર રસ્તો ખુલ્લો જોવા મળ્યો હતો, અને આજે ઉપરોક્ત વિસ્તારમાં લોકોને અવરજવર માટેની કોઈ પણ પ્રકારની મુશ્કેલી થઈ ન હતી. સીટી બસ પણ આ વિસ્તારમાંથી આરામથી પસાર થઈ શકી હતી. જામનગર મહાનગરપાલિકાના એસ્ટેટ અધિકારી નીતિન દીક્ષિત તેમજ દબાણ હટાવ અધિકારી સુનિલ ભાનુશાળી અને યુવરાજસિંહ ઝાલાની રાહબરી હેઠળ ની ટુકડી બર્ધન ચોક, શાકમાર્કેટ સહિતના વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરી રહી છે, અને કોઈપણ પ્રકારના રેકડી પથારાના દબાણ ન સર્જાય તેની તકેદારી રાખી રહ્યા છે, અને આજે સંપૂર્ણ રસ્તા દબાણ મુક્ત થયેલા જોઈ શકાય હતા. જેથી રાહદારીઓ વાહન ચાલકો તેમજ સ્થાનિક રહેવાસીઓએ આખરે રાહતનો શ્વાસ લીધો છે.

# પ્રજાસત્તાક દિને સોમનાથ મંદિરે ત્રિરંગાનો શણગાર



(ભાસ્કર વૈદ્ય દ્વારા)
પ્રભાસ-પાટણ, તા.૨૪

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિને ધર્મ-ભક્તિ અને રાષ્ટ્ર ભક્તિના અદભૂત સમન્વય આન-બાન અને શાનથી ઉજવાય છે.

૨૬ જાન્યુઆરીએ સંધ્યાએ સોમનાથ મહાદેવને રાષ્ટ્રધ્વજ ત્રિરંગાનો દિવ્ય શણગાર પ્રતિવર્ષ કરાય છે અને સાંજે થતી મંદિરે રોશનીના કલર આકૃતિમાં રાષ્ટ્રધ્વજના જેવા જ કલરથી રાષ્ટ્રધ્વજની અનુભૂતિ કરાવતી ઈલેકટ્રીક રંગબેરંગી સેડની રોશની કરવામાં આવે છે.

૧૩ નવેમ્બર ૧૯૪૭ ના રોજ તત્કાલીન ભારતના નાયબ વડાપ્રધાન વલ્લભભાઈ પટેલે જીર્ણ સોમનાથ પ્રાચીન મંદિરની મુલાકાત લીધી હતી ત્યારે તે જમાનામાં ફુલના બુકેથી સ્વાગત કરવાનો રીવાજ ન હતો પરંતુ લોકો રાષ્ટ્રધ્વજ લઈને તેમનુ સ્વાગત કરવા આવ્યુ હતુ અને વલ્લભભાઈએ જયારે મંદિર નિર્માણનો દ્રઢ સંકલ્પ કર્યો ત્યારે તે સમયે ભગવો ધ્વજ હાજર ન હતો. જેથી ઉત્સાહી જનમેદનીએ સોમનાથના જીર્ણ મંદિરના કાંગરે સ્વાગત માટે લાવેલ રાષ્ટ્રધ્વજને લગાડી ધર્મ-રાષ્ટ્ર ભક્તિ અભિવ્યક્ત કરી હતી.

# વાંકાનેરઃ પરિવારથી વિખુટા પડેલા માનસિક અસ્થિર યુવાનનું પરિવાર સાથે સુખદ મિલન



(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૪:

વાંકાનેર તાલુકા પોલીસે માનસિક અસ્થિર યુવાનનું પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું ઘરેથી કહ્યા વિના નીકળી ગયેલ માનસિક અસ્થિર યુવાનને પરિવારના સભ્યોને સોપી પોલીસે ઉમદા કામગીરી કરી છે વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન કણકોટ ગામ રેલ્વે સ્ટેશન રોડ પરથી એક અસ્થિર મગજનો યુવાન અજય રાજુભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) રહે રાજકોટ રણછોડદાસ આશ્રમ પાસે ચામુંડા સોસાયટી વાળો મળી આવ્યો હતો યુવાન માનસિક અસ્થિર હોવાથી ઘરે કોઈને કહ્યા વિના નીકળી ગયો હતો જેથી વાંકાનેર તાલુકા પોલીસ ટીમે પરિવારનો પત્તો મેળવી માનસિક અસ્થિર યુવાનનું પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું અને પોલીસ પ્રજાનો મિત્ર છે ઉક્તિ સાર્થક કરી હતી

# કબીરવડ રામકથામાં પ્રાથમિક શાળાની દીકરીઓને સાઈકલ ભેટ આપવામાં આવી



(હરેશ જોશી દ્વારા)
કુઢેલી તા.૨૪:

મોરારીબાપુના મુખે ભરૂચ નજીક કબીરવડ ખાતે રામકથા પ્રવાહિત થઈ રહી છે. રામકથામાં તેઓની પ્રેરણા અને કરુણાથી વૈદેહી સાઈકલ શિક્ષા યાત્રા ૧૦૦૮ અભિયાન ચાલી રહ્યું છે. જેના ભાગ રૂપે કથાના યજમાન દ્વારા બાપૂની પ્રેરણાથી શાળાએ દૂરથી શાળામાં અભ્યાસમાં કરવા આવતી, ધોરણ પાંચ થી આઠ ની જરૂરિયાતમંદ કન્યાઓને માનસ કબીરવડ, રામકથા માં મંગલેશ્વર અને શુકલતીર્થની પ્રાથમિક શાળાની દસ કન્યાઓને હીરો કંપનીની સાઈકલ વિતરણ કરેલ. બેટી બચાવો, બેટી ભણાવો સૂત્ર અંતર્ગત આરતી મહિલા વિકાસ સંઘના માધ્યમથી, તલગાજરડાના નિવૃત્ત શિક્ષક જીતેન્દ્ર વાજા નિમિત્ત માત્ર બની સેવા કાર્ય કરી રહ્યાં છે.

# રશિયન ગવર્મેન્ટ ઓફિસિયલ ડેલિગેશનનું રાજકોટમાં આગમન



રાજકોટ તા.૨૪:

થયું તેમને આવકારતા પૂર્વ ગવર્નર શ્રી વજુભાઈ વાળા અને રશિયન સરકારના ફાયનાન્સ ઇન્ડસ્ટ્રી હેલ્થ અને એડમીન ડિપાર્ટમેન્ટ ના લોકોએ વજુભાઈ વાળાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી અને દીર્ઘ આયુષ્ય માટે રશિયન ભાષામાં જન્મદિવસની શુભકામના નું ગીત પણ ગાયું લગ્ન રિસોર્ટ ખાતે પધારેલા રશિયન ડેલિકેટ શ્રી વજુભાઈ વાળા સાહેબને મળી ગુજરાતની વિવિધ માહિતી ની ચર્ચા કરી અને ગુજરાતની પ્રગતિ અને ઇન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ ના કામો વિશેની માહિતી મેળવી ખૂબ જ પ્રભાવિત થયા હતા આ તકે ડો.રોહિત ..ડો.કાશ્મીરા અને રાજકોટ ના ઓફિશિયલ ડેલિકેટ શ્રી તેજસ ભટ્ટી.. અને ઇન્ડસ્ટ્રી..આરોગ્ય..વગેરે વિભાગ ના લોકો હાજર રહ્યા હતા.અને આજે રાજકોટના વિવિધ ઇન્ડસ્ટ્રીઓની મુલાકાત પણ કરી હતી. જ્યોતિ સીએનસી.. વેલ્ડોર એન્જિનિયરિંગ સહિત અનેક ઇન્ડસ્ટ્રી ની મુલાકાત કરી હતી અને પોતાના દેશ માં જરૂરી મશીનરી માટે ચર્ચા કરી હતી.

# આણંદના ખંભાતમાં ગેરકાયદે માદક પદાર્થ બનાવતી ફેકટરી પર એટીએસનો દરોડો

**આણંદ,તા.૨૪: ગુજરાત એટીએસને માહિતી મળી હતી કે આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના નેજા ગામમાં આવેલી ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝમાં કેટલાક શખ્સો ગેરકાયદે માદક પદાર્થ અલ્પ્રાઝોલમ બનાવીને અજય જૈન નામના શખ્સને વેચે છે.**

**આ માહિતીને આધારે ગુજરાત એટીએસની ટીમે નેજા ગામમાં આવેલી ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝ પર દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે ૧૦ રૂ. ૧૦૭ કરોડની કિંમતનો ૧૦૭ કિલો અલ્પ્રાઝોલમ તથા ૨૫૧૮ કિલો બીજો કેમિકલનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે અહીંથી રણજીત ડાભી, વિજય મકવાણા, હેમંત પટેલ, લાલજી મકવાણા અને જયદીપ મકવાણાની ધરપકડ કરી હતી. તમામ આરોપીઓ ખંભાતના રહેવાસી છે.**

**પોલીસે અલ્પ્રાઝોલમ બનાવવા માટે અજય જૈન તરફથી મેળવેલ રૂ. ૩૦ લાખ પણ આરોપી રણજીત ડાભી પાસેથી કબજે કરાયા હતા. આરોપી રણજીત ડાભી સટ્યમ ટ્રેડર્સ નામની ટ્રેડીંગ કંપની ચલાવે છે. વિજય મકવાણા અને હેમંત પટેલ કેમિકલની ડિગ્રી ધરાવે છે. બન્ને અગાઉ ક્રિષાંક ફાર્મા, ખંભાક ખાતે નોકરી કરતા હતા. જેમાં લાલજી મકવાણા અને જયદીપ મકવાણા કામ કરતા હકતા. આરોપીઓની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે ગેરકાયદેસર અલ્પ્રાઝોલમ બનાવીને અજય જૈન નામના શખ્સને વેચાણ કરતા હતા. અજય અગાઉ પણ ગેરકાયદે અલ્પ્રાઝોલમના કેસમાં પકડાયો હતો. આ ગુના એનસીબી અને સીબીએન(સેન્ટ્રલ નાર્કોટિક્સ બ્યુરો) ખાતે નોંધાયા હતા.**

# ઉપલેટા શહેરના દ્વારકાધીશ વિસ્તારમાં આવેલા વોકળામાં દબાણની ફરિયાદ



(આશિષ લાલકિયા દ્વારા)
ઉપલેટા તા.૨૪:

ઉપલેટા શહેરના વોર્ડ નંબર-૨ માં આવેલ દ્વારકાધીશ સોસાયટી વિસ્તારમાં આવેલા વોકળામાં છેલ્લા ઘણા સમયથી એપાર્ટમેન્ટ પાસે વોકળાની અંદર દબાણ ઊભુ કરવામાં આવી રહ્યો હોવાની અનેક ફરિયાદો સામે આવી છે જેમાં આ દબાણ સંપૂર્ણ ખડકાઈ જશે તો દ્વારકાધીશ સોસાયટી વિસ્તારમાં આવેલા વોકળાની અંદર કચરો ફસાશે અને ગંદકી અને દબાણનું સામ્રાજ્ય ઊભું થઈ શકે તેવી પણ સંભાવનાઓ અને શક્યતાઓ સામે આવી રહી છે.

આ દબાણ ઉપર કામગીરી કરવાની જગ્યાએ ઉપલેટા નગરપાલિકા દેખાતી ન હોય કે તેમને દેખાતું ન હોય કે જોવાની તસ્દી ન લેતુ હોય તેને લઈને રોષ ફેલાયો છે કારણ કે, સૌ કોઈ લોકોને દેખાતી દબાણની કામગીરી ઉપલેટા નગરપાલિકા કચેરીની આંખે કેમ નથી દેખાતી તે માટે નગરપાલિકાએ ચશ્મા પહેરીને અથવા તો નિયમ અનુસાર તેમને મેન્ટેન કરવામાં આવતી ડાયરીમાં નોંધ ન કરવામાં આવતી હોવાની બાબતોને લઈને દબાણ તારો બેફામ બની રહ્યા હોય તેવું સામે આવી રહ્યું છે.

ઉપલેટા શહેરના દ્વારકાધીશ સોસાયટી વિસ્તારમાં આવેલ દ્વારકેશ એપાર્ટમેન્ટની સામે વોકળાની અંદર છેલ્લા ઘણા સમયથી મોટા કોલમ બીમ ઊભા કરી દબાણ ઊભો કરવામાં આવી રહ્યું હોવાની સ્થાનિકોમાં ફરિયાદો ઉઠી છે ત્યારે આ ફરિયાદોને લઈને માજી સુધરાઈ સભ્યોના ઘેરાવ કરવામાં આવ્યા હતા અને માજી સુધરા સભ્ય સહિતનાઓને સાથે રાખી સ્થાનિક લોકો ઉપલેટા નગરપાલિકા કચેરીના મુખ્ય અધિકારીની કચેરીને અને તેમના અધિકારીને ઉગ્ર રજૂઆત કરવા તેમજ તેમનો ઘેરાવ કરવા અને દબાણો દૂર કરવા માટેની મોટી કામગીરી કરતી કચેરીને આવા દબાણો કેમ નથી દેખાતા તેવા મુદ્દાને લઈને ઘેરાવ કરવા માટે આવતા દિવસોની અંદર રજૂઆત કરશે અને સાથે જ ઉપલેટા નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા આંખ આડા કાન કરવાની આ જ પરિસ્થિતિ અને આ જ નીતિ કદાચ આવતી ચૂંટણીમાં મતદાન સમયે ઉમેદવારોને પણ નડશે અને સાથે જ અધિકારીને પણ તકલીફ કરાવે તેવી સંભાવનાઓ સામે આવી શકે છે જે ચૂંટણી પર ગંભીર અસર કરવાની પૂરેપૂરી શક્યતા અને સંભાવના છે.

# માહિમ અને બાંદ્રા વચ્ચેના પુલના પુનઃનિર્માણ કાર્યને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થનારી કેટલીક ટ્રેનો પ્રભાવિત

રાજકોટ તા.૨૪:

પશ્ચિમ રેલ્વે દ્વારા માહિમ અને બાંદ્રા સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૨૦ ના દક્ષિણ એબટમેન્ટ ના પુનર્નિર્માણ કાર્યને ધ્યાનમાં રાખીને ૨૪/૨૫ જાન્યુઆરી ૨૦૨૫ અને ૨૫/૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ની મધ્યરાત્રિએ મુખ્ય બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોક ના લીધે રાજકોટ ડિવિઝન માં થી પસાર થનારી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. વિગતો નીચે મુજબ છે રદ થનારી ટ્રેનો:૧) ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલ - હાપા દુરંતો એક્સપ્રેસ રદ રહેશે.૨. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ રદ રહેશે.

શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનો:૧) ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલી ખાતે શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.૨) ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ ની ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ બોરીવલીથી શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

શોર્ટ ઓરીજીનેટ થનારી ટ્રેનો:૧) ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલીથી શોર્ટ ઓરીજીનેટ થશે અને દાદર અને બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રીશિડ્યૂલ/રેગ્યુલેટ થનારી ટ્રેનો :૧) ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ ૪૫-૫૦ મિનિટ રેગ્યુલેટ થશે.

# સિમેન્સ ઈન્ડિયાએ IMTEX ૨૦૨૫ પર MACHINUMનું અનાવરણ કર્યું

## સિમેન્સનો હેતુ માર્કેટ સમયને ૨૦% સુધી સુધારવાનો અને ઊર્જા વપરાશને ૧૮% સુધી ઘટાડવાનો છે

રાજકોટ તા.૨૪:

સિમેન્સ ઈન્ડિયાએ ૨૦૨૫ પર ભારતીય મશીન ટૂલ ઉદ્યોગની ગતિ, ચપળતા અને ટકાઉપણાને વેગ આપવા માટે રચાયેલ ગ્રાઉન્ડબ્રેકિંગ ડિજિટલાઇઝેશન પોર્ટફોલિયો લોન્ચ કરવાની જાહેરાત કરી. માં સેટઅપ સમય ૨૦% સુધી અને સાયકલ સમય અને ઊર્જા વપરાશ ૧૮% સુધી ઘટાડવાની ક્ષમતા છે.

સ્થાનિક અને નિકાસ બજારોમાં સેવા આપતા હાઇ-એન્ડ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ દ્વારા ભારતમાં વધેલા રોકાણ સાથે, ભારતીય મશીન ટૂલ માર્કેટ આ વૃદ્ધિને ટેકો આપવા માટે અદ્યતન તકનીકો અપનાવવા દ્વારા સંચાલિત નોંધપાત્ર ડિજિટલ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. અત્યાધુનિક મશીન ટૂલ્સની માંગને ઉચ્ચ ચોકસાઈ, કસ્ટમાઇઝેશન અને ઉત્પાદન પ્રક્રિયાઓમાં તકનીકીના એકીકરણની જરૂરિયાત દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે.

સિમેન્સ મોશન કંટ્રોલ, ડિજિટલ ઇન્ડસ્ટ્રીઝ, સિમેન્સ ના અચિમ પેલ્ત્ઝ, ‘‘સમગ્ર મૂલ્ય શૃંખલામાં સંકલિત ઉપાયો ધરાવતા ટેક્નેલોજી ખેલાડીઓમાંના એક તરીકે, અમારા મુખ્ય ધ્યાન ક્ષેત્રોમાંનું એક ડિજિટલાઇઝેશનના ઝડપી સ્વીકારને સમર્થન આપવાનું અને સહ-નિર્માણ દ્વારા ઉદ્યોગને મૂલ્ય શૃંખલામાં આગળ વધવામાં મદદ કરવાનું છે.’’ પોર્ટફોલિયોના લોન્ચ સાથે, અમે ભારતમાં મશીન ટૂલ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમના ટકાઉ, ડિજિટલ અને ભવિષ્યના સુરક્ષતિ પરિવર્તનને આકાર આપી રહ્યા છીએ.’’

સિમેન્સ એક્સલરેટરનો એક અભિન્ન ભાગ છે, જે ઓપન ડિજિટલ બિઝનેસ પ્લેટફોર્મ છે જેમાં સૉફ્ટવેર અને -સક્ષમ હાર્ડવેરનો પોર્ટફોલિયો, ભાગીદારોની ઇકોસિસ્ટમ અને માર્કેટપ્લેસ શામેલ છે. સાથે, મશીન ટૂલ ઉદ્યોગની કંપનીઓ ઉત્પાદન અને ડિઝાઇન બંનેમાં ડિજિટલ પરિવર્તનને સરળ, ઝડપી અને સ્કેલેબલ બનાવી શકે છે.

# અમૂલ દૂધના જુદી જુદી ત્રણ પ્રોડક્ટસના ભાવમાં ઘટાડો




**આણંદ, તા. ૨૪**

**નવા વર્ષની શરૂઆતમાં અમુલે ગુજરાતની પ્રજાને આનંદના સમાચાર આપ્યા હતા. અમૂલ દૂધના જુદી જુદી ત્રણ પ્રોડક્ટસના ભાવમાં ઘટાડો થયો છે. અમુલ દૂધના ૧ લીટરના પાઉચના ભાવમાં એક રૂપિયાનો ઘટાડો થયો છે. અમુલ ગોલ્ડ, તાજા અને ટી સ્પેશિયલના એક લીટર પાઉચના ભાવમાં ઘટાડો કરાયો છે. ત્યારે અમૂલે કઈ પ્રોડક્ટમાં કેટલા રૂપિયા ઓછા કર્યા અને હેવથી કેટલા રૂપિયા ઓછા ચૂકવવા પડશે તે જાણી લો.**

**અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૬ રૂપિયા, અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૫ રૂપિયા. અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૨ રૂપિયા, અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૧ રૂપિયા.**

**અમુલ તાજા ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૫૪ રૂપિયા, અમુલ તાજા ૧ લીટર પાઉચનો નવો ભાવ ૫૩ રૂપિયા.**

**અમુલ દ્વારા છેલ્લા કેટલાક સમયથી દૂધના ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. ત્યારે દૂધના ભાવ વધારા બાદ પ્રથમ વાર ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. નવા વર્ષની શરૂઆતમાં નાગરિકોને મોંઘવારી સામે રાહત આપતા સમાચાર છે. આમ અમૂલે પહેલીવાર ભાવ વધાર્યા પછી ઘટાડો જાહેર કર્યો છે. પરિપત્ર અનુસાર ડિસ્ટ્રીબ્યુર્સ તથા રિટેલર્સ માર્જીન યથાવત રહેશે.**

**ગુજરાતમાં અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લિટર ૧ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જેનાથી ગ્રાહકોને રાહત મળશે. આ ફેરફાર તાત્કાલિક લાગુ કરવામાં આવ્યો છે અને ગ્રાહકો હવે ઓછા ભાવે અમૂલ દૂધ ખરીદી શકશે. ગ્રાહકોને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. અમૂલના આ નિર્ણયથી ગ્રાહકોને રાહત મળશે. દૂધના વધતા ભાવથી થોડી રાહત મળશે.**

# "ઈમર્જન્સી" ફિલ્મના વિરોધમાં યુકેમાં ખાલિસ્તાનીઓએ હંગામો મચાવ્યો

લંડન,તા.૨૪

કંગના રનૌતની ફિલ્મ "ઈમર્જન્સી" ના વિરોધમાં ખાલિસ્તાનીઓએ બ્રિટનના સિનેમા હોલમાં તોડફોડ મચાવી દીધી છે. આનાથી ફિલ્મના પ્રદર્શનમાં અવરોધ આવ્યો છે. કંગના રનૌતની ફિલ્મ 'ઈમર્જન્સી'ના સ્ક્રીનિંગ દરમિયાન ઉત્તર-પશ્ચિમ લંડનમાં તેમના મતવિસ્તારના લોકોને "નકાબધારી ખાલિસ્તાની આતંકવાદીઓ" દ્વારા ધમકી આપવામાં આવ્યા બાદ વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટીના એક સાંસદે ગૃહ સચિવને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે.

બોબ બ્લેકમેને હાઉસ ઓફ કોમન્સ (બ્રિટિશ સંસદનું નીચલું ગૃહ) ને જણાવ્યું હતું કે "અત્યંત વિવાદાસ્પદ" ફિલ્મનું સ્ક્રીનિંગ વોલ્વરહેમ્પ્ટન, બર્મિંગહામ, સ્લો, સ્ટેઈન્સ અને માન્ચેસ્ટરમાં પણ આવી જ રીતે ખોરવાઈ ગયું હતું. પરિણામે, વ્યુ અને સિનેવર્લ્ડે યુકેમાં તેમના ઘણા સિનેમાઘરોમાંથી ફિલ્મ દૂર કરવાનો નિર્ણય લીધો છે. યુકેમાં વ્યુ અને સિનેવર્લ્ડ સંખ્યાબંધ સિનેમાઘરો ચલાવે છે. "રવિવારે મારા મતવિસ્તારના ઘણા લોકોએ હેરો વ્યૂ સિનેમામાં 'ઈમર્જન્સી' ફિલ્મ જોવા માટે ટિકિટ ખરીદી હતી," બ્લેકમેને સંસદમાં જણાવ્યું. ફિલ્મનું પ્રદર્શન શરૂ થયાના લગભગ ૩૦ કે ૪૦ મિનિટ પછી, માસ્ક પહેરેલા ખાલિસ્તાની આતંકવાદીઓ ઘૂસી ગયા, દર્શકોને ડરાવી દીધા અને બળજબરીથી ફિલ્મ બંધ કરી દીધી.

# સંન્યાસી મમતા કુલકર્ણી મહાકુંભમાં રુદ્રાક્ષ પહેરેલી જોવા મળી

મુંબઈ,તા.૨૪

૯૦ના દાયકાની સૌથી પ્રખ્યાત અભિનેત્રી, મમતા કુલકર્ણી સંન્યાસી બની ગઈ છે. તેમણે ફિલ્મ ઉદ્યોગ છોડી દીધો છે અને ધર્મનો માર્ગ અપનાવ્યો છે. મમતા કુલકર્ણી તાજેતરમાં પ્રયાગરાજ મહાકુંભમાં પહોંચી હતી જ્યાં તેમણે સન્યાસની દીક્ષા લીધી હતી. આ સમય દરમિયાન તે સાધ્વીના રૂપમાં પ્રગટ થઈ. ગળામાં રુદ્રાક્ષ અને ખભા પર બેગ પહેરેલી, તે કિન્નર અખાડામાં કેસરી રંગના પહેરવેશમાં જોવા મળી હતી. ખરેખર, કિન્નર અખાડામાં અભિનેત્રીને મહામંડલેશ્વરનું બિરુદ આપવામાં આવી રહ્યું છે, અભિનેત્રીના રાજ્યાભિષેકનો સમારોહ આજે સાંજે કરવામાં આવશે. તેમણે અખાડાના આચાર્ય મહામંડલેશ્વર ડૉ. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને પણ મળ્યા અને તેમના





આશીર્વાદ લીધા. મમતા કુલકર્ણી હવે શ્રી માઈ મમતા નંદ ગિરિ તરીકે ઓળખાશે.

મમતા કુલકર્ણી ઉર્ફે મમતા નંદ ગિરીએ પણ સંગમ નદીના કિનારે પોતાના હાથે પિંડદાન કર્યું હતું. મમતાનો રાજ્યાભિષેક સમારોહ સાંજે થવાનો છે. અભિનેત્રી મમતા આજથી એક નવા નામથી ઓળખાશે. મમતા કુલકર્ણી હવે શ્રી માઈ મમતા નંદ ગિરિ તરીકે ઓળખાશે. તમને જણાવી દઈએ કે અખાડાના આચાર્ય ડૉ. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ મમતા કુલકર્ણીને દીક્ષા આપી છે. અભિનેત્રીએ તાજેતરમાં મહાકુંભમાં કિન્નર અખાડાના તેના કેટલાક ફોટા અને વીડિયો પણ પોસ્ટ કર્યા છે. અભિનેત્રીના બોલિવૂડમાં પાછા ફરવાના સમાચાર હતા.

# કે.કે.વી. ઓવરબ્રીજ નીચે ગેમઝોનના વિરોધમાં કોંગ્રેસનો આજે ઘંટારવ કાર્યક્રમ

રાજકોટ, તા.૨૪

કાલાવડ રોડ ઉપરના કેકેવી ઓવરબ્રિજ નીચે ગેમઝોન બનાવવા સામે કોંગ્રેસે સખ્ત વિરોધ વ્યકત કર્યો છે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીની યાદીમાં જણાવ્યા મુજબ કાલાવડ રોડ પર બ્રિજ નીચે જોખમી ગેમઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે મ્યુનિ.કમિશનરને આવેદનપત્ર સુપ્રત કર્યા બાદ આ અંગે કોઈ જાતનો પ્રત્યુતર ન મળતા અને પ્રોજેક્ટ રદ કરવા અંગેની કોઈ જાહેરાત કરવામાં ન આવતા રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ પ્રોજેક્ટ રદ કરવાના આંદોલનના શ્રીગણેશ કરશે. જેમાં પ્રથમ તબક્કામાં ગેમઝોનની આજુબાજુમાં રહેવાસીઓ અને વેપારીઓ અને આ રસ્તા પરથી અવર-જવર કરતા રાજકોટ શહેરનીજનો પાસેથી ગેમઝોન અંગેના અભિપ્રાય મેળવવામાં આવશે. અભિપ્રાયો મેળવ્યા બાદ તબક્કાવાર ગેમઝોનનો પ્રોજેક્ટ રદ કરાવવાના આંદોલનમાં ધરણા, ઘંટારવ કાર્યક્રમ રાખવામાં આવશે.

કોંગ્રેસના તમામ આગેવાનો અને કાર્યકર મિત્રો, શહેરના જાગૃત નાગરિકોએ ૨૫/૧, શનિવારે સવારે ૧૦:૧૫ કલાકે કાલાવડ રોડ ખાતે પરિમલ સ્કૂલ પાસેના ગેઈટ પાસે ઉપસ્થિત રહેવા શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદીમાં જણાવાયુ છે.

# રસિયન ડેલીગેશન સાથેના સેમીનાર માટે યુનિ.દ્વારા ડો.યશવંત ગોસ્વામી-જયદીપ સખીયાની નિયુક્તિ

રાજકોટ, તા.૨૪

ઈન્ટરનેશનલ વર્લ્ડ ગ્રુપ ફેસ્ટીવલનુ આયોજન ઓટોનોમસ નોન પ્રોફીટ ઓર્ગેનાઈજેશન મૌસ્કો(રસિયા) દ્વારા આગામી મે-જૂનમાં વિવિધ સમર કેમ્પનુ આયોજન થનાર છે. ત્યારે રશિયાનુ એક ડેલીગેશન ભારતની મુલાકાતે આવી રહયું છે. આ ડેલીગેશનના સાત સભ્યો આગામી તા.૩ ફેબ્રુ.ના રોજ રાજકોટ આવી રાજકોટની વિવિધ કોલેજોના એનએસએસના સીલેકટેડ વોલંટીયર્સ સાથે યુથ પ્રતિભા અને યુથ ઈન્ટીગ્રેસન વિવિધ પર કણસાગરા મહિલા કોલેજ ખાતે ૩ ફેબ્રુ. સવારે ૬ થી ૧૨ માર્ગદર્શન આપશે. આ બાબતે સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા એનએનએસ પ્રોગ્રામ ઓફીસર પ્રો.ડો.યશવંત ગોસ્વામી અને વર્ષ ૨૦૨૪ માં બે વખત રસિયા નિમંત્રિત થયેલ જયદીપ સખીયાની કો.ઓર્ડીનેટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. એમના માર્ગદર્શન હેઠળ રાજકોટની કોલેજના વિશેષ પ્રતિભાવ એનએસએસ વોલંટીયર્સ અને વિદ્યાર્થીને તાલીમ મળતા વિદ્યાર્થી અવસ્થામાં જ વર્લ્ડ યુથ ફેસ્ટીવલમાં જવાની અમુલ્ય તક પ્રાપ્ત થશે. ડો.ગોસ્વામી અને જયદીપ સખીયા જણાવે છે કે અત્યાર સુધી દર વર્ષે ગુજરાતના સુરત, વડોદરા, અમદાવાદ, ગાંધીનગરના યુવા વિદ્યાર્થીઓને જ આ અમુલ્ય તક મળી છે. પરંતુ આ વર્ષે સૌરાષ્ટ્રનુ પણ પ્રતિનિધિત્વ ઈન્ટરનેશનલ સ્તરે થાય એ માટે વિદ્યાર્થીઓએ ખાસ તાલીમ આપવામાં આવશે.

# ઓખા મંડળના નવીમઢી ગામે સસ્તા અનાજની દુકાને હલકી ગુણવતાની સામગ્ર અપાતી હોવાનો આક્ષેપ



(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૪

દેવભૂમી દ્વારકા જીલ્લાના ઓખા મંડળમાં સસ્તા અનાજના અમુક પરવાનેદારની ઘણી ઘણી ફરીયાદો ઉઠવા છતા તંત્ર કાર્યવાહી કરતુ ના હોય આવા તત્વો બેફામ બનતા જાય છે. હાલમાં જ ઓખા મંડળના નવીમઢી ગામે અખાદ્ય તુવેરદાળનો મામલો બહાર આવ્યો છે ત્યારે આ અંગે દ્વારકાના મામલતદાર કાર્યવાહી કરશે કે પછી પ્રકરણ અભેરાઈએ ચડાવી નાખશે? તેવી ચર્ચા થાય છે. ઓખા મંડળના નવીમઢી મુકામે સસ્તા અનાજના પરવાનેદાર દ્વારા હલકી ગુણવતાવાળી તુવેરદાળ આપવામાં આવે છે તેવો વીડીયો વાયરલ થતા લગત અધિકારીના મોઢા કદાચ ઢીલા પડી ગયા હશે. આ પરવાનેદારે એક કીલોના ૫૦ રૂપિયાના ભાવે બટકાવ્યાનુ પણ બહાર આવેલ છે અનેક લાભાર્થીઓ પાસેથી ફરજીયાત રૂપિયા લઈને અખાદ્ય તુવેરદાર આપવામાં આવ્યાનો પણ આક્ષેપ થયો છે. ઓખા મંડળના કુરંગા ગામના એક જાગૃત નાગરીકિ વીડીયો બનાવીને મામલાનો પર્દાફાશ કર્યો છે. હવે જોવાનુ એ રહે છે કે લગત અધિકારી જાગે છે કે પોઢતા જ રહેશે?

# ભાણવડમાં પિતા સામે પુત્ર દ્વારા લેન્ડગ્રેબિંગની ફરીયાદ

(વિજય ધ્રુણા દ્વારા)મીઠાપુર, તા.૨૪:દેવભૂમી દ્વારકા જીલ્લાના ભાણવડમાં પુત્ર દ્વારા જ તેના પિતા સામે લેન્ડગ્રેબીંગની ફરીયાદ કરતા ચકચાર જાગી છે. પોતાના પિતા પર સ્ત્રી સાથે ઐયાસી કરતા હોવાનો ધડાકો પણ પુત્ર દ્વારા કરવામાં આવેલ છે. રસીક ખાણધરે જીલ્લા કલેકટર સમક્ષ લેન્ડગ્રેબીંગની ફરીયાદ નોંધવા અરજી કરેલી છે જેમાં તેણે પોતાના પિતા રસીક વીરજીભાઈ દ્વારા ભાણવડમાં જમીન દબાણ કરીને બંગલો બનાવ્યો ઉપરાંત ત્રણ વિઘા જેટલી જમીન દબાવી તેમજ ગેરેજ અને બગીચો બનાવેલ છે. ઉપરાંત પોતાના પિતા અન્ય સ્ત્રી સાથે આ બંગલામાં વિકેન્ડ માણતા હોવાનુ પણ જણાવેલ છે. આવી લેન્ડગ્રેબિંગની અરજથી ખળભળાટ મચી ગયો છે.

# ૧ ફેબ્રુ.ની પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા સુપરફાસ્ટ ટ્રેન ડાયવર્ટ રૂટ પર દોડશે

રાજકોટ તા.૨૪:

ઉત્તર પશ્ચિમ રેલવેના જયપુર ડિવિઝનમાં એન્જિનિયરિંગના કાર્ય માટે લેવામાં આવેલા બ્લોકને કારણે ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા એકસપ્રેસ ૦૧.૦૨.૨૦૨૫ ના રોજ ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચાલશે. ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા સુપરફાસ્ટ તેના નિર્ધારિત માર્ગ મારવાડ જંકશન-અજમેર-જયપુર જંકશન-અલવર-રેવાડી જંકશન ના બદલે બદલાયેલ રૂટ મારવાડ જંકશન-જોધપુર જંકશન-ડેગાના જંકશન-સાદુલપુર જંકશન-રેવાડી જંકશન થઈને ચાલશે. નોંધનીય છેકે, મુસાફરોની સુવિધા માટે રૂટ ફેરફાર દરમિયાન, ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ચાલતી ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા સુપરફાસ્ટને પાલી મારવાડ, જોધપુર જંક્શન, મેડ઼તા રોડ જંક્શન, ડેગાના જંક્શન, લાડનૂ, રતનગઢ જંકશન, ચુરૂ જંક્શન, સાદુલપુર જંકશન અને લોહારૂ જંકશન સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.

# જામકંડોરણાના સનાળા ગામે કૂવામાંથી અજગરનુ રેસ્કયૂ કરાયુ



(મનસુખ બાલધા દ્વારા)

જામકંડોરણા તા.૨૪:

જામકંડોરણા તાલુકાના સનાળા ગામે જગદીશભાઈ બેચરભાઈ ગુજરાતીના ખેતરમાં અંદાજે ૩૦ ફુટ ઊંડા કૂવામાં અજગર હોવાની જાણ ખેતરના માલિકે જામકંડોરણા વન વિભાગને કરતાં આર. એફ. ઓ. એન. ટી. પંડ્યા, ફોરેસ્ટ ગામે જે. આર. જોગરાજીયા, હનીફભાઈ ઓડીયા, હર્ષદસિંહ જાડેજા, વાઘજીભાઈ સોલંકી સહિતની ફોરેસ્ટ વિભાગની ટીમે સ્થળે પહોંચી કૂવામાંથી ૬ થી ૭ ફુટ લંબાઈના ૭ કિલો વજનના અજગરનુ રેસ્કયૂ કરી પડવામાં આવ્યો હતો

# નળ સરોવર પક્ષી અભ્યારણમાં તા ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ જળાશયના પક્ષીઓની પ્રાથમિક ગણતરી હાથ ધરાશે

ગાંધીનગર,તા.૨૪

નળ સરોવર પક્ષી અભ્યારણમાં તા ૨૫ અને ૨૬ જાન્યુઆરી' ૨૦૨૫ના રોજ જળાશયના પક્ષીઓની પ્રાથમિક ગણતરી હાથ ધરાનાર છે. અંદાજે ૧૦૦ જેટલા પક્ષીવિદો, તજજ્ઞો અને સ્વયંસેવકો ૪૬ ઝોન પાડીને પ્રાથમિક પક્ષી ગણતરીમાં જોડાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈકોલોજિકલ ઝોન સહિત કુલ ૧૨૦.૮૨ સ્ક્વેર કિ.મી વિસ્તારમાં પક્ષી ગણતરી કરાશે.

વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ની કલમ-૨૮ તથા ૩૩ થી મળેલ સત્તાથી આ બે દિવસ દરમિયાન નળ સરોવર પક્ષી અભ્યારણમાં પ્રવાસીઓ માટે ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન, ગુજરાત રાજય દ્વારા જહેરનામાથી પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. આ બે દિવસ દરમિયાન પક્ષીઓને તથા પક્ષી ગણતરીની કામગીરીમાં ખલેલ ન પહોંચે તે માટે સ્થાનિક વન વિભાગને સંપૂર્ણ સહયોગ આપવા અગ્ર મુખ્ય વન સંરક્ષક ડો. જયપાલસિંહ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

# વેરાવળ-પાટણ પાલિકાના પ્રમુખ પલ્લવી જાનીનો આજે જન્મદિવસ

પ્રભાસ-પાટણ, તા.૨૪

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના પ્રમુખ પલ્લવી જાનીનો આજે તા.૨૫ જાન્યુઆરી જન્મદિવસ છે.

પ્રજા પ્રશ્નોમાં સક્રિય રહેવુ અને વિકાસના કામોથી વેરાવળ-પાટણની પ્રજાને સુવિધાઓ મળે અને સમસ્યાઓ નિવારવા પ્રયત્નશીલ અને સંયુક્ત નગરપાલિકામાં પ્રભાસના



પ્રથમ મહિલા પ્રમુખને તેઓના જન્મદિને ઠેર-ઠેરથી અભિનંદન શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# આજે ધારાસભ્ય ઉદય કાનગડનો જન્મદિવસ

## ૫૦૦ દર્દીઓના મોતીયાના વિનામૂલ્યે ઓપરેશન

રાજકોટ, તા.૨૪:તા.૨૫ જાન્યુઆરીના રોજ વિધાનસભા-૬૮ ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડનો જન્મદિવસ છે. આ નિમિતે તેઓ સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ યોજશે. ધારાસભ્ય તરીકિના બે વર્ષમાં આ વિસ્તારમાં તેઓ લોકો માટે ૨૪ કલાક ઉપલબ્ધ રહ્યા છે.



શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડે.મેયર વલ્લભભાઈ દુધાત્રા, જનસેવા કાર્યાલયના મનસુખ પીપળીયાએ જણાવ્યું છે. બે વર્ષમાં ૬૦ હજાર લોકોએ કાર્યાલયની સેવાઓનો લાભ લીધો છે. શનિવારે સાંજે ૫ કલાકે રણછોડદાસબાપુ હોસ્પિટલ, કુવાડવા રોડ ખાતે આધુનિક ફેકો મશીન દ્વારા આંખના મોતીયાના ફ્રી ઓપરેશન નેત્રમણી કરાશે. જેનો ૫૦૦ લોકો લાભ લેશે. ઉપરાંત કિસાન મોરચા દ્વારા સ્લમના બાળકોને નાસ્તા વિતરણ, બક્ષીપંચ મોરચા દ્વારા એકરંગ સંસ્થાના બાળકોને ભોજન, મહિલા મોરચા દ્વારા આંગણવાડીના બાળકોને નાસ્તો વિતરણ, યુવા મોરચા દ્વારા હિના ફાઉન્ડેશનના દિવ્યાંગ અને અનાથ બાળકોને ભોજન કરાવવામાં આવશે. આ રીતે જન્મદિવસને સેવાનો અવસર બનાવવાની પ્રેરણા ધારાસભ્ય પૂરી પાડી રહ્યા છે.

### ડિવોર્સ સુધી પહોંચી વાત

# લગ્નના ૨૦ વર્ષ પછી અલગ થશે વીરેન્દ્ર સહેવાગ અને આરતી

મુંબઈ, તા. ૨૪

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ દિગ્ગજ ખેલાડી વીરેન્દ્ર સેહવાગ સાથે સંબંધિત એક ખૂબ જ ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. એવા અહેવાલો છે કે વીરેન્દ્ર સેહવાગ ૨૦ વર્ષના લગ્નજીવન પછી તેની પત્ની આરતી અહલાવતથી અલગ થઈ રહ્યા છે. ૨૦૦૪થી લગ્નમાં બંધાયેલા સેહવાગ અને આરતીએ એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધા છે. આવી સ્થિતિમાં, તેમના સંબંધોમાં તિરાડ પડવાના સમાચાર સામે આવી રહ્યા છે.

પરિવારના નજીકના સૂત્રોનું કહેવું છે કે બંને ઘણા મહિનાઓથી અલગ રહી રહ્યા છે અને છૂટાછેડાની શક્યતા છે. પોતાની ધમાકેદાર બેટિંગ માટે પ્રખ્યાત વીરેન્દ્ર સેહવાગે વર્ષ ૨૦૦૪ માં લગ્ન કર્યા. તેમને બે બાળકો છે. આર્યવીર સેહવાગનો જન્મ ૨૦૦૭ માં થયો હતો અને વેદાંત સેહવાગનો જન્મ ૨૦૧૦માં થયો હતો. આ બંને બાળકો હવે ટીનેજર છે, પરંતુ તેમના માતાપિતાના અલગ થવાના અહેવાલો છે.

જો તમે ઈન્સ્ટાગ્રામ પર વીરેન્દ્ર સેહવાગને ફોલો કરો છો, તો તમે જોયું જ હશે કે વીરેન્દ્ર સેહવાગે દિવાળી ૨૦૨૪ પર પોતાના પરિવારનો છેલ્લો ફોટો પોસ્ટ કર્યો હતો. તે તસવીરોમાં સેહવાગ ઉપરાંત તેનો પુત્ર અને માતા જોવા મળ્યા હતા, પરંતુ તેની પત્ની આરતી અહલાવત જોવા મળી ન હતી. આવી સ્થિતિમાં, એ સમજી શકાય છે કે આ દંપતીનું લગ્નજીવન તૂટવાના આરે છે.

સેહવાગે પણ આ બાબતે મૌન જાળવી રાખ્યું છે. આવી સ્થિતિમાં, આરતી અને સેહવાગના અલગ થવાની અફવાઓને વધુ બળ મળ્યું છે. બે અઠવાડિયા પહેલા,



વીરેન્દ્ર સેહવાગે પલક્કડમાં વિશ્વ નાગાયક્ષી મંદિરની મુલાકાત લીધી હતી. તેણે તેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા. જોકે, આરતી પણ તેમાં ક્યાંય દેખાઈ ન હતી. આ તેમના સંબંધોમાં તિરાડનો પણ સંકેત આપે છે. આ અંગે સેહવાગ કે આરતી અહલાવત દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

### પાકિસ્તાનને બખ્ખાં!

# ICCએ જાહેર કરી ODI ઓફ ધ યર ટીમ, એકપણ ભારતીય ખેલાડીને સ્થાન નહીં

## ટીમની કમાન શ્રીલંકાના ચરિથ અસલંકાને સોંપવામાં આવી

દુબઈ, તા.૨૪

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ મેન્સ ODI ટીમ ઓફ ધ યર ૨૦૨૪ની જાહેરાત કરી છે. આ ટીમમાં ટીમ ઈન્ડિયાનો કોઈ ખેલાડી પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યો નથી. આ સિવાય ટીમની કમાન શ્રીલંકાના ચરિથ અસલંકાને સોંપવામાં આવી છે. આ ટીમમાં સૌથી વધુ ત્રણ દેશોના મહત્તમ ખેલાડીઓએ પોતાની જગ્યા બનાવી છે.

મેન્સ વનડે ટીમ ઓફ ધ યર ૨૦૨૪માં અફઘાનિસ્તાનના ૩, પાકિસ્તાનના ૩, શ્રીલંકાના ૪ અને વેસ્ટ ઈન્ડિઝના એક ખેલાડીને સ્થાન મળ્યું છે.

શ્રીલંકાના ચરિથ અસલંકા, કુસલ મેન્ડિસ, પથુમ નિસંકા અને વાનિન્દુ હસરગાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે પાકિસ્તાન તરફથી સામ અયુબ, શાહીન આફ્રિદી અને હારિસ રઉફને તક મળી છે. અફઘાનિસ્તાન તરફથી રહેમાનુલ્લા ગુરબાઝ, અઝમતુલ્લા ઉમરઝાઈ અને ગઝનફરને સ્થાન મળ્યું છે. વેસ્ટ ઈન્ડિઝના શેરફેન રધરફોર્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ICCની મેન્સ વનડે ટીમ ઓફ ધ યર ૨૦૨૪માં ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ જેવી ટીમોના કોઈપણ ખેલાડીને ચાન્સ મળ્યો નથી. ટીમ ઈન્ડિયાએ વર્ષ ૨૦૨૪માં માત્ર એક જ ODI સિરીઝ રમી હતી. ભારતે આ સિરીઝ શ્રીલંકા સામે રમી હતી, જેમાં ટીમ ઈન્ડિયાને હારનો સામનો કરવો પડ્યો હતો.

**ICC મેન્સ વનડે ટીમ ઓફ ધ યર ૨૦૨૪ :** ચરિથ અસલંકા (કેપ્ટન), કુશલ મેન્ડિસ, પથુમ નિસંકા, વાનિન્દુ હસરગા, સેમ અયુબ, શાહીન આફ્રિદી, હારિસ રઉફ, રહેમાનુલ્લા ગુરબાઝ, અઝમતુલ્લા ઉમરઝાઈ, ગઝનફર, શેરફેન રધરફોર્ડ.

# જનસેવાના કાર્યો સાથે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે ઉજવ્યો જન્મદિવસ

રાજકોટ, તા.૨૪

ધારાસભ્ય ડો.દર્શિતા શાહનો જન્મદિવસ તેઓ દ્વારા જનસેવાના કાર્યો સાથે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધારાસભ્ય દર્શિતાબેન શાહ દ્વારા જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ક્રાઈસ્ટ કોલેજ તથા મદદનીશ નિયામક રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત મેગા જોબ ફેર રાખેલ જેમાં ૧૦૦૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો.

વિધાનસભા-૬૯ માં રહેતા વડીલો માટે વયવંદના આયુષ્યમાન કાર્ડ અંતર્ગત ૭૦ લોકોના કેમ્પ કરેલ જેમાં બહોળી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

રાજ્ય સરકાર દ્વારા સતત કોઈ બાળક કુપોષિત ન રહે તે બાબતે લક્ષમાં લેવામાં આવે છે. તેમજ

જે અંતર્ગત યોજનાઓ પણ અમલમાં મુકવામાં આવેલ છે. આવા જે હેતુસર વિધાનસભા-૬૯ માં



આંગણવાડીના કુપોષિત ૧૦૦ બાળકોને કીટ વિતરણ કાર્યક્રમ પણ કર્યો હતો.

ભારતમાં ટીબી નાબુદ થાય તે અંતર્ગત જુદાજુદા ટીબીના દર્દીને ટી.બી. લગત કીટ વિતરણ કાર્યક્રમ પણ વોર્ડ નં.૯ માં આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ તેમજ ટીબીના ૫૦૦ દર્દીઓને પણ ધારાસભ્ય દ્વારા કીટ વિતરણ કરવામાં આવેલ. નારી સંરક્ષણગૃહ ખાતે ઘરેલું હિંસાનો ભોગ બનેલી બહેનો-દીકરીઓ માટે સ્વરોજગારની તાલીમનો કેમ્પ રાખવામાં આવેલ.

બ્લડ ડોનેશન પ્રત્યે લોકો વધુને વધુ જાગૃતા દાખવે અને દર્દીઓ માટે બ્લડની અછત ઉભી ન થાય તે ધ્યાને લઈ વોર્ડ નં.૨ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલ. તેમજ આ કેમ્પમાં લોકો અંગદાન તથા ચક્ષુદાન પ્રત્યે વધુને વધુ જાગૃત થાય જે અનુલક્ષી દર્શિતાબેન દ્વારા પોતાના જન્મદિવસ જનકલ્યાણ સાર્વજનિક ચેરીટિબલ ટ્રસ્ટના માધ્યમથી પોતે પણ અંગદાન તથા ચક્ષુદાનનો સંકલ્પ કરેલ છે.

# સોમનાથ મહાદેવને માથું ટેકવતા કલકતાના કાવડધારીઓ



(મીનાક્ષી ભાસ્કર વૈધ દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૨૪

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે બમ..બમ..ભોલે..ના..નાદ સાથે કલકત્તાના ૧૧ કાવડધારી શિવયાત્રિકો પદયાત્રા સાથે સોમનાથ પહોચ્યા હતા. પદયાત્રી-કાવડધારી યાત્રિકોમાં પ્રકાશ, વિકાસ, વિજય, રાહુલ, શુશીલ, વિક્રમ અને અર્પીતનો સમાવેશ થાય છે. તેઓ યાત્રા દરમ્યાન ૨૫ થી ૩૦ કિલોમીટર ચાલે છે. પ્રત્યેક જાન્યુઆરી માસમાં જુદાજુદા જ્યોર્તિલીંગો આવરી લેવાતા હોય છે.

આ શિવભકતો સાથે ત્રણ કાવડ ધનુષ આકારના રહેલા છે જેનુ વજન અંદાજે ૬૦ થી ૧૨૦ કિલો જેટલુ છે. આ કાવડ વાંસના બનેલા છે અને જેને પીતળથી મઢવામાં આવેલ છે. કાવડના બે છેડેના જોડાણે ગંગાજળનો કુંભ-ફુલ સુશોભન-કાવડના ઉપલા ભાગે દિપ અને ધૂપ પ્રજવલિત જોગવાઈ આ કાવડ કદી ધરતી ઉપર નથી રખાતુ જયાં રોકાણ હોય ત્યાં પણ જમીનથી અદ્ધર ટાંગવામાં આવે છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** કૃષ્ણકુમાર અમૃતલાલ ગણાત્રા, (ઉ.વ.૭૬) તે સ્વ.અમૃતલાલ દેવચંદભાઈ ગણાત્રા, મોરબીવાળાના પુત્ર તથા પલકબેન (પુષ્પાબેન)ના પતિ અને શિવમભાઈ ગણાત્રાના પિતા તથા ટંકારાવાળા સ્વ.વિઠ્ઠલદાસ બી.જોબનપુત્રાના જમાઈનું તા.૨૩ ને ગુરૂવારે અવસાન થયેલ છે.સદગતનું ઉઠમણું (બંને પક્ષનું) તા.૨૫ શનિવારે સાંજે ૫ વાગ્યે તેમના નિવાસસ્થાને લોટસ રેસીડેન્સી, આગમન હોસ્પિટલની સામે, ન્યુ.એરા સ્કુલની બાજુમાં, લીંબુડીવાડી, રૈયા રોડ પાસે રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**મોરબી:** પુરીબેન લાખાભાઈ જારીયા (ઉ.વ.૬૫) તે લાખાભાઈ મગનભાઈ જારીયા (પૂર્વ પ્રમુખ, મોરબી નગરપાલિકા, પૂર્વ પ્રમુખ મોરબી શહેર ભાજપ) ના પત્ની તેમજ અશ્વિનભાઈ લાખાભાઈ જારીયા અને ભુપતભાઈ લાખાભાઈ જારીયાના માતા તથા કાનજીભાઈ મગનભાઈ જારીયાના ભાભી તેમજ યશ અને ધ્રુવના દાદીમાંનું તા. ૨૪ ના રોજ અવસાન થયું છે સદગતનું બેસણું તા. ૨૭ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે શ્રી રવેશી કૃપા, શેરી નં ૦૪, એવન્યુ પાર્ક, રવાપર રોડ મોરબી ખાતે રાખેલ છે

### ચુકાદા સાથે જ રાજ્ય સરકારની મોટી જીત

# ભાષાકીય-ધાર્મિક લઘુમતી શાળાઓની રિટ ફગાવાઈ

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૨૦૨૧ અન્વયે ભાષાકીય અને ધાર્મિક લઘુમતી શાળાઓમાં શિક્ષક અને આચાર્યની ભરતી માટે કેન્દ્રિય પ્રક્રિયા અપનાવવા માટે કરાયેલા સુધારાને પડકારતી રિટ પિટિશન હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે ગુરુવારે ખુલ્લી અદાલતમાં ચુકાદો જાહેર કરતાં કહ્યું હતું કે,'આ મામલે કરવામાં આવેલી તમામ રિટ પિટિશનો રદબાતલ કરવામાં આવે છે.' આ ચુકાદા સાથે જ રાજ્ય સરકારની મોટી જીત થઈ છે. આ કેસમાં સુનાવણી દરમિયાન અરજદારોએ દલીલ કરી હતી કે તેઓ સુધારાને પડકારી રહ્યા છે કારણ કે તે બંધારણની કલમ ૩૦ હેઠળના તેમના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. જે લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને સંચાલનના અધિકારથી સંબંધિત છે. રાજ્ય શિક્ષકો માટે લાયકાત નિર્ધારિત કરતા નિયમો બનાવી શકે છે પરંતુ જ્યાં સુધી ભરતીનો સંબંધ છે તે મામલે 'લઘુમતી સંસ્થાનો સંપૂર્ણ અધિકાર' છે. અલબત્ત ભરતી પામનારા ઉમેદવારો યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિઓ હોવા જોઈએ.' કાયદામાં સુધારા પછી રાજ્ય સરકાર દ્વારા લઘુમતી શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની પસંદગીને લગતા કેટલાક નિયમો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આ નિયમોને પણ અરજદારોએ રિટ પિટિશનમાં પડકાર્યા હતા.બીજી તરફ રાજ્ય સરકારે દલીલ કરી હતી કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદામાં થયેલા સુધારાઓ લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓના પોતાને સંચાલિત કરવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરતા નથી, પરંતુ સરકારનો આ સુધારા થકી 'મેરિટ આધારિત પસંદગી માટે ન્યાયી અને પારદર્શક પ્રક્રિયા' સુનિશ્ચિત કરવાનો હેતુ છે. આ તમામ શાળાઓને સેલેરી અને મેઈન્ટેનન્સ ગ્રાન્ટ આપવામાં આવે છે. કાયદા હેઠળના નિયમો મેનેજમેન્ટ કમિટીની રચનાના અધિકાર સાથે ચેડાં કરતા નથી અને કલમ ૩૦ હેઠળ લઘુમતીઓનો શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો મૂળભૂત અધિકાર સંપૂર્ણ નથી, પરંતુ વાજબી નિયમોને આધીન જ એ થઈ શકે છે.'રાજ્ય વિધાનસભાએ માર્ચ ૨૦૨૧માં આ કાયદો પસાર કર્યો હતો જે તે જ વર્ષે જૂનમાં અમલી બન્યો હતો.

# મોરબીઃ કારમાંથી ૬૬૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપાયો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૪:

ટીંબડી ગામની સીમમાં કારમાંથી પોલીસે ૬૬૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી લઈને દેશી દારૂ, કાર અને મોબાઈલ સહીત ૪.૯૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે પોલીસને જોઈને કાર ચાલક નાસી ગયો હતો જેથી મોરબી તાલુકા પોલીસે વધુ તપાસ ચલાવી છે



મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ટીંબડી ગામની સીમમાં પાટીદાર ટાઉનશીપ સામે પોલીસને જોઈને સ્વીફ્ટ કાર જીજે ૩૬ એએલ ૫૩૦૦ નો ચાલક નાસી ગયો હતો જે કારની પોલીસે તપાસ કરતા દેશી દારૂ ૬૬૦ લીટર મળી આવ્યો હતો જેથી પોલીસે ૧.૩૨ લાખનો દેશી દારૂ, ૩.૫૦ લાખની કાર અને મોબાઈલ કીમત રૂ ૧૦ હજાર સહીત કુલ રૂ ૪,૯૨,૦૦૦ નો મુદામાલ જપ્ત કરી ફરાર કારચાલકને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

# જામનગરઃ મયુર ટાઉનશીપમાં રૂ.૫ કરોડના કોમન પ્લોટમાં દબાણ કરનાર ધર્મેશ રાણપરીયાની ધરપકડ

## બાજુમાં આવેલ પોતાના મકાનમાંથી ગેરકાયદે વીજ લાઈનનો પણ દુરુપયોગ કર્યો, અનેક સીસીટીવી કેમેરાઓ પણ લગાવ્યા

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૪:

જામનગરના રણજીતસાગર રોડ પર આવેલી એક સોસાયટી સ્થિત કોમન પ્લોટમાં ગેરકાયદે દબાણ કરી ને ઓફીસ, સંડાસ-બાથરૂમ, શેડ સહિત નું બાંધકામ કરી લઇ ને પાંચ કરોડ થી વધુ કિંમત ની જમીન પચાવી પાડવા અંગે જામનગરના એડવોકેટ કિરીટ જોશી ની હત્યા કેસમાં સંડોવાયેલા અને લંડનમાં જેલવાસ ભોગવી રહેલા જયેશ પટેલ ના ભાઈ ધર્મેશ મુળજીભાઈ રાણપરીયા સામે વધુ એક લેન્ડ ગ્રેબીંગ અંગેની ગઈકાલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી, જે કેસમાં ગઈકાલે રાત્રે તેની ધરપકડ કરી લેવામાં આવી છે અને વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે .

આ પ્રકરણમાં ઉપરોક્ત સોસાયટીમાં જ રહેતા જગદીશભાઈ રમેશભાઈ રામોલિયા દ્વારા જામનગર જિલ્લા કલેકટરને અરજી કરવામાં આવી હતી અને લેન્ડ ગ્રેબિંગ સમિતિ સમક્ષ મામલો પહોંચ્યા પછી સમિતિએ કરેલી તપાસ નાં અંતે પોલીસ ફરિયાદ નોંધાવવા સૂચના અપાઈ હતી. જેના પગલે ગઈકાલે સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ધર્મેશ મુળજીભાઈ રાણપરીયા સામે વિધિવત ગુન્હો દાખલ કરાયા પછી તેની ધરપકડ કરાઈ છે.

જામનગરના પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં પણ થોડા સમય પહેલાં તેની સામે ધાકધમકી આપી એક કારખાનેદારની મશીનરી વેચી નાખવા સહિતનો ગુનો દાખલ કરાયો હતો, જે કેસમાં તેની ધરપકડ કરી લેવામાં આવી હતી, અને ત્યાંથી જામીન પર મુક્ત થયા પછી સીટી એ. ડિવિઝન પોલીસે તેની ધરપકડ કરી છે, અને રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રકરણમાં સીટી ડીવાયએસપી જે.એન. ઝાલા દ્વારા સુપરવિઝન કરવામાં આવી રહ્યું છે, અને તેઓની સમગ્ર દેખરેખ હેઠળ આગળની તપાસ ચલાવવામાં આવી રહી છે. ઉપરોક્ત ફરિયાદના અનુસંધાને પોલીસની ટુકડી બનાવના સ્થળે પહોંચી હતી, જે દરમિયાન સોસાયટીની કોમન પ્લોટ ની જગ્યા કે જેના ઉપર ધર્મેશ રાણપરીયા એ દબાણ કરી લીધું હતું. પોતાનું મકાન બાજુમાં જ આવેલું હોવાથી તેને અડીને કોમન પ્લોટની જગ્યામાં ફરતે સાત ફૂટ ઊંચી દીવાલ બનાવી લીધી હતી, અને એલ આકારનો કોમન પ્લોટ હોવાથી તેમાં બંને સ્થળે દરવાજા અને બારી મૂકી દીધા હતા. અને પોતાના તાળા મારીને તેમાંથી પ્રવેશ મેળવવાનો રસ્તો બનાવ્યો હતો.

ત્યારબાદ અંદર બે મોટા શેડ ઉભા કરી લેવામાં આવ્યા હતા, જે શેડમાં પોતે અલગ અલગ સામાન રાખી રહ્યા છે. જ્યારે અંદર એક ઓફિસ ટાઈપ નો બેઠક રૂમ બનાવ્યો હતો, જેમાં વૈભવી સુવિધાઓ રાખવામાં આવી છે. જેની અંદર ટીવી ફ્રીજ એસી સહિતના તમામ ઇલેકટ્રોનિક ઉપકરણો પણ લગાવાયેલા છે. સાથો સાથ અત્યાધુનિક ટોયલેટ બાથરૂમ પણ બનાવી દેવાયા છે.

જ્યારે આસપાસના વિસ્તારમાં આવનારા લોકોની તમામ જાણકારી મળી રહે તે માટે એકી સાથે આઠથી દસ સીસીટીવી કેમેરાઓ પણ લગાડેલા હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

# મોરબીઃ વ્યાજ સહીત મૂડી ચૂકવ્યા છતાં બે ઇસમોએ ઉઘરાણી કરી ધમકી આપી

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૪:

લક્ષ્મીનગર ગામના ગેટ પાસે આવેલ વાણંદની દુકાનમાં બે ઇસમોએ વ્યાજના નાણાની ઉઘરાણી કરી હતી આધેડે લીધેલ રકમ વ્યાજ સહીત ચૂકવ્યા છતાં એક ઇસમેં દુકાને આવી તેમજ અન્ય ફોનમાં ધમકી આપી ઉઘરાણી કર્યાની ફરિયાદ નોંધાવી છે

મોરબીના પંચાસર રોડ પર શ્યામ સોસાયટી ૨ માં રહેતા કમલેશભાઈ ઉર્ફે મહેશભાઈ મનુભાઈ માંડવીયા (ઉ.વ.૪૬) નામના આધેડે આરોપીઓ હર્ષદ અમરશીભાઈ લીખીયા રહે ઉમા ટાઉનશીપ મોરબી અને લાલભાઈ રહે મહેન્દ્રનગર ચોકડી મોરબી એમ બે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૨ થી આજદિન સુધી દરમીયાન ફરિયાદી કમલેશભાઈને મકાન ખરીદવામાં નાણાની જરૂરિયાત હોવાથી આરોપી હર્ષદભાઈ પાસેથી માસિક ૩ ટકા લેખે રૂ ૩ લાખ વ્યાજે લીધા હતા જેમાંથી રૂપિયા ૩,૪૫,૦૦૦ મૂડી તથા વ્યાજના પાછા અપાય હતા છતાં આરોપી હર્ષદ લક્ષ્મીનગર ગામના ગેટ પાસે અક્ષર પ્લાઝમા ૩ એમ હેર સ્ટાઈલ નામની દુકાનમાં બોલાવી ઉઘરાણી કરી તેમજ રૂ ૧૦.૨૪ લાખ અને વ્યાજના રૂપિયા આપવાનું બાકી લીસ્ટ ફોનમાં વોટ્સએપમાં મોકલ્યું હતું અન્ય આરોપી લાલાભાઈએ ફોન કરી વ્યાજે આપેલ રૂપિયાની બળજબરીથી ઉઘરાણી કરી ધમકી આપી હતી મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે

# વાંકાનેરઃ વાડીની ઓરડીમાં જુગારધામ પર દરોડો, ૯.૭૧ લાખનો મુદામાલ જપ્ત

## ચાર આરોપી ઝડપાયા, પાંચ ઈસમો ફરાર

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૪:

કોટડાનાયાણી ગામની સીમમાં આવેલ વાડીની ઓરડીમાં જુગારધામ ધમધમતું હતું જ્યાં પોલીસે રેડ કરી ચાર જુગારીને ઝડપી લઈને પોલીસે ૫ વાહનો અને રોકડ સહીત કુલ રૂ ૯.૭૧ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન કોટડાનાયાણી ગામે રહેતા પરાક્રમસિંહ હાલુભા જાડેજાની ગામની સીમમાં આવેલ વાડીની ઓરડીમાં બહારથી માણસો બોલાવી જુગાર અખાડો ચલાવતો હોવાની બાતમી બાતમી મળતા ટીમે રેડ કરી હતી જ્યાં જુગાર રમતા પરાક્રમસિંહ હાલુભા જાડેજા, ફૈજલ આરીફ ગલેરીયા, ડાડામિયા મહેમદમિયા પીરજાદા, નૈમિષ ધીરેન્દ્રભાઈ માણેક એમ ચારને ઝડપી લઈને રોકડ રૂ ૬૮૧૦, પાંચ વાહન કીમત રૂ ૯,૬૫,૦૦૦ અને અલગ અલગ કલરના ટોકન નંગ ૧૭૪ સહીત કુલ રૂ ૯,૭૧,૮૧૦ નો મુદામાલ જપ્ત કર્યો છે. રેડ દરમિયાન આરોપી વિપુલ ઉર્ફે જાંબુ રહે રાજકોટ, જાવીદ મેમણ રહે રાજકોટ ભાવનગર રોડ, ભટ્ટુભાઈ ઉર્ફે કાકા ઇકો કાર વાળા તેમજ વિપુલ ઉર્ફે જાંબુ સાથે આવેલ બે અજાણ્યા ઈસમો એમ પાંચ આરોપીઓ નાસી ગયા હતા જેથી પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે

# રાજકોટઃ દુષ્કર્મના ગુનામાં આરોપીની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ

## સગીરાનુ અપહરણ કરી યુવરાજ વાળાએ હવશનો શિકાર બનાવી હતી

રાજકોટ તા.૨૪:

રાજકોટમાં ભક્તિનગર સોસાયટી પાસેથી સગીરાનુ અપહરણ કરી લેવાના બે માસ પહેલાના બનાવમાં પકડાયેલા કોઠારીયા કોલોનીના શખસની જામીન અરજી અદાલત દ્વારા નામંજૂર કરવામાં આવી છે.આ અંગેની હકીકત મુજબ,ગત તારીખ ૨૫-૧૧-૨૦૨૪ના રોજ ભક્તિનગર સોસાયટી પાસે આવેલ પૂજારા પ્લોટ મેઇન રોડ ઉપરથી સગીરાનું અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આરોપી યુવરાજ ઉર્ફે રાજભા મનુભા વાળા (રહે. કોઠારીયા કોલોની કોઠારીયા મેન રોડ રાજકોટ)ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. દરમિયાપ આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા આરોપી સામે અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ, ચાર્જશીટ થયા બાદ જેલમાંથી આરોપીએ જામીન ઉપર છૂટવા પોકસો અદાલતમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહીને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે, આરોપી ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી જઇ તેના ઉપર દુષ્કર્મ આચરેલ છે, આવા ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં એ રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ વી. એ. રાણાએ આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# પડધરીના ફતેપર ગામે યુવકની હત્યામાં બે શખ્સ જામીન મુક્ત

## આડા સંબંધની શંકાએ યુવાનને ચાર શખ્સોએ ધોકા વડે માર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો

રાજકોટ તા.૨૪:

પડધરી તાલુકાના ફતેપર ગામે આડા સંબંધની શંકાએ આઠ માસ પૂર્વે યુવકની હત્યાના ગુનામાં જેલ વાલે રહેલા ભરત બાળાને સેન્સસ કોર્ટે ભરત બાળા ને અને અશોક બાળાને હાઇકોર્ટે જામીન ઉપર છોડી મૂકવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ પડધરી તાલુકાના ફતેપર ગામે રહેતો અશ્વિન પરસોતમ ગજેરા નામના યુવાનને ગામના અશોક છગન બાળા ,ભરત આયદનભાઈ બાળા સહિત ચાર શખ્સોએ માર મારી મોતને ઘાટ ઉતાર્યા અંગેની મૃતક તપાસ માટે અશ્વિનભાઈ ના માતા રમાબેન પરસોતમભાઈ પરમારે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અશોક બાળા અને ભરત બાળા ની ધરપકડ કરી પ્રાથમિક પૂછપરછ માં આડા સંબંધમાં સંદીપ માંડણ બાળા અને ધાર્મિક મેણંદ બાળા ની મદદથી ધોકા વડે માર મારી મોતને ઘાટ ઉતાર્યાની કબુલાત આપતા જેના આધારે સંદીપ બાળા અને ધાર્મિક બાળા ની ધરપકડ કરી હત્યા,મારામારી અને કાવતરા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ પૂર્ણ થતા ચારે આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યું આરોપીઓ પૈકી ભરત આયદનભાઈ બાળાએ રાજકોટ સેશન્સ અદાલતમાં જામીન અરજી કરેલ હતી.

સેશન્સ અદાલતમાં એવી રજુઆત કરેલી હતી કે આ ગુન્હામાં ગુજરનારને હાલના અરજદારે કોઈ ઈજા પહોંચાડેલ નથી . ફરીયાદ એકજ સમાજના બધા સભ્યોને ખોટી રીતે સંડોવી દેવા આપવામાં આવેલ છે . ૫-દીવસ મોડી ફરીયાદ કરવામાં આવેલ છે તેમજ મરણ જનાર જયારે હોસ્પીટલમાં દાખલ થયેલ ત્યારે પણ કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે કોઈ વિરૂધ્ધ ફરીયાદ કરવામાં આવેલ નથી. બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો ધ્યાને લઈ સેશન્સ અદાલત ધ્વારા ભરત બાળાને જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ હતો.

બાદ અશોક બાળાએ સેશન્સ અદાલતમાં જામીન અરજી રદ કરતા હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરેલી જે જામીન અરજી અનુસંધાને એવી રજુઆત કરવામાં આવેલ હતી કે આરોપી બનાવ સ્થળે હાજર હોય તેવો કોઈ પુરાવો ચાર્જશીટ જોતા જણાય આવતો નથી બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો ધ્યાને લઈ હાઈકોર્ટ ધ્વારા અશોક બાળાને શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલો હતો. આ કામમાં આરોપીઓ વતી ગુજરાત હાઈકોર્ટમાં વિરાટભાઈ પોપટ તથા રાજકોટના યુવા એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, જયવિર બારૈયા, મીલન જોષી, દીપ વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, સાગરસિંહ પરમાર તથા જયપાલસિંહ સોલંકી એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# રાજકોટઃ દોઢ લાખના દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

## એસએમસીએ દરોડો પાડી ૧૦૪ બોટલ દારૂ, વાહન અને ત્રણ મોબાઈલ મળી રૂા.૭.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટ તા.૨૪:

રાજકોટ શહેરના ગ્રીનલેન્ડ ચોકડી થી મોરબી હાઇવે તરફ આવેલી રેસીડેન્સી બસ સ્ટોપ પાસેથી આઇસર માંથી રૂપિયા ૧.૫૫ લાખની કિંમતની ૧૦૪ બોટલ દારૂ સાથે વાહન માલિક સહિત બે શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૭.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. વધુ વિગત મુજબ એસએમસી ના પી.એસ.આઇ એસ.વી ગળચર સહિતના સ્ટાફ રાજકોટ શહેરમાં પેટ્રોલિંગ માતા ત્યારે કુવાડવા રોડ પર આવેલ એલપી પાર્ક શેરી નંબર ૨ માં રહેતા મનીષ પ્રભાત હેરમા નામના શખ્સ આઇસરમાં વિદેશી દારૂ ભરીને આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે ગ્રીનલેન્ડ ચોકડી નજીક શિવધારા રેસીડેન્સી બસ સ્ટોપ પાસે વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરના આઇસર ને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૧.૫૫ લાખની કિંમતના ૧૦૪ બોટલ દારૂ સાથે મનીષ હેરમા અને બેડીપરા નજીક રહેતો કલ્પેશ કનુ સહિત બંને શખ્સોની ધરપકડ કરી વાહન દારૂ અને મોબાઈલ મળી રૂપિયા ૭.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# બોટાદના રાણપુર ગામની સીમમાંથી એસએમસીએ જુગારધામ ઝડપ્યું

## રોકડ, વાહન અને મોબાઈલ મળી રૂ ૧૭.૩૩ લાખના મુદ્દામાલ સાથે ૯ ઝડપાયા, ૧૫ નાસી ગયા

બોટાદ તા.૨૪:

બોટાદ જિલ્લાના રાણપુર ગામની સીમમાં એસ એમ સી ની ટીમે જુગારનો દરોડો પાડી ૯ શખ્સોને રોકડ, વાહન અને મોબાઇલ મળી રૂ. ૧૭.૩૩ લાખનો મુદ્દામાલ કર્યો કબજે. દરોડા દરમ્યાન ૧૫ શખ્સો નાસી જતા શોધખોળ હાથ ધરી છે. પોલીસ સૂત્ર પાસેથી માટે માહિતી મુજબ બોટાદના રાણપુર ગામની સીમમાં આવેલા સીએનજી ના પેટ્રોલ પંપ પાસે આવેલા પડતર ખેતરમાં જુગાર રમતો હોવાની બાદમી સ્ટેટ મોનિટરિંગ સેલની તેમને મળી હતી. એસ એમ સી ની ટીમે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી જુગારનો દરોડો પાડી , જુગાર રમતા રાહુલ મહેન્દ્રભાઈ ચૌહાણ, વિરજીભાઈ જીવરાજભાઈ ચુડાસમા, ફિરોજભાઈ અલીભાઈ દિવાન, કમલેશ મધુસુદન પટણી, જુસબ અહેમદભાઈ જીવાણી, રાજુભાઈ શંકરભાઈ પંડિત, વિજયભાઈ નથુભાઈ ચૌહાણ, રાજુભાઈ ખોડીદાસભાઈ ડાભી અને દલસુખભાઈ દાદરભાઈ પંચાલ નામના શખ્સોને ૨.૧૨ લાખની રોકડ, ૧૪ વાહન અને ૧૦ મોબાઈલ મળી રૂ ૧૭.૩૩ લાખનો મુદ્દામલ એસએમસી પીએસઆઇ વી એ શેખ સહિતના સ્ટાફે કબ્જે કર્યો છે. દરોડા દરમ્યાન ૧૫ શખ્સો નાસી જતા , તેઓની શોધ ખોળ હાથ ધરી છે.

# લોધીકાઃ કાંગસિયાળી ગામે દારૂના દરોડામાં હથિયાર સાથે બુટલેગર ઝડપાયો

## ૧૧૨ બોટલ શરાબ અને તમંચો મળી રૂ. ૭૮ હજારનો મુદ્દામાલ કબજે

## સોલવન્ટમાં રહેતા એમ. પી.ના શખ્સ પાસેથી હથિયાર લાવ્યાની કબુલાત

રાજકોટ તા.૨૪:

લોધિકા તાલુકાના કાંગસિયારી ગામની સીમામાં આવેલી હિલ્ટન એરિસ્ટોન સાઈટ નજીકથી , વિદેશી દારૂની ૧૧૨ બોટલ અને ગેરકાયદે હથિયાર મળી રૂ ૭૮ હજારના મુદ્દામાલ સાથે કાંગસિયાળી ગામના ચિરાગ વલ્લભભાઈ ઘોડાસરા નામના શખ્સની શાપર પોલીસે ઝડપી લીધો છે. હથિયાર અંગે પોલીસે પૂછપરછ કરતા તે રાજકોટમાં સોલવન્ટ માં રહેતા એમપી ના શખ્સ પાસેથી લાવ્યો હોવાની કબુલાત આપી છે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ શાપર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક આવેલી ફિલટોન એરિસ્ટોની સાઇટ નજીક, કાંગસિયાળી ગામે સીમ કલ્પવન એટલાન્ટિસ હાઇટ્સ, ડી ૩૦૨માં રહેતો ચિરાગ વલ્લભભાઈ ઘોડા સરા નામનો શખ્સ વિદેશી દારૂ સાથે ઉભો છે. શાપર પોલીસ કાંગસિયારી ગામની સીમમાં પહોંચી ચિરાગ પાસેથી વિદેશી દારૂની ૧૧૨ બોટલ કબજે કરી છે.ઝડપાયેલો શખ્સ પોલીસથી કંઈક છુપાવતો હોય એવું એવું લાગતા પોલીસે તલાસીલેતા તેની પાસેથી ગેરકાયદે તમંચો મળી આવ્યો હતો. સાપર પીઆઇ આર બી રાણા, હેડ કોન્સ્ટેબલ તુષારસિંહ જાડેજા , ઉપેન્દ્રસિંહ ગોહિલ, મયુરસિંહ જાડેજા અને પિયુષભાઈ અઘેરા સહિતના સ્ટાફે ચિરાગ ઘોડાસરાની રૂ. ૭૮ હજારના મુદ્દામાલ સાથે ચિરાગ ઘોડાસરાની ધરપકડ કરી છે. ચિરાગની પોલીસે હથિયાર અંગે પૂછપરછ કરતા તે તમંચો રાજકોટ સોલવન્ટમાં રહેતો એમપી ના શખ્સ પાસેથી લાવ્યો હોવાની કબુલાત આપી છે. પોલીસ પાસેથી વિશેષ માહિતી મળ્યા મુજબ ચિરાગ ને અગાઉ કારખાનું હતું. વધુ તપાસ માટે પોલીસે રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

### હવે નિર્ણય ગૃહ વિભાગ દ્વારા જ લેવાશે

# કાયદા વિભાગની સત્તામાં ઘટાડો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના કાયદા વિભાગની સત્તામાં ઘટાડો કરાયો હોય તેમ રાજ્યની અલગ અલગ અદાલતોમાં ચાલતા ફોજદારી કેસમાં સરકારી વકીલની સેવા ગૃહ વિભાગ હસ્તક સોંપી દેવાઈ છે. એક મહત્વપૂર્ણ વહીવટી નિર્ણયમાં રાજ્ય સરકારે બુધવારે રાજ્યભરની તમામ અદાલતોમાં ફોજદારી કેસોમાં કાર્યવાહી સંબંધિત તમામ બાબતો રાજ્યના કાનૂની વિભાગથી ગૃહ વિભાગને સોંપી દીધી છે.

આ નિર્ણય સાથે, જિલ્લા અદાલતો અને ગુજરાત હાઈકોર્ટ સહિત તમામ અદાલતોમાં સરકારી વકીલોની સેવાઓનું નિયમન કરવાનું મહત્વપૂર્ણ કાર્ય હવેથી રાજ્યના ગૃહ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવશે. સરકારી વકીલો અને સહાયક/વધારાના સરકારી વકીલોની નિમણૂક ઉપરાંત, ખાસ સરકારી વકીલોની નિમણૂક પણ ગૃહ વિભાગ દ્વારા સંચાલિત કરવામાં આવશે.

આમ ગૃહ વિભાગ, જે મુખ્યત્વે પોલીસ સેવાઓનું સંચાલન કરે છે તે ફોજદારી કેસોમાં કોર્ટ કાર્યવાહીના પાસાંનું પણ સંચાલન કરશે, જેની તપાસ પોલીસ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. એક ઠરાવમાં રાજ્યના કાનૂની વિભાગે જણાવ્યું છે કે તેમને રાજ્ય સરકાર તરફથી આદેશ મળ્યો છે કે કાનૂની વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની બધી શાખાઓ જે અત્યાર સુધી ફોજદારી કાર્યવાહીનું ધ્યાન રાખી રહી છે તેમને રાજ્યના ગૃહ વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેમાં જણાવાયું છે કે જિલ્લાઓમાં ફોજદારી કેસોનું ધ્યાન રાખતી ઈ-૧ શાખા તેને ફાળવવામાં આવેલા વિષયો, રેકોર્ડ, રજિસ્ટ્રાર અને સ્ટાફને રાજ્યના ગૃહ વિભાગને ટ્રાન્સફર કરશે.

તેવી જ રીતે કાનૂની વિભાગમાં બી-શાખા જે ફોજદારી કેસોમાં ચુકાદાઓ સામે દાખલ કરાયેલી અપીલોનું ધ્યાન રાખે છે તે પણ તેના સંસાધનો રાજ્યના ગૃહ વિભાગને ટ્રાન્સફર કરશે. અગાઉ આઈપીસી ની કલમ ૧૮, અને હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS)ની કલમ ૧૮ રાજ્ય સરકારને ફરિયાદીઓની નિમણૂક અને નિયમન કરવાની સત્તા આપે છે.

### અભ્યાસના પુસ્તકોમાંથી મળી આવી સ્યુસાઇડ નોટ

# ક્લાસમેટ સામે શિક્ષિકા સતત અપમાનિત કરતા વિદ્યાર્થીનીએ આપઘાત કરી લીધો

**ભુજ, તા. ૨૪**

**કચ્છ જિલ્લાના રાપર તાલુકાનાં ભીમાસર ગામે થોડા દિવસ અગાઉ એક સગીરાએ કરેલા આપઘાત પાછળ શાળાના શિક્ષિકાની હેરાનગતિ કારણભૂત હોવાનું બાળકીના અભ્યાસના પુસ્તકોમાંથી મળી આવેલી સ્યુસાઇડ નોટ ઉપરથી ખુલાસો થતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ભીમાસર ગામમાં રહેતી અને ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિશ્વા નામની તા.૧૭/૧ના તેણે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ પરિવારજનો દ્વારા તેની અંતિમ વિધિ કરીને દફનાવાઈ હતી. ત્યારબાદ તેનો સામાન ચેક કરતી વેળાએ એક બુકમાં સગીરા દ્વારા આપઘાત કરતા પૂર્વે લખાયેલી સ્યુસાઇડ નોટ મળી આવી હતી.**

**જેમાં સગીરાએ પોતે આ પગલું શાળાની શિક્ષિકા જિજ્ઞાસાબેન દ્વારા હાથ ઉપાડીને વારંવાર માનસિક ત્રાસ અપાતો હોવાથી ભરી લીધું હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. ચિઠ્ઠી મળતાં જ પરિવારજનો દ્વારા સમાજ તેમજ ગામના પંચોને જાણ કરાતા આ બાબતે આડેસર પોલીસ મથકે રજુઆત કરાઈ હતી જેથી સુસાઈડ નોટના આધારે તેમજ પરિવારજનોની માંગને ધ્યાને લઈને સ્મશાન ખાતે સગીરાનો મૃતદેહ બહાર કાઢીને તેને પલાંસવા સીએચસી ખાતે ખસેડાયો હતો. જ્યાંથી વધુ તપાસ માટે મૃતદેહને જામનગર ખાતે પીએમ અર્થે મોકલાવ્યો હતો.**

**સુસાઈડ નોટ સગીરાએ જ લખી છે કે નહીં તેની ખાત્રી માટે સુસાઈડ નોટની ચીઠ્ઠી ચકાસણી માટે લેબમાં મોકલાઈ છે.**

# આટકોટઃ ટેન્કરમાંથી રૂા.૬૧.૪૬ લાખનો વિદેશી દારૂનો જંગી જથ્થો પકડાયો

રાજકોટ તા.૨૪:

જસદણ તાલુકાના પાંચવડા માર્ગ પર સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરિંગ સેલે દીવ તરફથી આવતા ટેન્કરમાંથી ૬૨.૪૬લાખની કિંમતના ૯૩૪૮ બોટલ વિદેશી દારૂના જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.દરોડાની ગંધ આવી જતા નાસી છૂટેલા ડ્રાઇવર કંડકટરની શોધખોળ હાથ ધરી છે. સૌરાષ્ટ્રમાં મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નીલિત રાય ને મળેલી માહિતીના આધારે ડીવાયએસપી કે ટી કામરીયા ના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે દીવ તરફથી ટેન્કરમાં વિદેશી દારૂનો જથ્થો આવી રહ્યા મળેલી બાતમીના આધારે આટકોટ પંથકમાં વોચ ગોઠવી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવતા ટેન્કરને પાંચવડા માર્ગ પર ઉભો હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફ ધસી ગયો હતો. દરોડા દરમિયાન ચાલક અને ક્લીનર નાસી છૂટ્યા હતા. તલાસી લેતા જેમાંથી આશરે રૂપિયા ૬૧.૪૬ લાખની કિંમતની ૯૩૪૮ વિદેશી દારૂ નો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે વાહન અને દારૂ મળી ૮૧.૪૬ મુદ્દામાલ કબ્જે કર્યો છે.